**પૂરઃ** વાવાઝોડા 'યાગી'ને કારણે વિયેતનામમાં સોમવારે પૂરની પરિસ્થિતિ નિર્માણ પામી હતી. ઘરવખરી સાથે પૂરના પાણીમાંથી પસાર થઈ રહેલા સ્થાનિક લોકો. (એજન્સી)

હાનોઈ : તોફન યાગીએ વિયેટનામને ધમરોળી નાખ્યું હતું. એક પુલ અને એક બસ પૂરને લીધે વહી ગયા હતા. પહેલાં વાવાઝોડાના રૂપમાં રહેલા યાગીને લીધે ઉત્તર વિયેટનામમાં વધુ ધોધમાર વરસાદ પડ્યો હતો અને અગ્નિએશિયાના દેશમાં કુલ ૫૯નાં મરણ થયાં હતાં. શનિવારે તોફાન વિયેટનામમાં અથડાયું ત્યારે નવ જણ મરણ પામ્યાં હતાં. આ વાવાઝોડુ પછી હવાના નીચા દબાણના પટ્ટામાં ફેરવાયું હતું. જોકે આ દરમિયાન પડેલા મુસળધાર વરસાદ અને ભૂસ્ખલનને લીધે બીજા ૫૦ જણનાં મોત થયાં હતાં. ઉત્તર વિયેટનામની અનેક નદીઓ ભયજનક સપાટી વટાવી ગઈ હતી. સોમવારે સવારે કાઓબાન્ગ પ્રાંતમાં પર્વતના ભૂસ્ખલનને લીધે એક પેસેન્જર બસ પૂર આવેલા (જુઓ પાનું ૨) ▶▶

## કાનપુરમાં એલપીજી સિલિન્ડર ટ્રેક પર મૂકી

# કાલિંદી એક્સપ્રેસને પાટા પરથી ઉતારવાનું કારસ્તાન

કાનપુરઃ ઉત્તર પ્રદેશમાં પ્રયાગરાજથી ભિવાની તરફ જતી કાલિંદી એક્સપ્રેસને અહીંના શિવરાજપુર વિસ્તારમાં પાટા પર એલપીજી સિલિન્ડર મૂકીને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રવિવારે સવારે ટ્રેન સિલિન્ડર સાથે અથડાઇ અને અચાનક થંભી ગઇ હતી. ટ્રેનની ટક્કર બાદ સિલિન્ડર પાટા પરથી દૂર જઇ પડ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર એલપીજી સિલિન્ડરને પાટા પર મૂકી કાલિંદી એક્સપ્રેસને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે રવિવારે સવારે લગભગ ૮-૨૦ વાગ્યે ઘટનાની માહિતી મળતાં જ વરિષ્ઠ અધિકારીઓ (જુઓ પાનું ૨) ▶▶

# રાજૌરીમાં બે પાક ઘૂસણખોર ઠાર

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુઃ ભારતીય સેનાના જવાનોએ હાથ ધરેલી આતંકવાદ વિરોધી ઝુંબેશ દરમિયાન સોમવારે રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરમાં લામ વિસ્તારમાં બે પાકિસ્તાની ઘૂસણખોરોને ઠાર માર્યા હતા. ગુપ્તચર એજન્સી અને જમ્મુ પોલીસે આપેલી બાતમીને આધારે ભારતીય સેનાએ આઠ અને નવ સપ્ટેમ્બરની મધરાતે લામ વિસ્તારમાં આતંકવાદ વિરોધી અભિયાન આરંભ્યું હતું. ઠાર મરાયેલા આતંકવાદીઓ પાસેથી બે એકે-૪૭, એક પિસ્તોલ, એમ-૪ કાર્બાઈન, વિઝન ડિવાઈસ, આઠ ગ્રેનેડ, સહિત મોટા પ્રમાણમાં વિસ્ફોટકો કબજે કરવામાં આવ્યા હોવાનો સેનાએ દાવો કર્યો હતો. હજુ પણ એ વિસ્તારમાં સર્ચ ઑપરેશન ચાલી રહ્યું છે. ■

સ્વાદ માટે અજોડ
જુની, જાણીતી અને સર્વેની માનીતી
SINCE 1900
લક્ષ્મી સંયુક્ત હિંગ
સર્વત્ર ઉપલબ્ધ
આર. એમ. કાનાણી એન્ડ કં. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 65,520/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

મોટાભાઈ ! ૩૮ વરસનો અનુભવ છે!
હિના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
www.heenatours.in
022-61596900

અજય મોદીનાં લક્ઝરી ટૂર
કાઝીરંગા ૧૩ દિવસ
આસામ-મેઘાલયા
Nov. 1-13-25 | Dec. 7
૪ સ્ટાર હોટલ
પ્રાઈવેટ એ.સી. ઈનોવા
બ્રેકફાસ્ટ-લંચ-ડિનર
સાઈટસીન એન્ટ્રી ફી સાથે
Ex.ગુવાહટી એરપોર્ટ
Kandivali-63596 19321

ESTD. 2014 Freedom
FREEDOMTOURISM.COM
CHAL NEW ZEALAND FARVA JAIYE!
Fly from Anywhere,
SEE YOU AT AUCKLAND
હવે ના કહેશો, ન્યૂઝીલેન્ડ મોંઘુ છે, આપની સીટ આજે જ બુક કરો
AUCKLAND ARRIVAL DATE 15 21 27 OCT | 02 08 14 20 26 NOV | 02 17 DEC | 23 JAN
12N New Zealand Tour Land Package with BF
₹ 1,85,400/- Per Person Twin sharing
Reliable Price, Highest Services
+91 98751 62567
+91 94263 17279
601, Abhishree Avenue, Nehrunagar, Ahmedabad-15.
offices: Auckland • Queenstown • Christchurch • Dunedin

FLAMINGO transworld pvt. ltd.
AUSTRALIA WITH NEW ZEALAND
AUSTRALIA WITH NEW ZELAND
17 NIGHTS | 18 DAYS
25 OCT, 1,5 NOV 2024
Limited Seats Available
Flight Tickets | Veg/Jain Food Available | Premium Hotels | Sight seeings | Visa
Kandivali | Andheri | Kharghar | Ghatkopar | Mulund
www.flamingotravels.co.in +91 78618 82783 | 75065 13304

સમીર શાહ ના સથવારે...
JAPAN 2024
10 NIGHTS - APLINE ROUTE
Date: 5 Nov. (100% CONFIRMED)
Per Adult (Double) = US$ 3500 = ₹2,95,000*
Per Child without Bed = US$ 2000 = ₹1,69,000*
EARLY BIRD OFFER - BEFORE 30 SEP. 2024
BOOK EARLY AND SAVE ON FLIGHT TICKETS.
Excludes: Flight Ticket (Approx ₹80,000), GST, TCS
+91 9769000799
+91 9820026046
Dolphin Tours

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પેરાલિમ્પિક્સમાં ભાગ લેનારા બધા સાચા ફાઈટર

**થોડા** મહિના પહેલાં પેરિસમાં રમાયેલી ઓલિમ્પિક ગેમ્સમાં ભારતીય ખેલાડીઓએ ધારણા પ્રમાણે પ્રદર્શન નહીં કરીને ભારતીયોને નિરાશ કર્યા હતા પણ આપણા દિવ્યાંગ ખેલાડીઓએ જરાય નિરાશ ના કર્યા. પેરિસ પેરાલિમ્પિક્સ-૨૦૨૪માં ૭ ગોલ્ડ સહિત ૨૯ મેડલ જીતીને આપણા દિવ્યાંગ ખેલાડીઓએ ઐતિહાસિક પ્રદર્શન સાથે પોતાની સફર સમાપ્ત કરી અને ભારતીય ખેલ ઈતિહાસમાં સુવર્ણ પ્રકરણ આલેખી દીધું.

રવિવારે રાત્રે સમાપ્ત થયેલી પેરાલિમ્પિક ગેમ્સમાં ભારતે ૭ ગોલ્ડ, ૯ સિલ્વર અને ૧૩ બ્રોન્ઝ મેડલ જીતીને સર્વકાલીન સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. ભારતે શનિવારે છેલ્લા દિવસે ૩ મેડલ જીત્યા. આ ત્રણ મેડલની મદદથી ભારત મેડલ ટેલીમાં ૧૬મા સ્થાને આવી ગયું હતું પણ છેલ્લા દિવસે બીજા દેશોએ જીતેલા મેડલના કારણે ફેરફાર થયો ને ભારત ૧૮મા સ્થાને રહ્યું આ દેખાવ પણ સારો જ છે કેમ કે સ્પોર્ટ્સમાં દુનિયામાં ભારત પહેલા ૫૦ નહીં પણ પહેલા ૧૦૦મા પણ નથી આવતું.

આ પહેલાં ભારતે ૨૦૨૦માં જાપાનના ટોકિયોમાં રમાયેલી પેરાલિમ્પિક ગેમ્સમાં ૫ ગોલ્ડ સહિત ૧૯ મેડલ જીત્યા હતા. પેરિસમાં એ રેકોર્ડ તોડીને આપણા દિવ્યાંગ ખેલાડીઓ વધારાના ૧૦ મેડલ જીતી લાવ્યા. ભારતના જબરદસ્ત પ્રદર્શનનું શ્રેય ખેલાડીઓ અને તેમની પાછળ મહેનત કરનારા તમામ લોકોને જાય છે પણ સૌથી વધારે મહેનત એથ્લેટિક્સના ખેલાડીઓ અને સ્ટાફે કરી એ દેખાય છે. ભારતે જીતેલાં ૨૯ મેડલમાંથી ૨૬ મેડલ તો ત્રણ જ રમતમાં જીત્યા છે.

ભારતે ટોકિયોમાં કુલ ૧૯ મેડલ જીત્યા હતા જ્યારે પેરિસમાં આ વખતે ૧૭ મેડલ એકલા એથ્લેટિક્સમાં જીત્યા છે. એથ્લેટિક્સના ખેલાડીઓએ પેરિસમાં ૪ ગોલ્ડ, ૬ સિલ્વર અને ૭ બ્રોન્ઝ મેડલ જીતીને સપાટો બોલાવી દીધો. ભારતનો દેખાવ બેડમિન્ટનમાં પણ જોરદાર રહ્યો. ભારતે બેડમિંટનમાં ૧ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ સાથે ૫ મેડલ જીત્યા. શૂટિંગમાં ૧ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે. આમ એથ્લેટિક્સ, શૂટિંગ અને બેડમિંટનમાં કુલ મળીને ભારતે ૨૬ મેડલ જીત્યા. મતલબ કે, ભારતે જીતેલા ૯૦ ટકા મેડલ એથ્લેટિક્સ, શૂટિંગ અને બેડમિંટનમાં જ આવ્યા છે.

ભારતે છેલ્લા દિવસે જીતેલા ત્રણેય મેડલ એથ્લેટિક્સમાં જ છે. સામાન્ય રીતે ભારતનો એથ્લેટિક્સમાં પડકાર બહુ પહેલાં સમાપ્ત થઈ જાય છે. પેરિસ પેરાલિમ્પિક્સમાં આપણે છેલ્લા દિવસ લગી મેડલ જીતતા રહ્યા એ જ મોટી વાત છે. છેલ્લા દિવસે ભારતના જેવલિન થ્રોઅર નવદીપે પુરુષોની F41 કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો. ઈરાની એથ્લેટ બીત સયાહ સાદેગને ગેરલાયક ઠેરવાતાં નવદીપને ગોલ્ડ મેડલ મળ્યો. સિમરને વુમન્સ ઝ-૧૨ કેટેગરીમાં ૨૦૦ મીટરની રેસમાં બ્રોન્ઝ મેડલ જીત્યો જ્યારે નાગાલેન્ડનો હોકાટો સેમાએ મેન્સ શોટપુટ એટલે કે ગોળા ફેંકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

બેડમિંટન અને શૂટિંગ પરંપરાગત રીતે ભારતની તાકાત રહી છે. ઓલિમ્પિક અને બીજી ગેમ્સમાં પણ બેડમિંટન અને શૂટિંગમાં ભારત સારો દેખાવ કરે છે પણ એથ્લેટિક્સમાં એટલો સારો દેખાવ નથી હોતો. નીરજ ચોપરા ઓલિમ્પિક્સમાં ભારત તરફથી એથ્લેટિક્સમાં મેડલ જીતનારો એક માત્ર ખેલાડી છે. તેના પરથી જ ભારતમાં એથ્લેટિક્સનું સ્તર શું છે એ ખબર પડી જાય. આ માહોલમાં આપણા દિવ્યાંગ ખેલાડીઓ ૧૭ મેડલ જીત લાવ્યા એ બદલ તેમને સલામ મારવી જોઈએ.

જો કે તેનો અર્થ એ નથી કે આપણા દિવ્યાંગ ખેલાડીઓએ બીજી રમતોમાં સારો દેખાવ કર્યો નથી. પેરિસમાં ભારતને પ્રથમ વખત પેરા તીરંદાજીમાં ગોલ્ડ મેડલ મળ્યો. હરવિંદર સિંહે આ સિદ્ધિ મેળવીને આપણું નામ રોશન કર્યું. રાકેશ કુમાર અને શીતલ દેવીની જોડીએ તીરંદાજીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. જુડોમાં પણ ભારતે પહેલી વખત બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે.

સામાન્ય રીતે પેરાલિમ્પિક્સમાં ભારતીયોને રસ પડતો નથી. તેમાં પણ ઓલિમ્પિક ગેમ્સમાં આપણા સારા દેખાવની આશા ના ફળી પછી લોકોને બહુ રસ નહોતો રહ્યો તેથી મોટા ભાગનાં લોકોને ભારત તરફથી કોણે મેડલ જીત્યા તેમનાં નામ પણ યાદ નથી. દેશને ગૌરવ અપાવનારાં આ લોકોનાં નામ તો યાદ કરવાં જ જોઈએ. ભારતને ૭ ગોલ્ડ મેડલ અવની લેખરા (શૂટિંગ, ૧૦ મીટર એર રાઇફલ સ્ટેન્ડિંગ), નિતેશ કુમાર (બેડમિન્ટન), સુમિત અંતિલ (એથ્લેટિક્સ-, મેન્સ જેવેલિન થ્રો), હરવિંદર સિંહ (તીરંદાજી), ધરમબીર (એથ્લેટિક્સ-, મેન્સ ક્લબ થ્રો), પ્રવીણ કુમાર (એથ્લેટિક્સ-હાઈ જમ્પ) અને નવદીપ સિંહ (એથ્લેટિક્સ, જેવેલિન થ્રો)એ જીતાડ્યા છે.

સિલ્વર મેડલ જીતનારા ભારતીયોમાં મનીષ નરવાલ (શૂટિંગ), નિષાદ કુમાર (એથ્લેટિક્સ-હાઈ જમ્પ), યોગેશ કથુનિયા, (એથ્લેટિક્સ, ડિસ્કસ થ્રો), થુલસિમત મુરુગેસન (બેડમિન્ટન), સુહાસ યથિરાજ (બેડમિન્ટન), અજીત સિંહ (એથ્લેટિક્સ-જેવલિન થ્રો), શરદ કુમાર (એથ્લેટિક્સ- હાઈ જમ્પ), સચિન ખિલારી (એથ્લેટિક્સ- શોટ પુટ) અને પ્રણવ સૂરમા (એથ્લેટિક્સ-, ક્લબ થ્રો)નો સમાવેશ થાય છે.

ભારતીય બ્રોન્ઝ મેડલ વિજેતાઓમાં મોના અગ્રવાલ (શૂટિંગ), પ્રીતિ પાલ (એથ્લેટિક્સ-૧૦૦ મીટર દોડ), રુબીના ફ્રાન્સિસ (શૂટિંગ), પ્રીતિ પાલ (એથ્લેટિક્સ-૨૦૦ મીટર દોડ) મનીષા રામદાસ (બેડમિન્ટન), રાકેશ કુમાર/ શીતલ દેવી (તીરંદાજી), નિત્યા શ્રી શિવાન (બેડમિન્ટન), દીપ્તિ જીવનજી (એથ્લેટિક્સ, ૪૦૦ મીટર), સુંદર સિંહ ગુર્જર (એથ્લેટિક્સ-જેવલીન થ્રો), મરિયપ્પન થંગાવેલુ (એથ્લેટિક્સ, હાઈ જમ્પ), કપિલ પરમાર (જુડો), હોકાટો સેમા (એથ્લેટિક્સ- શોટ પુટ) અને સિમરન સિંહ (એથ્લેટિક્સ-૨૦૦ મીટર દોડ)નો સમાવેશ થાય છે.

આ તમામ ૨૯ મેડલ વિજેતાઓના સંઘર્ષની ૨૯ કહાનીઓ છે અને જે લોકો જીત્યા નથી તેમની પણ પોતાની સંઘર્ષગાથાઓ છે. એ લોકો ભલે મેડલ વિજેતાઓમાં પોતાનાં નામ ના લખાવી શક્યા પણ એ લોકો પણ આપણી સલામના હકદરા છે કેમ કે આ બધા સાચા અર્થમાં ફાઈટર છે કેમ કે શારીરિક અક્ષમતા પર જીત મેળવીને તેમણે આ સિદ્ધિ હાંસલ કરી છે.

ભારતમાં તો સામાન્ય ટેલેન્ટેડ ખેલાડીઓ માટે પણ સ્પોર્ટ્સમાં નામ કમાવી શકાય કે આગળ વધી શકાય એવો માહોલ નથી. સામાન્ય ખેલાડીઓને પૂરતી સવલતો મળતી નથી ત્યારે દિવ્યાંગ ખેલાડીઓને સવલતો મળે એવી તો આશા જ ના રાખી શકાય. આ માહોલમાં એ લોકો પોતાના રમતના ઝનૂનને વળગી રહ્યા અને આંતરરાષ્ટ્રીય સ્તરે દેશને ગૌરવ અપાવ્યું એ સિદ્ધિ બહુ મોટી છે. ધનિકો, સત્તામાં બેઠેલાં લોકો અને વાતોનાં વડાં કરનારા સાધુ-બાવાઓને પૂજનારો આ દેશ આ લોકોની સિદ્ધિઓની કદાચ બહુ કદર નહીં કરે પણ તેનાથી તેમની સિદ્ધિ નાની થવાની નથી. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), મંગળવાર, તા. ૧૦-૯-૨૦૨૪, જયેષ્ઠા ગૌરી આહ્વાન

- ભારતીય દિનાંક ૧૯, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ સુદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૭
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર અનુરાધા રાત્રે ક. ૨૦-૦૩ સુધી, પછી જયેષ્ઠા.
- ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૬ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૮, સ્ટા. ટા.
- - : મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૫-૨૩, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૪૪ (તા. ૧૧)
- ઓટઃ સવારે ક. ૦૯-૧૭, રાત્રે ક. ૨૧-૩૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ-સપ્તમી. જયેષ્ઠા ગૌરી આહ્વાન, વિષ્ટિ ક. ૨૩-૧૩ સુધી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા,મંગળ શનિ ગ્રહદેવતાનું પૂજન વિશેષ રૂપે. અગ્નિ દેવતાનું પૂજન, પ્રયાણ શુભ, મુંડન કરાવવું નહીં, લાલ વસ્ત્રો આભૂષણ, નિત્ય થતાં દુકાન-વેપાર-પશુ લે-વેચનાં કામકાજ, બી વાવવું, બાળકને પ્રથમ શ્રી ગણેશ દેવદર્શન, હનુમાન ચાલિસા વાંચન.
- શ્રી ગણેશ મહિમાઃ જ્યોતિષશાસ્ર પ્રમાણે દેવ, મનુષ્ય અને રાક્ષસ એમ ત્રણ ગણ છે. છંદશાસ્રમાં પણ જુદા જુદા આઠ ગણ કે સમૂહ છે. જેના પરથી જુદા જુદા છંદ રચાય છે. ગણેશજી આ બધા જ પ્રકારના ગણોના ઈશ કે અધિપતિ છે. વળી અક્ષરોને પણ ગણ કહેવામાં આવે છે. એમના ઈશ હોવાના કારણે પણ ગણેશજી વિદ્યા અને બુદ્ધિના દાતા મનાય છે. જ્ઞાન અને મોક્ષ એ બંનેના ઈશ એટલે કે સ્વામી પરબ્રહ્મ, પરમાત્મારૂપ શ્રી ગણેશ.
- આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ કાર્યદક્ષ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ નિર્ણયો લેવામાં વિલંબ થાય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ (તા. ૧૧), ચંદ્ર-જયેષ્ઠા યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# આફ્રિકી દેશ નાઇજીરિયામાં થયો ફ્યુઅલ ટેંકરમાં બ્લાસ્ટ, ૪૮ લોકોનાં મોત

નાઇજરઃ નાઇજીરિયામાં આઠમી સપ્ટેમ્બરના રોજ એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. જેમાં ૪૮ લોકોના મોત થયાં છે. જ્યારે ૧૦૦ થી વધુ ઘાયલ થયા છે. આ અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના મૃતદેહ મળી આવ્યા છે. દેશની ઈમરજન્સી સર્વિસ એજન્સીએ આ જાણકારી આપી છે.

રાજ્યની કટોકટી વ્યવસ્થાપન એજન્સીના વડા અબ્દુલ્લા બાબા-અરહે રવિવારે રાજ્યની રાજધાની મિન્નામાં જણાવ્યું હતું કે, બિડા-અગાઈ-લાપાઈ હાઈવે પર પેટ્રોલથી ભરેલું એક ટેન્કર પશુઓને લઈ જઈ રહેલા ટ્રક સાથે અથડાયું હતું, જેને કારણે ગેસોલિન ટેન્કરમાં વિસ્ફોટ થયો હતો. બાબા-અરહે પહેલા ૩૦ મૃતદેહોની પુનઃપ્રાપ્તિની પુષ્ટિ કરી હતી, પરંતુ બાદમાં માહિતી આપી હતી કે ૧૮ વધુ મૃતદેહો મળી આવ્યા છે. આમ આ બ્લાસ્ટને કારણે ૪૮ લોકોનાં મોત થયાં છે, જ્યારે ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

બાબા અરહે એમ પણ જણાવ્યું હતું કે મૃતકોની સામૂહિક દફનક્રિયા કરવામાં આવી હતી. અકસ્માત બાદ લોકોમાં વધી રહેલા ગુસ્સાને જોઈને નાઈજરના ગવર્નર મોહમ્મદ બાગોએ લોકોને શાંત રહેવાની અને જીવન બચાવવા માટે ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની અપીલ કરી છે.

આ અકસ્માતમાં ૫૦ પશુઓ પણ જીવતા દાઝી ગયાં હતાં. હાલમાં અકસ્માત સ્થળ પર બચાવ કામગીરી ચાલી રહી છે.

આફ્રિકાના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશ નાઇજીરિયામાં માલસામાનની હેરફેર કરવા માટે સક્ષમ રેલવે વ્યવસ્થા નથી, તેથી બધી જ હેરફેર રોડ માર્ગે થાય છે, જેને કારણે અહીં જીવલેણ ટ્રક અકસ્માતો સામાન્ય બની ગયા છે. નાઇજીરિયાના ફેડરલ રોડ સેફ્ટી કોર્પ્સ જણાવે છે કે એકલા ૨૦૨૦માં જ ગેસોલિન ટેન્કર અથડાવાના ૧,૫૩૧ અકસ્માત થયા હતા. આ અકસ્માતોમાં ૫૩૫ લોકો માર્યા ગયા હતા અને ૧,૧૪૨ લોકો ઘાયલ થયા હતા. ■

# ઈઝરાયલના સીરિયા પરના હુમલામાં ૧૪નાં મોત, ૪૦ ઘાયલ

દમાસ્કસ : ઈઝરાયલે રવિવારે રાત્રે સીરિયા પર કરેલા હવાઈ હુમલામાં થયેલી જાનહાનિ વધીને ૧૪ની થઈ હતી અને બીજા ૪૦થી વધારે લોકો ઘાયલ થયા હતા, એવા અહેવાલ સીરિયાના સરકારી માધ્યમોએ આપ્યા હતા. ઈઝરાયલે રવિવારે મધ્ય સીરિયાના અનેક વિસ્તારોમાં હુમલા કરતાં હામા પ્રાંતના હાઈ-વેને નુકસાન થયું હતું. અગાઉ પશ્ચિમના હમાસ પ્રાંતની મસ્યાફ નેશનલ હૉસ્પિટલે ચાર મરણનો અહેવાલ આપ્યો હતો. મસ્યાફના વિજ્ઞાન સંશોધન કેન્દ્ર પર પણ હુમલો કરવામાં આવ્યો હતો.

આ કેન્દ્રમાં આતંકવાદી અને નિષ્ણાતો સીરિયામાં હથિયારો વિકસિત કરી રહ્યા હોવાનું કહેવાય છે. સ્થાનિક પ્રસાર માધ્યમોએ સમુદ્રતટે આવેલા ટેર્ટોસ શહેરમાં પણ હુમલા થયા હોવાની માહિતી આપી હતી. ઈઝરાયલ લશ્કર તરફથી કોઈ ટિપ્પણી આવી નથી. ઈઝરાયલે તાજેતરનાં વર્ષોમાં યુદ્ધગ્રસ્ત સીરિયાના સરકારી નિયંત્રણના વિસ્તારોમાં સેંકડો હુમલા કર્યા છે. જોકે ઈઝરાયલ આ ઓપરેશનની કદી કબૂલાત કરતું નથી. ઈઝરાયલ વારંવાર ઈરાન સમર્થિત જૂથો કે સીરિયાનાં દળો પર હુમલા કરે છે. (એજન્સી) ■

# મધ્ય પ્રદેશમાં અલગ-અલગ ઘટનાઓમાં બાર જણ ડૂબ્યા

વિદિશા/ખંડવા : મધ્ય પ્રદેશના મંદસૌર, વિદિશા, સિહોર, ખંડવા અને જબલપુર જિલ્લામાં અલગ-અલગ ઘટનાઓમાં ડૂબી ગયેલા બાર લોકોમાં સ્પેશિયલ આર્મ્ડ ફોર્સના એક જવાન અને એક ડૉક્ટરનો સમાવેશ થાય છે.

અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે વિદિશા જિલ્લામાં બેતવા નદીમાં પાંચ લોકો ડૂબી ગયા, જ્યારે સિહોરના દિગંબર ધોધમાં જવાની પોલીસે ના પાડી હોવા છતાં પિકનિક દરમિયાન ન્હાવા પડેલા અશ્વિન કૃષ્ણન અય્યર (૨૮) નામનો એક ડૉક્ટર ડૂબી ગયો હતો.

ખંડવા જિલ્લામાં અગ્નિ નદીમાં બે ૧૮ વર્ષની છોકરીઓ, જ્યોતિ અને શિવાની, રવિવારે આશાપુરા પોલીસ ચોકી હેઠળની અગ્નિ નદીમાં પવિત્ર ડૂબકી મારતી વખતે ડૂબી ગઈ હતી.

સોમવારે સવારે એક મહિલા અને તેની પુત્રી ડૂબી ગયા, જ્યારે મહિલાનો પતિ મંદસૌરમાં એક પુલ પરથી નદીમાં પડી ગયા પછી લાપતા થયો હતો. રવિવારે જબલપુર જિલ્લામાં બે છોકરાઓ ડૂબી ગયા હતા. મંદસૌરની ઘટના સિવાય, અન્ય તમામ ઘટનાઓ રવિવારે બની હતી. એસએએફની ૨૩મી બટાલિયનના કોન્સ્ટેબલ હરેન્દ્ર ચૌહાણ (૩૦) અને સંદીપ (૨૬) રવિવારે સાંજે ડૂબી ગયા હતા.

ટીમે અંકિત અહિરવાર (૧૮) અને ક્રિષ્ના અહિરવાર (૧૮)ના મૃતદેહ પણ બહાર કાઢ્યા હતા.

અન્ય એક ઘટનામાં, રાઘવેન્દ્ર ચૌહાણ (૨૪) રવિવારે બરી ઘાટ પુલ પર તેની બહેન સાથે મોટરસાઇકલ પર મુસાફરી કરતી વખતે લપસીને નદીમાં પડી ગયો હતો. બહેનને ગામવાસીઓએ બચાવી લીધી હતી પણ રાઘવેન્દ્ર તણાઇને મરણ પામ્યા હતા. જબલપુર જિલ્લામાં, કાન્હા ઉર્ફે રેશુ દહિયા અને રવેન્દ્ર ઠાકુર, બંને ૧૭, ખડવાલ ગામમાં કનડી નદીમાં સ્નાન કરતી વખતે ડૂબી ગયા હતા.

રાજેન્દ્ર સિંહ (૩૫), મોટરસાઇકલ પર તેમની પત્ની સીતાબાઈ (૩૨) અને ૬-૭ વય જૂથની બે પુત્રીઓ સાથે પાણીથી ભરેલા પુલને પાર કરવા જતા પાણીમાં ખાબક્યા હતાં. એક બાળકીને બચાવી લેવાઇ હતી પણ પતિ, પત્ની અને એક બાળકી ડૂબી ગયા હતા. ■

# ભાજપે જમ્મુ-કાશ્મીરમાં સત શર્માને કાર્યકારી પ્રમુખ બનાવ્યા

નવી દિલ્હી : ભાજપે સોમવારે ચૂંટણી અગાઉ જમ્મુ અને કાશ્મીરમાં કેટલીક નવી પાર્ટી નિમણૂક કરી હતી, જેમાં સત શર્માનું નામ તેના એકમના કાર્યકારી પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.

ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહ દ્વારા જારી કરાયેલી સૂચના અનુસાર, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ પણ નિર્મલ સિંહને પાર્ટીની જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.

ચૌધરી સુખનંદન ચૂંટણી પ્રચાર સમિતિના ઉપાધ્યક્ષ હશે.

કવિન્દર ગુપ્તાની રાજ્ય ચૂંટણી વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે, એમ ભાજપની સૂચનામાં જણાવાયું છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### સુરતમાં

પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે માહિતી આપી હતી કે, બહારથી આવેલા અસામાજિક તત્ત્વોએ રિક્ષામાંથી પથ્થરમારો કર્યો હતો, આ પથ્થરમારામાં ૧૨ થી ૧૩ વર્ષની ઉંમરના છ બાળકે પથ્થરો ફેંક્યા હતા અને બાળકો સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે, બાળકોને સબક મળે તે માટે ગુનો નોંધવામાં આવ્યો છે. સમગ્ર ઘટનાને અંગે પોલીસે અલગ-અલગ કલમો લગાવીને ગુનો નોંધ્યો છે, બાળકો સામે એટલે ગુનો નોંધવામાં આવ્યો કે તેમના માતા-પિતાને સંદેશો મળે અને અન્ય બાળકો પણ આવું શિખે નહીં તે માટે ગુનો નોંધવામાં આવ્યો છે. જે મુખ્ય આરોપીઓ છે તેને પકડવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે. મોટા ભાગના આરોપીઓને સીસીટીવીની મદદથી શોધી કાઢવામાં આવ્યા છે, કોમ્બિંગ નાઈટ દરમિયાન ૨૮ આરોપીને ડિટેઈન કરવામાં આવ્યા છે.

પોલીસ કમિશનરે વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર ઘટના અંગે ત્રણ ગુના નોંધવામાં આવ્યા છે. ત્રણ પૈકી એક જુવેનાઈલ ઍક્ટ મુજબનો ગુનો છે, પોલીસ પર એસોલ્ટની કલમનો પણ ઉમેરો કરાયો છે, ગાડી સળગાવાનો ગુનો પણ નોંધવામાં આવ્યો છે, તેની સાથે સાથે ટોળા વિરુદ્ધ પણ ફરિયાદ દાખલ કરાઇ છે, આરોપીઓ સામે કડક કાર્યવાહી અગાઉ કરવામાં આવશે અને પોલીસે ટોળાને વિખેરવા કાર્યવાહી કરી હતી અને ટિયરગૅસના સેલ છોડવામાં આવ્યા હતા. ગણેશ મંડળથી પકડાયેલા લોકોને પોલીસ ચોકી લઈ જઈ પૂછપરછ કરી હતી.

પોલીસ કમિશનરના જણાવ્યા પ્રમાણે ટેક્નિકલ ટીમે સીસીટીવીની મદદથી મોટી સંખ્યામાં આરોપીઓની ધરપકડ કરી છે, હાલ શહેરમાં શાંતિનો માહોલ છે અને રાબેતા મુજબ બધુ ચાલું છે, સ્થાનિકોને અપીલ છે કે કોઈ અફવા પર ધ્યાન આપવું નહીં, સૈયદપુરા વિસ્તારમાં વર્ષોથી ગણેશ સ્થાપન થાય છે, જે જગ્યા પર પથ્થરમારો કરવામાં આવ્યો ત્યાં લોકો કોમી એકતાથી જ રહે છે. ■

### સૈયદપુરાના

હાજર રહીને દબાણને તોડી પાડયું હતું. લારી-ગલ્લા સહિતનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન વિસ્તારમાં કોઈ તંગદિલી ન સર્જાય તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. ■

### કાલિંદી એક્સપ્રેસને

ઘટનાસ્થળે પહોંચ્યા અને મામલાની તપાસ શરૂ કરી હતી. તેમણે જણાવ્યું કે ફોરેન્સિક ટીમને પણ બોલાવવામાં આવી છે અને રેલવે સુરક્ષા બળ(આરપીએફ) પણ આ મામલે તપાસ કરી રહ્યું છે.

અધિક પોલીસ કમિશ્નર(કાયદો અને વ્યવસ્થા) હરીશ ચંદ્રાએ જણાવ્યું હતું કે એલપીજી સિલિન્ડર પાટા પર રાખવામાં આવ્યો હોવાનું જણાતા જ લોકો પાયલટે ઇમરજન્સી બ્રેક લગાવી હતી. ટ્રેન ઊભી રહે તે પહેલા જ સિલિન્ડર સાથે અથડાઇ હતી અને પરિણામસ્વરૂપ સિલિન્ડર પાટા પરથી ઊતરી ગયું હતું. તેમણે કહ્યું કે લોકો પાયલટે ગાર્ડ અને ગેટમેનને ઘટનાની જાણકારી આપી હતી.

એસીપીએ જણાવ્યું કે ટ્રેન લગભગ ૨૦ મિનિટ સુધી ઘટનાસ્થળે ઊભી રહી અને તપાસ માટે ફરી તેને બિલ્હૌર સ્ટેશન પર રોકવામાં આવી હતી. ચંદ્રાએ કહ્યું કે ક્ષતિગ્રસ્ત સિલિન્ડર જપ્ત કરવામાં આવ્યું છે. તેમજ ઘટનાસ્થળેથી પેટ્રોલની બોટલ અને માચીસ પણ મળી આવી છે. તેમણે કહ્યું કે ગુનેગારોને ઓળખવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને તેમના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. ■

### રામેશ્વરમ કેફેમાં

ડાઉનલૉડ કરી તેનો ઉપયોગ કર્યો હતો. આ બંનેના આકાઓ તેમને ક્રિપ્ટોકરન્સી મારફતે ભંડોળ પૂરું પાડતા હતા અને બેંગલુરુમાં અનેક હિંસક ઘટનાઓ માટે આ બંને એ ભંડોળનો ઉપયોગ કરતા હતા. અયોધ્યામાં પ્રાણપ્રતિષ્ઠાના સમારોહને જ દિવસે તેમણે બેંગલુરુસ્થિત ભાજપની ઑફિસ પર હુમલો કરવાનું કાવતરું ઘડી કાઢ્યું હતું, પરંતુ તે નિષ્ફળ નીવડ્યું હતું. ત્યાર બાદ તેમણે રામેશ્વરમ કાફે પર હુમલો કરવાની યોજના બનાવી હતી, એમ એનઆઈએએ કહ્યું હતું. (એજન્સી) ■

### પટનામાં ભાજપ

ગુનેગારોની ઓળખ કરવામાં આવશે. આ ઘટના અંગે મૃતકના મિત્રએ જણાવ્યું હતું કે શ્યામ સુંદર ખૂબ જ વ્યવહારુ વ્યક્તિ હતા. તેઓ ભાજપના પટના સિટી ચોકના ભૂતપૂર્વ નગરપાલિકા પ્રમુખ હતા. અમે રોજ મંગલ તળાવ આવીએ છીએ અને મોર્નિંગ વોક કરીએ છીએ. સવારે જ્યારે અમે આવ્યા ત્યારે અમને ખબર પડી કે તેમની હત્યા કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે એવું જાણવા મળ્યું છે કે મુન્ના શર્મા મંદિરમાં દર્શન કર્યા પછી બહાર આવ્યા હતા અને કોઈની સાથે વાત કરી રહ્યા હતા.આ દરમિયાન એક બાઇક પર બે શખ્સો આવ્યા હતા અને તેમના ગળામાંથી ચેઇન ઝૂંટવી, મોબાઇલ ફોન આંચકી લીધો હતો અને માથામાં ગોળી મારીને ભાગી ગયા હતા.જો કે, આ ઘટના લૂંટના ઈરાદે કરવામાં આવી છે કે પછી કોઈ કાવતરું તે તપાસનો વિષય છે.બનાવી હતી, એમ એનઆઈએએ કહ્યું હતું. (એજન્સી) ■

### પૉસ્ટમોર્ટમ માટે

સીબીઆઈ અને પશ્ચિમ બંગાળ સરકારને સવાલ કર્યા હતા.

ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને મનોજ મિશ્રાનો પણ સમાવેશ કરતી ખંડપીઠે સવાલ કર્યો હતો કે પૉસ્ટમોર્ટમ માટે મૃતદેહ સોંપવામાં આવ્યો હતો તે સમયના દસ્તાવેજો ક્યાં છે?

સીબીઆઈ વતી કોર્ટમાં હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ માહિતી આપતા કહ્યું હતું કે એ દસ્તાવેજો તેમના રેકોર્ડનો હિસ્સો નહોતા. પશ્ચિમ બંગાળ સરકારનું પ્રતિનિધિત્વ કરી રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબલે ખંડપીઠને જણાવ્યું હતું કે દસ્તાવેજો તાત્કાલિક મળી શક્યા ન હોવાને કારણે તે મળતા જ અમે આ પ્રશ્નનો જવાબ આપીશું.

કેસને મામલે ગુનો નોંધવામાં કોલકાતા પોલીસે ૧૪ કલાક કરતાં પણ વધુનો વિલંબ કર્યો હોવાનું પણ કોર્ટે કહ્યું હતું.

કેસને મામલે નવો રિપોર્ટ ૧૭ સપ્ટેમ્બર સુધીમાં રજૂ કરવાનો કોર્ટે સીબીઆઈને આદેશ આપ્યો હતો.

ઘટનાનો ભોગ બનેલી ટ્રેઈની ડૉક્ટરની ગરિમા જળવાઈ રહે તે માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી તેની તમામ તસવીરો અને વીડિયો તાત્કાલિક હટાવી લેવાનો પણ કોર્ટે આદેશ આપ્યો હતો.

રાજ્યમાં તબીબી સંસ્થાઓની સુરક્ષા અંગે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે રાજ્યની તમામ સરકારી મેડિકલ કૉલેજો સુરક્ષા, સલામતીની ખાતરી કરવા પરિસ્થિતિની સમીક્ષા કરવાનો તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ અને એસપીને આદેશ આપી દેવામાં આવ્યો છે.

અગાઉ કોર્ટે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બંધ કવરમાં સુપરત કરેલા રિપોર્ટને ધ્યાન પર લીધો હતો અને કેસને મામલે વધુ તપાસ કરી નવો રિપોર્ટ સુપરત કરવાનો સીબીઆઈને આદેશ આપ્યો હતો. આરજી મેડિકલ હોસ્પિટલની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવેલી સીઆઈએસએફની ત્રણ ટુકડીની સુરક્ષાની ખાતરી કરવાનો કોર્ટે પશ્ચિમ બંગાળ સરકારના ગૃહ ખાતા અને સીઆઈએસએફના વરિષ્ઠ અધિકારીને આદેશ આપ્યો હતો.

સીઆઈએસએફની ટુકડી માટે તમામ જરૂરી સાધનસરંજામ અને જરૂરી ઉપકરણોની પણ વ્યવસ્થા કરવાનો પણ કોર્ટે આદેશ આપ્યો હતો. કેસની આગામી સુનાવણી માટે કોર્ટે ૧૭ સપ્ટેમ્બર મુકરર કરી હતી. (એજન્સી) ■

### વિયેતનામ પર

ઝરણામાં ખાબકી ગઈ હતી. બચાવકારો બચાવ કામગીરી કરી રહ્યા છે, પરંતુ ભેખડોએ તેમનો માર્ગ રોકીને તેમને ઘટનાસ્થળે જવા દીધા નહોતા

ફુ થો પ્રાંતમાં રેડ રિવર પરનો સ્ટીલનો પુલ સોમવારે તૂટી પડ્યો હતો. આને લીધે દસ કાર અને ટ્રક તથા બે મોટર સાઈકલ નદીમાં પડી હતી. ત્રણ જણને નદીમાંથી બચાવી લેવામાં આવ્યા હતા અને તેમને હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. અમુક લોકોને નદીમાંથી ખેંચીને બહાર કાઢીને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે હજી ૧૩ લોકો ગુમ છે.

૫૦ વર્ષીય ફામ ટ્રોન્ગ સોને આપવીતી જણાવતાં કહ્યું હતું કે હું પુલ પર બાઈક ચલાવી રહ્યો હતો અને અચાનક મેં મોટો અવાજ સાંભળ્યો હતો. મને ખબર પડે કે શું બન્યું છે એ પહેલાં હું નદીમાં પડી ગયો હતો. મને એમ લાગ્યું કે હું નદીમાં ડૂબી રહ્યો છું, પરંતુ હું તરતો રહ્યો અને મારા હાથમાં કેળાનું એક ઝાડ આવી ગયું. હું તેને પકડીને ઊભો રહ્યો હતો અને બચાવકારોએ મને બચાવી લીધો હતો.

ટાઈફૂન યાગી એક કલાકદીઠ ૧૪૯ કિલોમીટરની ઝડપે શનિવારે વિયેટનામમાં અથડાયું હતું. રવિવારે તે હવાના નીચા દબાણના પટ્ટામાં ફેરવાયું હતું. જોકે હવામાન ખાતાએ હજી ધોધમાર વરસાદ ચાલુ રહેવાની, પૂર આવવાની અને ભૂસ્ખલન થવાની આગાહી કરી છે.રવિવારે સા પા નગરમાં ભેખડ ધસી પડવાથી એક બાળક સહિત છ જણ મરણ પામ્યાં હતાં. વીકએન્ડથી ગણીએ તો ઓછામાં ઓછા ૨૧ જણ મરણ પામ્યા છે અને ૨૯૯ લોકો ઘાયલ થયા છે.

રાજધાની હાનોઈમાં આકાશ વાદળિયું હતું અને સોમવાર સવારથી ક્યારેક વરસાદ પડ્યો હતો. કામદારો તૂટી પડેલા ઝાડ, બિલબોર્ડ અને તૂટી ગયેલા વીજળીના થાંભલાને હટાવી રહ્યા હતા. વાયવ્ય વિયેટનામમાં જોરદાર વરસાદ ચાલુ હતો અને અમુક સ્થળોએ ૪૦ સેન્ટિમીટર વરસાદ પડ્યો હતો. અગાઉ ક્વાન્ગ નિહ અને હૈફોન્ગ પ્રાંતમાં ઓછામાં ઓછા ૩૦ લાખ લોકાની વીજળી ડુલ થઈ ગઈ છે. એ સ્પષ્ટ નથી કે આમાંથી કેટલા લોકોની વીજળી ફરી સ્થાપિત કરાઈ છે. (એજન્સી) ■

મરાઠા આરક્ષણ

# ૧૧મીએ સુપ્રીમ કોર્ટમાં ચુકાદો આવે એવી શક્યતા

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં મરાઠા આરક્ષણનો મુદ્દો સૌથી વધુ ગંભીર અને રાજનૈતિક મુદ્દો બની ગયો છે. એક બાજુ જ્યાં રાજ્ય સરકાર હાઈ કોર્ટમાં મરાઠા આરક્ષણને લઇને ચાલતી દરરોજની સુનાવણી સામે લડત ચલાવી રહી છે. ત્યાં બીજી બાજુ મરાઠા આરક્ષણને લઇને સુપ્રીમ કોર્ટમાંથી મોટી બાતમી આવી રહી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા મરાઠા આરક્ષણને ફગાવી દીધા બાદ રાજ્ય સરકારે પુનર્વિચાર અરજી કરી હતી જેને લઇને વર્તમાન સરકાર લાંબી કાનૂની લડત લડી રહી છે, પણ હવે એવી માહિતી સામે આવી છે કે રાજ્ય સરકારની અરજી પર સુનાવણી લગભગ પૂરી થઇ ગઇ છે અને હવે સુપ્રીમ કોર્ટનો ૧૧મી સપ્ટેમ્બરનો ચુકાદો આવવાની શક્યતા દેખાઇ રહી છે.

રાજ્ય સરકાર છેલ્લાં ઘણાં વર્ષોથી મરાઠા આરક્ષણ માટે કોર્ટની લડત લડી રહી છે. જોકે આ પહેલાં રાજ્ય સરકારને આ મામલામાં નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો હતો. પોતાની હાર ન માનીને રાજ્ય સરકારે પુનર્વિચાર અરજી કરીને સુપ્રીમ કોર્ટમાં દલીલ કરી છે. એવી માહિતી સામે આવી રહી છે કે અરજી હવે સુપ્રીમ કોર્ટમાં અંતિમ તબક્કામાં છે. મરાઠા આરક્ષણ માટે અનેક લોકોએ આમાં ઝુકાવ્યું હોવાથી આ લડાઈ આસાન નહીં રહે. નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વવાળી સરકારે મરાઠા સમાજને આરક્ષણ આપ્યું હતું. સુપ્રીમ કોર્ટ છેલ્લાં ઘણાં વર્ષથી આ મામલે સુનાવણી કરી રહી છે. હવે આ અરજીની છેલ્લી સુનાવણીનો સમય નજીક આવી ગયો છે. આગામી અઠવાડિયે સુપ્રીમ કોર્ટ આ સંબંધે અરજી પર ફેંસલો કરશે જે ઐતિહાસિક બની રહેવાનો છે. શું આ પરિણામ રાજ્યમાં મરાઠા સમાજને રાહત આપનારો હશે, એ જોવાનું રહેશે. ■



**ગૌરી આગમનઃ** ગણેશોત્સવ દરમિયાન માતા ગૌરીને તેડાવવાની પ્રથા પણ છે ત્યારે આજે ગૌરી આગમન વખતે માતાનો શણગાર કરવામાં આવ્યો હતો. (અમય ખરાડે)

# પ્રદૂષણ રોકવા માટે મહાપાલિકા થર્મોકોલમાંથી નવી વસ્તુ બનાવશે

## ૪૮ કેન્દ્ર પર સ્વીકારાશે થર્મોકોલ

મુંબઈઃ વિઘટનકારી ન હોય એવા પર્યાવરણ અને સજીવસૃષ્ટિને જોખમી ઠરતા થર્મોકોલનો વપરાશ તહેવારોમાં મોટા પાયે થતો હોય છે. ખાસ કરીને ગણેશોત્સવમાં સજાવટ દરમિયાન તેનો વપરાશ વધુ પ્રમાણમાં થાય છે. વિસર્જન બાદ આ થર્મોકોલ નાળાંમાં કે પછી કચરામાં નાખવામાં આવતું હોય છે. જોકે આ જ થર્મોકોલ પર પુનર્પ્રક્રિયા કરીને તેમાંથી વસ્તુ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. મુંબઈ મહાપાલિકા અને એક સંસ્થા મારફત વિસર્જન દરમિયાન મુંબઈમાં ૪૮ કેન્દ્ર પર આ થર્મોકોલ સ્વીકારવામાં આવશે.

મહારાષ્ટ્ર પ્લાસ્ટિક એન્ડ થર્મોકોલ નોટિફિકેશન ૨૦૧૮ અને કેન્દ્રીય સરકારના સિંગલ યુઝ પ્લાસ્ટિક નોટિફિકેશન ૨૦૨૧ અંતર્ગત થર્મોકોલના વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમ છતાં થર્મોકોલનો વપરાશ ઓછો થયો નથી. ખાસ કરીને તહેવારોમાં સજાવટ માટે તેનો વપરાશ મોટા પ્રમાણમાં થાય છે. મુંબઈમાં દરરોજ છથી સાત હજાર મેટ્રિક ટન કચરો જમા થાય છે. આમાં ભીનો અને સૂકો કચરો જુદો કરવામાં આવે છે. સૂકા કચરામાં પ્લાસ્ટિકની બોટલો અને અન્ય વસ્તુ, વર્તમાનપત્ર, કાગળિયાં, પૂંઠાં, કાર્ડબોર્ડ તેમ જ મોટા પ્રમાણમાં થર્મોકોલ પણ હોય છે. આ થર્મોકોલ પર પુનર્પ્રક્રિયા કરીને વિવિધ વસ્તુ બનાવવી શક્ય છે.

મુંબઈમાં ગણેશોત્સવના સમયમાં થર્મોકોલ વધુ પ્રમાણમાં મળે છે. આને કારણે આ થર્મોકોલ પર પુનર્પ્રક્રિયા કરવાની જવાબદારી મુંબઈ મહાપાલિકાના સોલિડ વેસ્ટ વિભાગે એક સંસ્થાને સોંપી છે. હાલમાં આ સંસ્થાનું મલાડમાં પુનર્પ્રક્રિયા માટેનું સેન્ટર હોઇ ફોટોફ્રેમ બનાવવાનું કામ સંસ્થા કરી રહી છે, એવી માહિતી પાલિકાએ આપી હતી. સંસ્થાનું કાર્ય જોઇને પાલિકાએ થર્મોકોલ જમા કરીને તેની પુનર્પ્રક્રિયાનું કામ પણ સંસ્થાને સોંપવાનો નિર્ણય લીધો છે.

આથી જેને ત્યાં પણ ગણપતિ આવે છે અને તેમના દ્વારા થર્મોકોલની સજાવટ કરવામાં આવે છે તેઓને થર્મોકોલને કચરાપેટી કે પછી નાળાંમાં ન ફેંકવા અને તેને પાલિકા દ્વારા ખોલવામાં આવેલાં વિવિધ ૪૮ સેન્ટરમાં જમા કરવાની અપીલ કરવામાં આવી છે. ■

એફડીએનો ઉત્પાદકોને ગર્ભિત ઈશારો

# મીઠાઈમાં ભેળસેળ કરી તો આવી બનશે

મુંબઈઃ તહેવાર-ઉત્સવમાં મીઠાશ લાવતી વિવિધ પ્રકારની મીઠાઈ શહેરની દુકાનોમાં સજ્જ થઇ ગઇ છે. વિવિધ પ્રકારની, સ્વાદિષ્ટ અને આકર્ષક મીઠાઈ લેવા માટે નાગરિકો રીતસરની દુકાનોમાં લાઈન લગાવતા હોય છે. આ માટે જ ફૂડ એન્ડ ડ્રગ્સ (એફડીએ) પ્રશાસને માવા અને તેમાંથી બનતી મીઠાઈની શુદ્ધતા પર બાજ નજર રાખવાની શરૂઆત કરી દીધી છે. કોઇ પણ પ્રકારની આરોગ્યને જોખમાય એવી મીઠાઈ વેચવામાં ન આવે એ માટે એફડીએ દ્વારા જરૂરી હોશિયારી રાખવામાં આવી રહી છે. રાજ્યમાં એક પછી એક તહેવારોની ભરમાર શરૂ થઇ ગઇ છે. ગણેશોત્સવની પાછળ પાછળ જ નવરાત્રિ અને ત્યાર બાદ દિવાળીનો તહેવાર હોવાથી મીઠાઈની માગ અનેકગણી વધી જતી હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને જ નાગરિકોને દરજ્જેદાર અને તાજી મીઠાઈ મળે એ માટે એફડીએએ જરૂરી પગલાં ઉઠાવવાની શરૂઆત કરી દીધી છે. એફડીએની ટીમ શહેરમાં મીઠાઈનું વેચાણ કરતા, માવા વિક્રેતા અને મીઠાઈના ઉત્પાદક પર નજર રાખી રહ્યું છે. હાલમાં જ મીઠાઈ ઉત્પાદક સંગઠનના પદાધિકારીઓ સાથે એફડીએના અધિકારીઓની બેઠક થઇ હતી. ફૂડ સેફ્ટી અંગેના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક હાથે કાર્યવાહી હાથ ધરવામાં આવશે, એફડીએના અધિકારીએ આ સમયે જણાવ્યું હતું. ■

### મીઠાઈના બોક્સ પર ઉલ્લેખ કરો

મીઠાઈનું વેચાણ કરનારાઓને ખાસ ધ્યાન રાખવાનું કહેવામાં આવ્યું છે. આ માટે મીઠાઈના બોક્સ પર ઉલ્લેખ કરવાનું જણાવવામાં આવ્યું છે. મીઠાઈના ઉત્પાદનની તારીખ તેમ જ મીઠાઈ ક્યાં સુધી ખાઈ શકાય તેનો ઉલ્લેખ કરવો જરૂરી રહેશે. આ ઉપરાંત માવો ક્યારે ખરીદી કરવામાં આવ્યો છે તેની રસીદ પણ રાખવી પડશે, એવી તાકીદ એફડીએના અધિકારી આર.ડી. પવારે કરી હતી. ■

# મુંબઈમાં દોઢ દિવસના કુલ ૬૨,૫૬૯ ગણેશમૂર્તિનું વિસર્જન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગણેશોત્સવના બીજા દિવસે રવિવારે મુંબઈમાં દોઢ દિવસના કુલ ૬૨,૫૬૯ ગણેશમૂર્તિના વિસર્જન કરવામાં આવ્યા હતા. રવિવારે મોડી રાત સુધી મુંબઈના કૃત્રિમ તળાવ સહિત ચોપાટીઓ પર ગણેશમૂર્તિના વિસર્જન માટે ભક્તોના ટોળા ઉમટી પડ્યા હતા.

શનિવારથી ચાલુ થયેલા ગણેશોત્સવ તહેવારમાં રવિવારે બપોરથી મુંબઈના જુદા જુદા વિસર્જન સ્થળો પર ગણેશમૂર્તિના વિસર્જન ચાલુ થયા હતા, તે રવિવાર મોડી રાત સુધી ચાલુ રહ્યા હતા. નૈસર્ગિક વિસર્જન સ્થળની સાથે જ કૃત્રિમ વિસર્જન સ્થળો પર ધૂમધામથી ભક્તોએ પોતાના બાપ્પાને વિદાય આપી હતી.

રવિવારે રાતના ૧૨ વાગ્યા સુધીમાં કુલ ૬૨,૫૬૯ ગણેશમૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું, જેમાં સાર્વજનિક ગણેશમંડળોના ૩૪૮, ઘરના ૬૨,૧૯૭, હરતાલિકાની ૨૪ મૂર્તિના વિસર્જન કરવામાં આવ્યા હતા.

પાલિકાએ આપેલા આંકડા મુજબ કૃત્રિમ વિસર્જન સ્થળોને પણ ભક્તોએ સારો પ્રતિસાદ આપ્યો હતો, જેમાં સાર્વજનિક મંડળોના ૨૩૪, ઘરના ૨૯,૯૨૩ અને હરતાલિકાની ૨૦ એમ કુલ ૩૦,૧૭૭ ગણેશમૂર્તિના વિસર્જનનો સમાવેશ થાય છે. ■

### થાણેમાં ૧૭,૧૧૩ મૂર્તિનું વિસર્જન

થાણેઃ થાણે મહાનગરપાલિકા વિસ્તારમાં દોઢ દિવસના કુલ ૧૭,૧૧૩ ગણેશમૂર્તિનું વિસર્જન થયું હતું. થાણે મહાનગરપાલિકાએ પર્યાયી ગણેશ વિસર્જન વ્યવસ્થા અંતર્ગત કૃત્રિમ તળાવનું વિસર્જન થયું હતું, તેને પણ ભક્તોએ બહુ સારો પ્રતિસાદ આપ્યો હતો.

થાણેમાં દોઢ દિવસના કુલ ૧૭,૧૧૩ ગણેશમૂર્તિના વિસર્જન થયા હતા, જેમાં ગણેશમૂર્તિ સ્વીકૃત કેન્દ્રમાં આવર્ષે કુલ ૨૪૫ ગણેશમૂર્તિના તો ફરતા વિસર્જન વ્યવસ્થાનો લાભ ભક્તોએ લેતા અહીં ૨૭ ગણેશમૂર્તિના વિસર્જન થયા હતા.

થાણે મહાનગરપાલિકા ખાનગી સંસ્થા મળીને છેલ્લા ૧૩ વર્ષથી ગણેશોત્સવ દરમિયાન ફૂલ-હારના નીકળતા નિર્માલ્યની વ્યવસ્થા કરતી આવી છે. દોઢ દિવસના ગણેશમૂર્તિના વિસર્જન દરમિયાન લગભગ ૧૨ ટનથી વધુ નિર્માલ્ય સમા થયો હતો. તેના પર પ્રક્રિયા કરીને ખાતર તૈયાર કરવામાં આવે છે.

થાણે પાલિકાએ આપેલા આંકડા મુજબ ૧૫ કૃત્રિમ તળાવમાં ૮,૭૦૦, નવ ખાડી વિસર્જન ઘાટ પર ૬,૫૨૦, વિસર્જન માટે ૪૯ વિશેષ ટાંકીની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમા ૧,૬૨૧ અને છ ફરતા વિસર્જન વેન હતી, જેમા ૨૭ મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. તો ૧૦ મૂર્તિ સ્વીકૃતિ કેન્દ્રમાં ૨૪૫ મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ■

# દારૂના નશામાં ટેમ્પો હંકારીને પાંચ વાહનને અડફેટે લીધાં

### મહિલાનું મોત, ત્રણ ઘવાયા

પુણેઃ પુણેમાં દારૂના નશામાં ડ્રાઇવરે ટેમ્પો હંકારી પાંચ વાહનને અડફેટે લેતાં ૩૬ વર્ષની મહિલાનું મોત થયું હતું, જ્યારે અન્ય ત્રણ જણ ઘવાયા હતા.

પુણેના કોથરૂડ વિસ્તારમાં પોંડ રોડ પર રવિવારે રાતે ૯.૧૫ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. ટેમ્પો ડ્રાઇવર આશિષ પવાર (૨૬) વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને મોટર વેહિકલ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર આરોપી ડ્રાઇવર દારૂના નશામાં હતો અને તેણે પોંડ રોડ પર ટેમ્પો પૂરપાટ વેગે હંકારીને ચારથી પાંચ વાહનને અડફેટમાં લીધાં હતાં.

આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી ગીતાંજલિ અમરાળે (૩૬)નું મોત થયું હતું, જ્યારે તેનો પતિ સંભાજી અમરાળે સહિત સહોલ પિંટે અને માધુરી દોહાત્રે ઘાયલ થયાં હતા અને તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અલંકાર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ડ્રાઇવરની ધરપકડ કરીને અમે વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઇ) ■

# ઈદ-એ-મિલાદની રજા ૧૮મી તારીખે જાહેર કરવાની માગણી

મુંબઈઃ પૂર્વ પ્રધાન અને મહારાષ્ટ્ર કોંગ્રેસના કાર્યાધ્યક્ષ મોહમ્મદ નસીમ ખાને રવિવારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને બંને નાયબ મુખ્ય પ્રધાનને પત્ર લખીને ઈદ-એ-મિલાદની ૧૬ સપ્ટેમ્બરને બદલે ૧૮ સપ્ટેમ્બરે રજા જાહેર કરવા વિનંતી કરી હતી. ખાને પત્રમાં લખ્યું છે કે,વિશ્વભરમાં શાંતિ અને ભાઈચારાનો સંદેશ આપનાર મોહમ્મદ પૈગંબરનો જન્મ ૧૬ સપ્ટેમ્બરે છે,જ્યારે હિન્દૂ ભાઈઓનો ગણેશ વિસર્જન અનંત ચતુર્દશીનો તહેવાર ૧૭ સપ્ટેમ્બરે છે. કેલેન્ડરમાં ૧૬ તારીખે ઈદની રજા ઘોષિત કરવામાં આવી છે. પત્રમાં લખ્યું છે કે સાત સપ્ટેમ્બરે ઓલ ઇન્ડિયા ખિલાફત કમિટીની મુંબઈ સહીત મહારાષ્ટ્રમાં ઔરંગાબાદ,જાલના,માલેગાંવ,ભિવંડી અને થાણેમાં અને બીજી જગ્યાઓએ મુસ્લિમ સંગઠનોએ બેઠક કરીને હિન્દૂ મુસ્લિમ ભાઈચારો કાયમ રાખવા અને બંને તહેવારોના આયોજનમાં કોઈ અડચણ ન આવે એ માટે ઈદની ઉજવણી ૧૬ ને બદલે ૧૮ સપ્ટેમ્બરે કરવાનો નિર્ણય કર્યો છે. અનંત ચતુર્દશી ૧૭ સપ્ટેમ્બરના રોજ હોવાથી મુસ્લિમ સમુદાયના સભ્યોએ ૧૮ સપ્ટેમ્બરે ઈદ-એ-મિલાદના સરઘસ કાઢવાનો નિર્ણય કર્યો છે જેથી કરીને બંને તહેવારો ધામધૂમથી અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવે. તેથી સરકારી રજા ૧૬ ને બદલે ૧૮ તારીખે આપવામાં આવે. ■

# થાણેમાં ₹ ૧૩.૪૩ લાખનો ગાંજો, એલએસડી સાથે બે પકડાયા

થાણેઃ થાણેમાં રૂ. ૧૩.૪૩ લાખનો ગાંજો અને એલએસડી સાથે બે યુવકની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

થાણેના વર્તકનગર પોલીસ સ્ટેશનની ટીમે શનિવારે મૉલ નજીકથી સ્વરૂપ જિતેન્દ્ર સાવંત અને સંકેત સંદીપ લાડને પકડી પાડ્યા હતા.

બંને યુવકની તલાશી લેવામાં આવતાં તેમની પાસેથી ૫૮ એલએસડી ડોટ્સ અને ૯.૫૫૧ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ. ૧૩.૪૩ લાખ થાય છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓએ થાણેના રહેવાસી સાહિલ ઓગસ્ટિન અને નવી મુંબઈના દેવેશ ત્રિવેદી પાસેથી આ ડ્રગ્સ મેળવ્યું હતું અને તેઓ તેને વેચવાના હતા. બંને યુવક વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને પોલીસ હવે સાહિલ તથા દેવેશની શોધ ચલાવી રહી છે. (પીટીઆઇ) ■

શિવાજી મહારાજની પ્રતિમા તૂટી

# પ્રતિમાની ઊંચાઈ નક્કી કરવાના નિયમો બદલાશે

મુંબઈઃ માલવણમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડવાની ઘટનાની નોંધ લઈને નિષ્ણાત સમિતિએ આગામી સાંસ્કૃતિક નીતિ નિયમોમાં રાષ્ટ્રીય નાયકોની પ્રતિમાઓની ઊંચાઈ કેટલી રાખવી જોઈએ એ અંગેના નિયમોમાં ફેરફાર કરવાની સાથે શિલ્પોની કલાત્મકતા પણ જાળવી રાખવા સંદર્ભે મહત્ત્વની ભલામણ કરી છે. રાજ્યની સાંસ્કૃતિક નીતિ આગામી ૧૫ દિવસમાં જાહેર કરવામાં આવશે અને એ માટે નિમાયેલી સમિતિએ તેનો અહેવાલ રાજ્ય સરકારને સુપરત કર્યો છે.

મહારાષ્ટ્રની સાંસ્કૃતિક નીતિની જાહેરાત ૨૦૧૦ની સાલ પછી પહેલીવાર કરવામાં આવશે. કાર્યકારી પ્રમુખ વિનય સહસ્રબુદ્ધેની અધ્યક્ષતા હેઠળની સાંસ્કૃતિક ધોરણ સમિતિએ સ્મારકો માટે કરેલી ભલામણમાં મૂર્તિઓ માટેના માપદંડ પર પ્રકાશ ફેંક્યો છે. સરકારે પરિસરને ધ્યાનમાં રાખી પ્રતિમાની ઊંચાઈ અંગે કેટલાક નિયમો બનાવવાની જરૂર છે તેમ જ પ્રતિમાની કલાત્મકતા માટે માપદંડ નક્કી કરવા જોઈએ એવો નિર્દેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત શિલ્પના પરીક્ષણ માટે કેવળ સરકારી કલા શિક્ષણ સંસ્થાઓના જાણકાર શિક્ષકોની નિમણૂક જ ન કરવી જોઈએ, પરંતુ સાથે સાથે એકાદ નિષ્ણાતની નિમણૂક પણ કરવી જોઈએ એવી રજૂઆત પણ કરવામાં આવી છે. પ્રતિમાને હાર પહેરાવવા માટે કેટલીક જગ્યાએ લોખંડની સીડીઓ ઊભી કરવામાં આવી હોવાથી સૌંદર્યને બાધા પહોંચે છે એમ પણ સમિતિએ જણાવ્યું છે. સાંસ્કૃતિક નીતિ નક્કી કરવા માટે દસ પેટા સમિતિની નિમણૂક કરવામાં આવી હતી જેમાં કારીગરી, ભાષા, સાહિત્ય અને લખાણ તેમ જ વાંચન પરંપરા, દૃશ્ય કલા, કિલ્લાઓ અને પુરાતત્ત્વવિદ્યા, લોકકલા, સંગીત, રંગભૂમિ, નૃત્ય, ફિલ્મ અને ભક્તિ સંસ્કૃતિનો સમાવેશ થાય છે.

રાજ્યના સાંસ્કૃતિક ખાતાના પ્રધાન સુધીર મુનગંટીવારે જણાવ્યું હતું કે 'મૂર્તિઓ અંગેનો અહેવાલ જાહેર બાંધકામ વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગને મોકલવામાં આવ્યો છે અને તે મુજબ ભલામણો પર વિચાર કરી અંતિમ નીતિ ઘડવામાં આવશે. ધારાધોરણ જાહેર થયા બાદ ૧૦-૧૦ વર્ષ સુધી એનો અમલ નથી થતો. સાંસ્કૃતિક નીતિનો કડક અમલ કરવામાં આવશે. આ હેતુ માટે એક અલગ સમિતિની રચના કરવામાં આવશે.' ■

દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે
મુંબઈ સમાચાર
ગરબા દાંડિયા વર્કશોપ
દ્વિતીય વર્ષ
In Association with
MAGIC COLOURS
PROUDLY INDIAN®
ELECTRON®
'રોમેરોમ ગુજરાતી' અભિયાન હેઠળ મુંબઈ સમાચાર દ્વારા આયોજિત અનેક કાર્યક્રમોમાં ૨૦૨૩માં નવું પીંછું ઉમેરાયું છે ગરબા-દાંડિયા વર્કશોપનું, જેનો બહોળો પ્રતિસાદ સાંપડ્યા બાદ હવે બીજા વર્ષે પણ મુંબઈ સમાચાર આ વર્કશોપનું આયોજન કરવા જઈ રહ્યું છે
અમારા આ અભિયાનમાં જોડાવું હોય તો સંસ્થા પણ સંપર્ક કરી શકે છે...
ધસારો વધે નહીં એ માટે તમારું નામ વહેલામાં વહેલી તકે નોંધાવી લેશો
સંપર્કઃ 9326152942
ઈંતેજારીનો અંતઃ શહેરના આ સ્થળે હશે વર્કશોપ
વર્કશોપનો સમય ૪થી ૭
૨૧-૨૨ સપ્ટે. : ૨૮-૨૯ સપ્ટે.
વર્કશોપનાં સ્થળ તમારી પસંદગીના સ્થળ પર આજે જ તમારું નામ નોંધાવી લેશો.

| | |
|---|---|
| કાંદિવલી | શ્રી લોહાણા મહાજનવાડી, શંકર મંદિરની બાજુમાં, એસ.વી. રોડ, કાંદિવલી પશ્ચિમ |
| મુલુંડ | ૫૦૧, પદ્માવતી બેન્કવેટ હોલ, શિવસેના ઓફિસની ઉપર, એમ.જી. રોડ, મુલુંડ વેસ્ટ |
| માટુંગા | માટુંગા ગુજરાતી સેવા મંડળ, ૩૯૮, તેલંગ રોડ, ફૂલ ગલી, માટુંગા પોસ્ટ ઓફિસની બાજુમાં, માટુંગા (સેન્ટ્રલ રેલવે) |
| ઘાટકોપર | રામજી આસર સ્કૂલ, રુઈયા હોલ, પહેલો માળ, રામજી આસર સ્કૂલ કમ્પાઉન્ડ, એમ.જી. રોડ, ઘાટકોપર પૂર્વ |


# જળગાંવમાં બળાત્કાર બાદ ૧૩ વર્ષની સગીરાની હત્યા

### નાની બહેને આપેલા વર્ણન પરથી નરાધમ પકડાયો

જળગાંવઃ જળગાંવમાં ૧૩ વર્ષની સગીરા પર બળાત્કાર ગુજાર્યા બાદ માથામાં પથ્થર ફટકારી તેની હત્યા કરવામાં આવી હતી. મૃતકની નાની બહેને આપેલા વર્ણન પરથી પોલીસે ૩૦ વર્ષના યુવકને પકડી પાડી લોકઅપભેગો કરી દીધો હતો. મધ્ય પ્રદેશનો વતની આરોપી તેના પરિવારજનો સાથે જળગાંવના ચોપડા તાલુકામાં રહે છે.

સગીરો પરિવાર જે ખેતરમાં કામ કરે છે ત્યાંથી થોડે દૂર આરોપીને બહેન રહે છે અને આરોપી થોડા દિવસ અગાઉ તેની બહેનને ત્યાં આવ્યો હતો. શનિવારે સાંજે તે પોતાના ઘરે પાછો જઇ રહ્યો હતો ત્યારે ખેતરથી નાની બહેન સાથે ઘરે જઇ રહેલી સગીરા પર તેની નજર પડી હતી.

તે સગીરાને ખેંચીને ખેતરમાં લઇ ગયો હતો, જ્યાં તેના પર બળાત્કાર ગુજાર્યો હતો અને બાદમાં માથામાં પથ્થર ફટકારી તેની હત્યા કરી હતી. ઘટનાસ્થળે હાજર નાની બહેન ત્યાંથી ભાગીને ઘરે ગઇ હતી અને પરિવારજનોને ઘટનાની જાણ કરી હતી. પરિવારજનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને સગીરાને હોસ્પિટલમાં લઇ ગયા હતા, જ્યાં તેને મૃત જાહેર કરાઇ હતી. દરમિયાન સગીરાની નાની બહેને આપેલા આરોપીના વર્ણન પરથી પોલીસે ગણતરીના કલાકોમાં તેને નજીકના ગામમાંથી પકડી પાડ્યો હતો. ધરપકડ બાદ આરોપીને કોર્ટમાં હાજર કરાયો હતો અને તેને ૧૩ સપ્ટેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. ■

# દિલ્હીની કંપનીના કાર્યકારી અધ્યક્ષ સહિત ત્રણ વિરુદ્ધ ઈડીએ પોલીસ ફરિયાદ નોંધાવી

મુંબઈઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ઈડી) દિલ્હીની ખાનગી કંપની રેલિગેઅર એન્ટરપ્રાઈઝીસ પ્રા. લિ.નાં કાર્યકારી અધ્યક્ષ ડૉ. રશ્મિ સલુજા સહિત ત્રણ જણ વિરુદ્ધ મુંબઈના માટુંગા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બર્મન કુટુંબ અંગે ખોટી માહિતી આપવી અને તેના આધારે ૧૭૯ કરોડ રૂપિયાનો ગેરલાભ લેવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

ઈડીની ફરિયાદને આધારે માટુંગા પોલીસે સલુજા સહિત કંપનીના સીઈઓ નીતિન અગ્રવાલ અને અધ્યક્ષ નિશાંત સિંઘલ સામે ગુનો નોંધ્યો હતો. કેસની વધુ તપાસ આર્થિક ગુના શાખાને સોંપવામાં આવી હતી.

ઈડીના અધિકારી રામ નારાયણે આ બાબતે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર ઈડી દ્વારા એક પ્રકરણની તપાસ કરવામાં આવી રહી હતી. આ પ્રકરણની તપાસ કોર્ટના આદેશને પગલે હાથ ધરાઈ હતી, જે મામલે ૧૧ નવેમ્બર, ૨૦૨૩ના રોજ માટુંગા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર રેલિગેઅરના શૅર હોલ્ડર વૈભવ ગવળી આ પ્રકરણ કોર્ટમાં લઈ ગયા હતા. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે કંપનીના ભૂતપૂર્વ અધિકારીઓએ બર્મન કુટુંબની મદદથી કંપનીની મિલકતની કથિત રીતે તફડંચી કરી હતી. જોકે ઈડીની તપાસમાં બર્મન કુટુંબ અંગે ખોટી માહિતી આપવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. ■

# થાણેમાં વેપારી પાસેથી રૂપિયા વસૂલ્યાઃ 'સામાજિક કાર્યકર' સહિત બે પકડાયા

થાણેઃ થાણેના વેપારીને ધમકીભર્યા કૉલ કર્યા બાદ તેની પાસેથી રૂ. ૫૦ હજાર વસૂલવા પ્રકરણે 'સામાજિક કાર્યકર' સહિત બે જણની ધરપકડ કરી હતી.

પોલીસે ધરપકડ કરેલા બંનેની ઓળખ કલવાના કડુબા મહાદુ તેલુરે (૬૦) અને કોપરી કોલોનીના 'સામાજિક કાર્યકર' વિશાલ ઉર્ફે બાળાસાહેબ સાહેબરાવ ભોસલે (૪૦) તરીકે થઇ હતી. પોલીસે તેમની પાસેથી રૂ. ૧.૦૮ લાખની મતા જપ્ત કરી હતી.

કોપરી પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા અનુસાર મીઠાઇની દુકાન ધરાવતા વેપારી પાસેથી ભોસલેએ ૨૦૧૯થી ડોનેશનને નામે પૈસા વસૂલ્યા હતા. ■

ભોસલેએ ૬થી ૮ સપ્ટેમ્બર દરમિયાન વેપારીને ધમકીના અનેક કૉલ કર્યા હતા અને ૫૦ હજાર રૂપિયની માગણી કરી હતી.

રૂપિયા ન ચૂકવે તો હિંસાની ચેતવણી આપી હતી. થાણેમાં કાર્યરત ગુનેગારી ટોળકીનું નિયંત્રણ પોતાની પાસે હોવાનો પણ તેણે દાવો કર્યો હતો.

દરમિયાન વેપારીએ ધમકી અંગે સિનિયર ઇન્સ્પેક્ટર રંજિત ડેરેને જાણ કરી હતી.

આથી પોલીસની વિશેષ ટીમ તૈયાર કરવામાં આવી હતી, જેણે ઑપરેશન હાથ ધરીને ભોસલે વતી પૈસા સ્વીકારવા આવેલા તેલુરેને પકડી પાડ્યો હતો. બાદમાં ભોસલેની પણ ધરપકડ કરાઇ હતી. (પીટીઆઇ) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પાર્કિંગ કૉન્ટ્રેક્ટમાં સુધરાઈને ૨૦૦ કરોડથી વધુ નુકસાનઃ આઈટીઆઈમાં ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ મુંબાદેવીમાં એલિવેટેડ મલ્ટીલેવલ ઈલેક્ટ્રોમેકેનિકલ કાર પાર્કિંગ સિસ્ટમ ચાલુ કરી છે, તો માટુંગા, ફોર્ટ અને વરલી માટે વર્કઓર્ડર બહાર પાડ્યા છે. આ સંપૂર્ણ પ્રક્રિયામાં પાલિકાને પાર્કિંગ કૉન્ટ્રેક્ટમાં ૨૦૦ કરોડ રૂપિયાથી વધુ નુકસાન થયું હોવાની ફરિયાદ સાથે તપાસ કરવાની માગણી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટિવિસ્ટે (આરટીઆઈ) કરી છે. આરટીઆઈ એક્ટિવિસ્ટ અનિલ ગલગલીના જણાવ્યા મુજબ દિલ્હીમાં પ્રતિવાહન સાતથી ૧૭ લાખનો ખર્ચ આવે છે, તેની સામે મુંબઈમાં આ ખર્ચ ૨૨ લાખથી ૪૦ લાખ રૂપિયા આવી રહ્યો છે અને તમામ ઠેકાણે મૂળ ઉપકરણનું ઉત્પાદન ભાગીદાર મેસર્સ સોટેફિન પાર્કિંગ પ્રાઈવેટ લિમિટેડ કંપની છે. અનિલ ગલગલીએ મુખ્ય પ્રધાન એકનાથ શિંદ સહિત પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને પત્ર લખીને ૫૧૩.૪૧ કરોડ રૂપિયાના કૉન્ટ્રેક્ટના કામની તપાસ કરવાની અને કૉન્ટ્રેક્ટ રદ કરવાની માગણી કરી છે. ફરિયાદમાં અનિલ ગલગલીએ લખ્યું છે કે તમામ ટેન્ડરધારકોમાં મૂળ ઉપકરણ નિર્માણ ભાગીદાર મેસર્સ સોટેફિન પાર્કિંગ પ્રાઈવેટ લિમિટેડ છે, જેમાં કૉન્ટ્રેક્ટની કિંમત ૫૧૩.૪૧ કરોડ છે, જે અન્ય ઠેકાણે આ જ મેસર્સ સોટેફિન પાર્કિંગ પ્રાઈવેટ લિમિટેડ તરફથી કરવામાં આવેલા કામની સરખામણીમાં વધુ છે. એક કરતા વધુ ટેન્ડરધારકો સાથે મેસર્સ સોટેફિન પાર્કિંગ પ્રાઈવેટ લિમિટેડે એમઓએ કર્યા છે.

મૂળ ઉપકરણ ઉત્પાદન ભાગીદાર મેસર્સ સોટેફિન પાર્કિંગ પ્રાઈવેટ લિમિટેડે નવી દિલ્હીમાં સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટમાં ૨૬૪ કાર પાર્કિંગનું કામ ૪૪.૭૧ કરોડમાં કર્યું છે, જેમાં પ્રતિ કાર ખર્ચ ૧૬.૯૪ લાખ છે. નવી દિલ્લીમાં જીપીઆરએમાં ૩૦૦ કાર પાર્કિંગનું કામ ૨૧.૧૮ કરોડમાં કર્યું છે, જેમાં પ્રતિ કાર ખર્ચ ૭.૦૬ લાખ છે.

# ક્રાઈમ બ્રાન્ચના અધિકારીના સ્વાંગમાં પાંચ લાખની રોકડ પડાવી ત્રણ ફરાર

મુંબઈઃ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી હોવાનું જણાવી પાંચ લાખની રોકડ પડાવીને ત્રણ જણ ફરાર થઈ ગયા હોવાની ઘટના ખારમાં બની હતી. બાન્દ્રા પશ્ચિમમાં રહેતા વકીલ તૌસિફ શેખે નોંધાવેલી ફરિયાદને આધારે ખાર પોલીસે ત્રણ અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે ઘટના રવિવારની સવારે ૭ વાગ્યાની આસપાસ બની હતી. ફરિયાદીના ભાઈ કાદીરનો મની ટ્રાન્સફરનો વ્યવસાય હોવાથી શનિવારે ફરિયાદીને ૫.૭૦ લાખ રૂપિયા ગ્રાહકના બૅન્ક ખાતામાં જમા કરાવવા આપ્યા હતા. શનિવારની રાતે મોડું થઈ ગયું હોવાથી ફરિયાદી રવિવારે રૂપિયા જમા કરાવવા નીકળ્યો હતો. ખાર ૧૬મા રોડ ખાતે આવેલા રાષ્ટ્રીયકૃત બૅન્કના એટીએમ સેન્ટરમાં જઈ ફરિયાદીએ એક ગ્રાહકના ખાતામાં ૭૦ હજાર રૂપિયા સીડીએમ મશીનથી ભર્યા હતા. રૂપિયા ભરીને ફરિયાદી બહાર નીકળ્યો ત્યારે બે શખસ તેની નજીક આવ્યા હતા અને પોતાની ઓળખ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે બતાવી હતી. પૂછપરછ કરવાને બહાને ફરિયાદીને એક કારમાં બેસાડવામાં આવ્યો હતો.

છેલ્લા પાનાનું ચાલુ

## જાહેરમાં લૂંગડાં

ફડણવીસ સાથે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર બંધ બારણે ચર્ચા કરી હતી. વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખતાં મહાયુતિના આગેવાનોએ સંયમ રાખવો જોઈએ અને એકતાની છબી પ્રજા સમક્ષ રજૂ થાય તેનું ધ્યાન રાખવું જોઈએ એમ જણાવતાં શાહે ઉમેર્યું હતું કે ચોક્કસ માપદંડોના આધારે બેઠકોની ફાળવણી થવી જોઈએ, યોગ્ય ઉમેદવારોની પસંદગી કરવી જોઈએ જે જીતવાની ક્ષમતા ધરાવતા હોય.

મહાયુતિના વિવાદમાં વિધાન પરિષદમાં બાર સભ્યોની નિમણૂકનો મુદ્દો અટવાયેલો છે. અજિત પવારે ભાજપ માટે છ અને શિવસેના અને એનસીપી માટે ત્રણ-ત્રણનો પ્રસ્તાવ સ્વીકાર્યો નથી.

અમિત શાહે સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે ભાજપની રાજ્ય સંચાલન સમિતિના નેતાઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળે, મુંબઈ અધ્યક્ષ, ગિરીશ મહાજન, રવિન્દ્ર ચવ્હાણ, પંકજા મુંડે, રાવસાહેબ દાનવે અને અન્ય નેતાઓ હાજર હતા.

આ બેઠકમાં શાહે રાજ્યના મહત્વના મુદ્દાઓ, લાડકી બહેન, ખેડૂતોને કૃષિ પંપ માટે મફત વીજળી વગેરે નિર્ણયોનો ચૂંટણીમાં રાજકીય લાભ કેવી રીતે મેળવવો, ગયા વખતની ચૂંટણી કરતાં ભાજપ કઈ રીતે વધુ બેઠકો જીતી શકે વગેરે મુદ્દે ચર્ચા કરી હતી. મરાઠાવાડા સહિત કેટલાક વિસ્તારોમાં મરાઠા આરક્ષણનો મુદ્દો ભાજપ માટે મોટો ફટકો હતો. બંધારણીય પરિવર્તનની ચર્ચા, ડુંગળીની નિકાસ પ્રતિબંધ સહિતના કેટલાક મુદ્દાઓને કારણે લોકસભાની ચૂંટણીમાં પરાજય થયો હતો. બેઠકમાં વિધાનસભાની ચૂંટણીમાં આ બાબતો પર કડક ધ્યાન આપવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ■

### શિવસેના અને એનસીપીને સન્માનજનક સ્થાન

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સોમવારે મુંબઈના એરપોર્ટ પર મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને તેમના નાયબ અજિત પવાર સાથે ટૂંકી બેઠક યોજી હતી. મુંબઈમાં કેટલાક ગણેશ પંડાલની તેમણે મુલાકાત લીધી હતી. મીટિંગમાં શું થયું તે અંગે કોઈ સત્તાવાર માહિતી નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર, શાહે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના બંને સહયોગીઓને ખાતરી આપી હતી કે રાજ્ય વિધાનસભાની આગામી ચૂંટણીઓ માટે મહાયુતિના ભાગીદારો વચ્ચે બેઠકોની 'સન્માનજનક' વહેંચણી કરવામાં આવશે.

એકનાથ શિંદે શિવસેનાના વડા છે, જ્યારે અજિત પવાર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના અધ્યક્ષ છે અને બંને સત્તાધારી મહાયુતિ ગઠબંધનમાં ભાજપના સાથી છે.

ભાજપના ભૂતપૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ અને પક્ષના મુખ્ય ચૂંટણી વ્યૂહરચનાકાર અમિત શાહ મુંબઈની બે દિવસની મુલાકાતે આવ્યા હતા, જ્યાં તેમણે રવિવારે સાંજે એક મીડિયા સંસ્થા દ્વારા નિર્મિત ડોક્યુમેન્ટરી રિલીઝ કરવા માટેના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. ત્યારબાદ તેઓ દક્ષિણ મુંબઈમાં રાજ્ય સરકારના સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના રાજ્ય એકમના કોર કમિટીના સભ્યોને મળ્યા. મુંબઈ છોડતા પહેલાં અમિત શાહ સોમવારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાનો દેવેન્દ્ર ફડણવીસ, અજિત પવાર, એનસીપીના કાર્યકારી પ્રમુખ પ્રફુલ પટેલ, એનસીપીના પ્રદેશ અધ્યક્ષ સુનીલ તટકરે અને અન્ય મુખ્ય નેતાઓને એરપોર્ટ પર મળ્યા હતા. એરપોર્ટ પરની આ મુલાકાતમાં અમિત શાહે બંને પક્ષોને બેઠકોની વહેંચણી વખતે સન્માનજનક સ્થાન આપવાની ખાતરી આપી હોવાનું આધારભૂત સાધનો પાસેથી જાણવા મળ્યું હતું.

અમિત શાહે આ પહેલાં મુંબઈમાં પ્રખ્યાત 'લાલબાગચા રાજા' સહિત કેટલાક ગણેશ પંડાલોની મુલાકાત લીધી હતી. કેન્દ્રીય મંત્રીએ ભાજપના વરિષ્ઠ નેતા ફડણવીસના નિવાસસ્થાનની પણ મુલાકાત લીધી હતી અને ત્યાં સ્થાપિત ગણેશ મૂર્તિની પૂજા કરી હતી. બાદમાં તેમણે મુખ્ય પ્રધાન શિંદેના સત્તાવાર નિવાસસ્થાન 'વર્ષા' બંગલોમાં સ્થાપિત ગણપતિની મૂર્તિ પાસે પ્રાર્થના કરી હતી. (પીટીઆઈ) ■

## મુખ્ય મંત્રી માઝી

સોમવારે વર્ષા નિવાસસ્થાને યોજાયેલી પત્રકાર પરિષદમાં આ ઝુંબેશની માહિતી આપવામાં આવી હતી.

એકનાથ શિંદેએ કહ્યું હતું કે આ ઝુંબેશમાં શિવસૈનિકો રોજ ૧૫ પરિવારોની મુલાકાત લેશે. જે પરિવારોને મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજનાનો લાભ મળ્યો છે અને જે પરિવારો સુધી આ યોજનાનો લાભ મળ્યો નથી તેમને મળવાના પ્રયાસો કરવામાં આવશે. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે મંગળવારે મુખ્ય પ્રધાનની લાડકી બહેન પરિવાર મુલાકાત ઝુંબેશની એપ લોન્ચ કરવામાં આવશે. આ પહેલાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શિવસેનાના પ્રધાનો, સાંસદો, વિધાનસભ્યો અને રાજ્યભરના કાર્યકરો સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા વાતચીત કરી હતી.

મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના, લેક લાડકી લખપતિ યોજના, મુખ્યમંત્રી યુવા રોજગાર તાલીમ યોજના, મુખ્યમંત્રી અન્નપૂર્ણા યોજના, કન્યાઓ માટે મફત ઉચ્ચ શિક્ષણ યોજના, મુખ્યમંત્રી વયોશ્રી યોજના, મુખ્યમંત્રી તીર્થ દર્શન યોજના, મુખ્યમંત્રી કૃષિ પંપ પાવર બિલ માફી યોજના, કામગાર કલ્યાણ યોજના, મહિલા સ્વ-સહાય જૂથો માટેની વિવિધ યોજનાઓ મળીને ટોપ ટેન યોજનાની માહિતી કુટુંબોને આપવામાં આવશે, આ યોજનાઓનો લાભ મળ્યો છે કે નહીં તેની પુછપરછ કરવી, લાભ મળ્યો ન હોય તો તે લાભ મેળવી આપવા માટે યોગ્ય કાર્યવાહી કરવી, સરકારની અન્ય યોજનાઓ અંગેની પ્રક્રિયા પણ પરિવારને સમજાવવી, આ બધો માઝી લાડકી બહિણ યોજના કુટુંબ મુલાકાત યોજના પાછળનો ઉદ્દેશ છે. પરિવારમાં કોઈ વંચિત વ્યક્તિ હોય તો તેની નોંધ લઈને આ ઝુંબેશ હેઠળ તેનો લાભ પહોંચાડવામાં મદદરૂપ થવાનો હેતુ આ યોજના પાછળ છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

સરકારની પારિવારિક મુલાકાત લઈને કશું માગવાનો નહીં પણ લોકોને આપવાનો પ્રયાસ કરી રહી છે. મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજનાની નોંધણી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. ઘણા લાભાર્થીઓએ આ યોજનાનો અનુભવ સારો થયો હોવાનું તેમણે જણાવ્યું છે.

તેમણે ઉમેર્યું કે અત્યાર સુધીના ઇતિહાસમાં સમગ્ર પરિવાર માટે કોઈ કલ્યાણકારી યોજનાઓ નથી. અર્થવ્યવસ્થા પાછળ મહિલાઓ સૌથી મોટી પ્રેરક શક્તિ છે. તે સ્ત્રી છે જે ઘરનું બજેટ ચલાવે છે અને તેના હાથમાં જે પૈસા આવશે તે અર્થતંત્રમાં પાછા જશે. તેમણે એમ પણ કહ્યું હતું કે જો મહારાષ્ટ્રની અર્થવ્યવસ્થા મજબૂત થશે તો તેનાથી દેશને ફાયદો થશે. આજે મહારાષ્ટ્ર ઉદ્યોગ, ઈન્ફ્રા, કૃષિ, રોકાણ ક્ષેત્રે નંબર વન છે. તેમની સરકાર આવી તે પહેલા મહારાષ્ટ્ર રોકાણમાં પાછળ હતું, એમ તેમણે જણાવ્યું હતું.

અગાઉ સરકારની આ યોજના હેઠળ રાજ્યના ૫ કરોડથી વધુ નાગરિકોને લાભ મળ્યો હતો. સરકારે મહાત્મા જ્યોતિબા ફુલે જન આરોગ્ય યોજનાની મર્યાદા ૧.૫ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ રૂપિયા કરી છે. જો તમામ શરતો હળવી કરવામાં આવે તો તે બધા જ રેશનકાર્ડ ધારકોને લાગુ પડશે. એકનાથ શિંદેએ પુનરોચ્ચાર કર્યો કે આ સરકાર ખેડૂતો, મજૂરો, મહિલાઓ, યુવાનો, કામદારો, વરિષ્ઠ નાગરિકો જેવા તમામ વર્ગોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે.

આ અભિયાનમાં તમામ કાર્યકર્તાઓના મોબાઈલ ફોનમાં એક ખાસ એપ ડાઉનલોડ કરવામાં આવશે. આ એપમાં જીઓ ટ્રેકિંગ કરવામાં આવશે. હિન્દુ હૃદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરેએ શીખવ્યું હતું કે ૮૦ ટકા સમાજકારણ ૨૦ ટકા રાજકારણ હોવું જોઈએ. શિવસેનાના દરેક પદાધિકારી અને કાર્યકર્તા આ શિખામણ પ્રમાણે કામ કરી રહ્યા છે. ■

## પુણેને સમૃદ્ધિ

ફ્લાયઓવર કેસનંદ ગામથી શરૂ થઈને શિરુર સુધી જશે અને તેના નિર્માણમાં ૭૫૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. જો કે, આ ફ્લાયઓવરને અહેમદનગર થઈને સમૃદ્ધિ મહામાર્ગ સાથે જોડવા માટે વધારાના રૂ. ૨૦૫૦ કરોડનો ખર્ચ થશે, જેથી કુલ ખર્ચ રૂ. ૯૫૬૫ કરોડનો થશે. આ હાઈવેની કુલ લંબાઈ ૨૫૦ કિલોમીટર હશે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની કેબિનેટ બેઠકમાં પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી. આ સુધારેલા રૂટ હેઠળ, પૂણેથી છત્રપતિ સંભાજીનગર સુધીનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ, જે અગાઉ 'એનએચએઆઈ' દ્વારા બનાવવામાં આવતો હતો, એપ્રિલમાં થયેલા કરાર મુજબ હવે 'એમએસઆઈડીસી'ને સોંપવામાં આવ્યો હતો અને તેના પર ઝડપથી કામ શરૂ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ

માત્ર પૂણે અને છત્રપતિ સંભાજીનગર વચ્ચેની કનેક્ટિવિટીને જ નહીં સુધારે, પરંતુ આ ક્ષેત્રના આર્થિક અને સામાજિક વિકાસને પણ નવી ઊંચાઈઓ પર લઈ જશે.

પીડબ્લ્યુડી ના એક અધિકારીએ જણાવ્યું હતું કે, માર્ચ ૨૦૨૪માં હસ્તાક્ષર કરાયેલા સમજૂતી પત્ર મુજબ, પીડબ્લ્યુડી અને મહારાષ્ટ્ર સરકાર બે વર્ષમાં પ્રોજેક્ટ શરૂ કરવા માટે તમામ જરૂરી પગલાં શરૂ કરશે. આમ કરવામાં નિષ્ફળ જતાં, માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય જાહેર હિતમાં સમગ્ર પ્રોજેક્ટને પોતાના હાથમાં લેવાનું વિચારી શકે છે. ■

## ૨,૦૦૦થી ઓછા

હતો. નિષ્ણાતોના મતે ઓછા મૂલ્યનો વ્યવહાર મોટા પ્રમાણમાં થતો હોવાથી હવે તેનો ફટકો નાના વેપારીઓને બેસવાનો છે. કાર્ડ વ્યવહાર પર જીએસટી વસૂલવામાં આવશે તો વેપારીઓ તેની વસૂલી ગ્રાહકો પાસેથી કરશે.

જોકે હાલમાં પેમેન્ટ એગ્રીગેટર કંપનીઓ પ્રત્યેક વ્યવહાર પાછળ અડધાથી બે ટકાની વસૂલી કરે છે. મોટા ભાગના વ્યવહાર પર સરેરાશ ૧ ટકા જેટલી ફી વસૂલવામાં આવે છે. હાલમાં રૂ. ૧ હજારનું પેમેન્ટ કર્યું હોય તો વેપારીઓ ૧ ટકો એટલે કે રૂ. ૧૦ વસૂલે છે. હવે જ્યારે ૧૮ ટકા જીએસટી વસૂલવાની વિચારણા કેન્દ્ર સરકાર વિચારી રહી છે તો એ ફી વધીને રૂ. ૧૮૦ જેટલી થઇ જશે. આ વધારો જો મામૂલી જણાય તો પણ નાના વેપારીઓને તેનો ફટકો લાગશે. જોકે સરકાર કાર્ડ પેમેન્ટ પર જીએસટી વસૂલવાની વિચારણા કરી રહી છે, ત્યારે યુપીઆઈ પેમેન્ટને આમાંથી બાદ રાખવામાં આવશે, એવું સૂત્રોએ જણાવ્યું હતું. આને કારણે યુપીઆઈનો વપરાશ વધી જશે, એવું જણાય છે. જોકે કાર્ડથી પેમેન્ટ કરનારાઓ માટે બીજો એક વિકલ્પ ખુલ્લો છે કે તેઓ બે હજારથી વધારાની ખરીદી કરશે તો તેઓને જીએસટી નહીં લાગે. ■

## સર્વેક્ષણે ઉડાવી ભાજપની

નાયબ મુખ્ય પ્રધાનો દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારની બેઠકમાં પણ સર્વેક્ષણના તારણો વિશેની માહિતી આપીને બધાને સક્રિય થવાની સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ભાજપ દ્વારા તૈયાર કરવામાં આવેલી રણનીતિ મુજબ ભાજપે આગામી વિધાનસભાની ચૂંટણીમાં ૧૨૫ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખ્યું છે, જ્યારે સર્વેક્ષણના અહેવાલમાં ભાજપને ફક્ત ૫૦ બેઠક મળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આવી સ્થિતિમાં બાકીની ૭૫ બેઠકોના સંભવિત પરિણામોને બદલવાની જવાબદારી ભાજપના પ્રદેશાધ્યક્ષને સોંપવામાં આવી છે. આ સર્વેક્ષણના પરિણામો બાદ હવે ભાજપે અડધોઅડધ બેઠકો લડવાની પોતાની જીદ છોડી દીધી હોવાનું સાંભળવા મળી રહ્યું છે. આવી સ્થિતિમાં સાથી પક્ષોને ચૂંટણી લડવા માટે વધુ બેઠકો મળવાની આશા જાગી છે. ■

## ભાજપના પ્રદેશ

તેમને તેહસીલ પોલીસના તાબામાં સોંપ્યા હતા. વધુ તપાસ માટે તેમને સિતાબુલદી પોલીસને સોંપાયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ઑડી કારમાં હાજર લોકો ધરમપેઠ સ્થિત એક બિયર બારમાંથી પાછા ફરી રહ્યા હતા ત્યારે અકસ્માત નડ્યો હતો. આ પ્રકરણે પોલીસે બેદરકારીથી વાહન ચલાવવા અને અન્ય કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. હાવરે અને ચિત્તમવારને પોલીસે બાદમાં જામીન પર છોડ્યા હતા. (પીટીઆઈ) ■

# હિન્દુ મરણ

પ્રદિપભાઈ ચંપકલાલ પારેખ (ઉં. વ. ૭૮) તે સ્વ. હંસાબેનના પતિ અને સ્વ. હરકિસનભાઈ, સ્વ. ભાનુબેન, દિનેશભાઈ, સુમનભાઈ, મહેશભાઈ અને રશ્મિકાંતના ભાઈ. પ્રમિલા, વીણા, મનીષા અને લતાના જેઠ. જસ્મીના, કૃપા અને હેતલના પિતા. લોમેશ મહેતા, સંજય શેઠ, નિમેષ શેઠના સસરા. શામજી ગિરધર શેઠના જમાઈ ૯-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે.બી-૪૦૨ શુભમ કોપરેટીવ હાઉસિંગ સોસાયટી, બિહાઈન્ડ દિવ્યા ગુંજન સોસાયટી, ચારકોપ, કાંદીવલી વેસ્ટ.

ગામ ચૂડા, હાલ કાંદિવલી ચારકોપ સ્વ.દેવજીભાઈ પરમાર (ઉં. વ. ૬૮) તા. ૭-૯-૨૪ના રામચરણ પામ્યા છે. રામજીભાઈ શામજી પરમાર અને સ્વ.વાલીબેન પરમારના પુત્ર. સ્વ. રાઘવભાઈ ઉકા સોલંકી અને સ્વ લક્ષ્મીબેન સોલંકીના જમાઈ. મંજુલાબેનના પતિ. સ્મિતા, હિતેશ, જ્યોતિ અને ઉર્મિલાના પપ્પા. તા.૧૧/૯/૨૪ શ્રી તથા ભાટિયા પંચાયત હોલ, કાંદિવલી (પશ્ચિમ), બારમાની વિધિ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ લખપત (કોટેશ્વર)વાળા સ્વ. દીનદયાલ ડુંગરશી કારીયા (લખપતીયા)ના મોટા પુત્ર વિક્રમભાઈ (ઉં. વ. ૭૨) ૭-૯-૨૪ના રામશરણ પામેલ છે. (હાલે વિરાર) તે પ્રેમાબહેનના પતિ. ગાયત્રી વિપુલ કોટક તથા કેતનના પિતા. ધવલ તથા વિશાલના નાના. માધવજી વેલજી રાયચના (મોટા સાડિયા)વાળાના જમાઈ. સ્વ. જયશ્રી કિર્તી કાપડીયા, સ્વ. વિનયના ભાઈ. સાદડી રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

પોરબંદર નિવાસી હાલે ઘાટકોપર-મુંબઈ, રેખાબેન જોશી તે કિશોર નરોતમ જોશી (વ્યાસ)ના ધર્મપત્ની. સ્વ. કંચનબેન શાંતિલાલ દોશીના દીકરી. નિકુંજ અને હિમાંશુના માતુશ્રી. ધ્વનિ અને કૃતિના સાસુ. શોભા મહેન્દ્ર દેલીવાલાના બેન. મીસ્ટી, માયરાના દાદી. પ્રાર્થનાસભા ૧૦-૯-૨૪ના ૪ થી ૫.૩૦ સ્વામી નારાયણ મંદિર, ૯૦ ફિટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

**કચ્છી રાજગોર**

ગં. દેવમણી જોશી ગામ લાખીયાર વીરા હાલ થાણા નિવાસી (ઉં. વ. ૯૫) તે સ્વ. લીલાધર જોશીના ધર્મપત્ની. તે સનત અને હેમંતના માતુશ્રી. કસતુર અને લતાના સાસુજી. સ્વ. મમુ લધા જોશી ગામ ભાડરાના પુત્રી. સ્વ. પરસોતમભાઈ, સુરજીભાઈ અને કાનજીભાઈના બેન ૬-૯-૨૪ના સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થનાસભા ૧૧-૯-૨૪ના ૪ થી ૬. ઠે.શ્રી કચ્છી રાજગોર મિત્ર મંડળ, રૂમ નં.૬, ૨જો માળો, લવકુસ બિલ્ડીંગ, એમ.બી. રોડ, મુલુન્ડ (વેસ્ટ).

**હાલાઈ ભાટિયા**

ગં.સ્વ. ભાનુબેન વેદ (ઉં. વ. ૮૨) ૬-૯-૨૪ના શ્રીજીના ચરણ પામેલ છે. તે સ્વ. મથુરાદાસ મોરારજી વેદની પુત્રવધૂ. સ્વ. રતનબાઈ રણછોડદાસ આશરની પુત્રી. સ્વ. નવીનકાંતના ધર્મપત્ની. અ.સૌ. અમીતા, મહેન્દ્ર સંપટ, અ.સૌ. ધર્મિષ્ઠા હરેશ આશર, અ.સૌ. મનીષા મનોજ આશર તથા અ.સૌ. અર્ચના વિજય આરેકરના માતુશ્રી તથા હાર્દિક, કિંજલ, વિરલ, રીમા, વર્ષા, ગાયત્રીના નાની. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**હાલાઈ ભાટિયા**

પારૂલ (પન્ના), નરેન્દ્ર કાપડિયાના પત્ની. સ્વ. જયાબેન (લીલીબેન) જયસિંહ કાપડિયાના પુત્રવધૂ. સ્વ. નીલુબેન લક્ષ્મીદાસ (કાકુભાઈ) નેગાંધીના પુત્રી. મહેન્દ્ર નેગાંધીના બેન. માલતી દિલીપ ભાટિયા, શકુંતલા અજીત આશર, ભરતભાઈ, ઉષા મહેન્દ્ર નેગાંધી, નલિની કિરણ વેદના ભાભી ૮-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાઘેર દશાશ્રીમાળી વણિક**

ગાંગડા નિવાસી હાલ વિલેપાર્લા કાંતાબેન (ઉં. વ. ૮૭) તે સ્વ. ચુનીલાલ માલજી શાહના ધર્મપત્ની. તે ગાંગડાવાળા સ્વ. વ્રજલાલ મોહનલાલ, સ્વ. ઠાકોરભાઈ, સ્વ. નર્મદાબેન લાલદાસ, સ્વ. અજવાળીબેન જયચંદ મહેતા, સ્વ. હંસાબેન હરખલાલ ગાંધીના નાના બેન ૭-૯-૨૪ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

સ્વ. સુધાબેન લક્ષ્મીદાસ મોદીના જયેષ્ઠ પુત્ર નરેશ મોદી માટુંગા નિવાસી (ઉં.વ.૬૬) તે અલકાબેનના પતિ. અર્જુનના પિતા. તે વિરાલીના સસરા. તે સ્વ. બેહચરદાસ ઠક્કર (અમદાવાદ)ના જમાઇ. તે પ્રવીણાબેન બિપીનભાઇ માણેક. શીલાબેન પંકજભાઇ જસાણી. સ્મિતાબેન ગુલામભાઇ મઢિયાના ભાઇ. રવિવાર તા. ૮-૯-૨૪ના મુંબઇ મુકામે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ઠા. ગુલાબરાય કાનજી રામજી અનમ ગામ ગુંદાલા હાલ માટુંગાના ધર્મપત્ની ગં. સ્વ. પ્રભાવતીબેન (ઉં. વ ૯૨) તે સ્વ. પાર્વતી દયારામ રાચ્છ ગામ કુકમાના પુત્રી. તે પ્રતિમા, હર્ષા મુકેશ, નંદિની કિરણ, માલિની કિશોર, પૂર્ણિમા નીતિન, ભાવેશ ને જીજ્ઞાના માતુશ્રી. ફાલ્ગુનીના સાસુ. સ્વ. ભગવાનદાસ, નટવરલાલ, મહેશભાઇ, પ્રફુલ્લાબેન, અર્જુન, ઇન્દિરાબેન દલીચંદ, પુષ્પાબેન ધીરજલાલ, ચંદ્રિકાબેન ડુંગરશીના ભાભી. સ્વ. નરસીદાસ, નવીનભાઇ, લીલાવતી મુળજીભાઇ, શાંતાબેન જમનાદાસ, સાકરબેન દેવજી, પ્રેમાબેન શીવજી, ગં. સ્વ. રતનબેન લવજીભાઇના બેન. તા. ૪-૯-૨૪ના બુધવારે શ્રીરામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટીયા**

મુંબઇ નિવાસી હિતેશ કિરીટભાઇ વેદ (ઉં. વ.૪૭) તા. ૮-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે ગં. સ્વ. મીનાબેનના પુત્ર. તે બીજલ પ્રકાશ ગાંધીના ભાઇ. તે સ્વ. કનુભાઇ, રમેશભાઇ, હરેશભાઇ, વાસંતિ અરવિંદ આશરના ભત્રીજા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

નાગપુર નિવાસી, હાલ મીરા રોડ ગં.સ્વ.ઈન્દીરાબેન રાજા (ઉં. વ. ૭૬) તે સ્વ.વસંતરાય છબીલદાસ રાજાના પત્ની. પિયરપક્ષે સ્વ.રમણીકલાલ તન્નાના સુપુત્રી. મનોજ, દિપાલી અને ધર્મેશના માતુશ્રી. ઉપેશકુમાર લાખાણી, મમતા, મીનાના સાસુ. ધ્રુવ તથા દિશિતાના દાદી. વૈભવ, વૈભીવીના નાની તા.૫/૯/૨૪ના શ્રીજીચરણ પામેલા છે. પ્રાર્થનાસભા તા.૧૦/૯/૨૪ મંગળવાર ૫થી ૭. ઠે. શ્રી સ્વામી નારાયણ મંદિર વડતાલ, ફેઝ - ૩, પૂનમ નગર, શાંતિ પાર્ક, એચ.ડી.એફ.સી. બેંકની નજીક. મીરા રોડ (ઈસ્ટ).

**હાલાઇ લોહાણા**

વલ્લભદાસ જમનાદાસ રાજાણી (ઉં. વ. ૯૭) મૂળગામ વાંસજાળીયા હાલ મલાડ ૮/૯/૨૪ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.રાધાબેનના પતિ. સ્વ.મોરારજીભાઈ, સ્વ.ગોવિંદજીભાઈ, ઓધવજીભાઈ, ત્રિભોવનભાઈ, સ્વ.પ્રભુદાસભાઈ અને દયાળજીભાઈના મોટાભાઈ. નિર્મલાબેન ધનસુખલાલ, ગોપાલભાઈ, ચંદ્રિકાબેન વિનોદરાય, ઉષાબેન રાજેન્દ્ર, અનિલભાઈ, અતુલભાઈના પિતા. ગીતાબેન, જ્યોતિબેન, આરતીબેનના સસરા. તેજસ, કૃણાલ, અર્જુન, પ્રીત, ક્રિષ્ના, રચના, પ્રણાલી, મનાલી, બિનલ અને રાજવી ના દાદા. પ્રાર્થનાસભા ૧૦/૯/૨૪ મંગળવાર ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, પહેલે માળે, એસ.વી. રોડ, શંકર મંદિર પાસે, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઇ ભાટિયા વૈદવાળા**

જયસિંહ રામદાસ ઉદેશી (ઉં. વ. ૬૯) તે રામદાસ જેઠાભાઇ ઉદેશીના પુત્ર. કીર્તિના પતિ. સ્વ.વિજયસિંહ, કુંદનબેન, કિશોરીબેનના ભાઈ. માધવ તથા અનેરીના પિતા. ખટાઉ મનુભાઈ વૈદના જમાઈ. ૬/૯/૨૪ના કાંદિવલી મુકામે શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા મોઢ માંડલીયા વણીક**

વાંકાનેર નિવાસી હાલ મુંબઈ દિલીપ મોદી (ઉં. વ. ૭૮) ધનકુંવરબેન તથા મથુરાદાસ ભાઈચંદ મોદીના સુપુત્ર તા. ૮-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે રેખાબેન, પ્રજ્ઞાબેન તથા મુકેશભાઈના મોટાભાઈ. રૂપાબેનના જેઠ, બાબુલ, સ્મ્રીતી, રીકેન અને અદીતીના કાકા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# જૈન મરણ

વલ્લભીપુર નિવાસી હાલ મીરા રોડ સ્વ. ભારતભાઈ બાલુભાઈ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. લતાબેન મહેતા ૬-૯-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તે જિનેશ, વિભાના માતુશ્રી. નરેશ જૈન તથા મનસ્વીના સાસુની પ્રાર્થનાસભા ૧૦-૯-૨૪ના ૪ થી ૬. ઠે.રાજસ્થાન હોલ, ૬૦ફીટ રોડ, ભાયંદર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

સંઘવીના પાડાના હાલ વસઈ સ્વ. પ્રતાપચંદ્ર પન્નાલાલ પટવાના ધર્મપત્ની ગં.સ્વ. નીનાબેન (ઉં. વ. ૭૭) તે સ્વ. હસુમતીબેન મોહનલાલ શાહના સુપુત્રી. તે નંદિતા, સ્નેહલ, કેતકીના માતા. કેતનકુમાર, ફોરમ અને નિમેશકુમારના સાસુ. ધૈર્યના દાદી. ક્રીમી, દીપ અને આયુષના નાની. જયોસ્નાબેન, રૂપાબેન, નલિનીબેન અને પ્રકાશભાઈના બેન. સોમવારે ૯-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરત વિશા ઓસવાલ જૈન**

સુરત નિવાસી હાલ મુંબઈ સ્વ. હેમેન્દ્રભાઈ સરકાર (ઉં. વ. ૭૦ વર્ષ) ૬-૯-૨૪ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ભદ્રાબેન ફૂલચંદ સરકારના પુત્ર. સ્વ. પૂર્ણિમાબેનના પતિ. દર્શિતાબેન, વૈભવભાઈના પિતાશ્રી. હેતલબેન, ચિરાગભાઈના સસરા. વિનીતભાઈ, દેવયાનીબેન, અનીલાબેન તથા શોભનાબેનના ભાઈ તેમજ સ્વ. જશવંતીબેન બાબુભાઈ સંઘવીના જમાઈ. પ્રાર્થનાસભા બુધવાર ૧૧-૯-૨૪ના ૪ થી ૬. સ્થળ- ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ-૭.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર તીર્થ નિવાસી હાલ મુંબઇ અ. સૌ. ચારૂલતા બેન શાહ (ઉં. વ. ૭૭) તે સ્વ.ગણપતલાલ પૂનમચંદ દોશીના સુપુત્રી. સુરેશભાઇ કાંતિલાલ શાહના ધર્મપત્ની. સુજીતભાઇ, વૈશાલીબેનના માતુશ્રી. ભારતીબેન તથા સચીનકુમારના સાસુ. કિન્નરી ધીરમકુમાર કોટડીયાના દાદી. બીપીનભાઇ, સ્વ. પ્રમોદભાઇ, અશ્વિનભાઇ, ગુણવંતીબેન, ઉર્મિલાબેન, ચંદ્રબેન તથા સ્વ. તરલીકાબેન સ્નેહકાંત વોરાના ભાભી. તા. ૬-૯-૨૪ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠ વિશાશ્રીમાળી જૈન**

વાંકુના ખારચીયા નિવાસી હાલ ઘાટકોપર સ્વ.પિયુષ હીરાલાલ મહેતાના ધર્મપત્ની મધુબેન (ઉં. વ.૭૬) તે કૌશલ, વિશાલ તથા સપનાના માતુશ્રી. ભાવિની, શિલ્પા, જતિનના સાસુ. પિયર પક્ષે સ્વ. કાનજી જુઠા વોરાના સુપુત્રી. વેદાંત, જય/મિષા, ઝિયાના દાદી/નાની તા.૨/૯/૨૪, સોમવારના અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

પાડરશીંગા નિવાસી હાલ બોરીવલી અ.સૌ.રેખાબેન ગોહિલ (ઉં. વ. ૫૪) તે સુધીરભાઈ હરજીવનદાસ ગોહિલના ધર્મપત્ની. સ્વ. ઇન્દુમતી નરભેરામ શાહના દીકરી. પરાગ તથા મિલનના માતુશ્રી. સંયતી તથા સંગીતાના સાસુ. અશોકભાઈ તથા કિરીટભાઈના ભાભી. ક્રીશીવ, શ્લોક, રીધાન્તના દાદી. તા. ૭/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૨/૯/૨૪ના ૧૦ થી ૧૨ કલાકે પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘોઘા નિવાસી હાલ કાંદિવલી ભરતભાઈ મોહનલાલ સંઘવી (ઉં. વ. ૮૦) ૮/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે નીલાબેનના પતિ. અભયના પિતા. સ્વ.કુમારભાઈ, સ્વ. દેવેન્દ્રભાઈ, સ્વ.મધુકરભાઈ, પ્રકાશભાઈ, સ્વ.રાજેન્દ્રભાઇ, સ્વ. રસીલાબેન, સ્વ.વર્ષાબેન, મીનાક્ષીબેનના ભાઈ. ક્રિનાબેનના સસરા. જેસરવાળા ફતેચંદ વેલચંદ શાહના જમાઈ, હેતના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દિગંબર જૈન**

સુરેન્દ્રનગર નિવાસી નાગનેશ હાલ મલાડ નટવરલાલ લાલચંદ રૂઘનાથ શાહના ધર્મપત્ની હંસાબેન શાહ (ઉં. વ. ૮૮) તે ૭/૯/૨૪ના દેહપરિવર્તન કરેલ છે. સંજય તથા જીજ્ઞા હેમંત શાહના માતુશ્રી. પન્ના તથા હેમંત રમણીકભાઈ શાહના સાસુ. શ્રેષ્ઠા આશિષ સુઇયા, સ્નેહા તથા રીકીનના દાદી. પિયરપક્ષે વઢવાણ નિવાસી વીરચાળ વર્ધમાન કોઠારીના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર નિવાસી હાલ મલાડ સ્વ.સીતાબેન રસિકલાલ જીવતલાલ મોદીના પુત્ર કૈલેશ (ઉં. વ. ૬૭) તે ૮/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. જયાબેનના પતિ. અમીષ, દિશા જીગરકુમારના પિતા. પિંડવાળા નિવાસી ઝીણીબેન ધરમચંદજીના જમાઈ. અતુલ, અશ્વિન, સંજય, સુશીલા, અનિલા, ભારતી, અમિતા, રક્ષા, સંધ્યા, અલકા, જીજ્ઞાના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

દડવા નિવાસી હાલ દહિસરના નવીનચંદ્ર ઉજમશી શેઠ (ઉં. વ. ૮૭) ૪/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે જયાબેનના પતિ. જ્યોતિ, નીતા, ધરા, મનોજ તથા મીનાના પિતાશ્રી. રિખીલકુમાર કોઠારી, પ્રદીપકુમાર દોશી, જયેશકુમાર સાંગાણી, સ્વ.વિનયકુમાર ભોઇર, જાગૃતિના સસરા, સ્વ.ગુણવંતરાય, સ્વ.જશવંતરાય, હર્ષદભાઈ, નલીનભાઇના ભાઈ. સાસરાપક્ષે સ્વ.કેશવલાલ તારાચંદ મિયાણી ઢસાવાળાના જમાઈ. શત્રુંજયની ભાવયાત્રા ૧૦/૯/૨૪ મંગળવારના ૪ થી ૬. આંગન ક્લાસિક બેન્કવેટ હોલ, ફેક્ટરીલેનના કોર્નરે, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિજાપુર સત્તાવીશ વિશા શ્રીમાળી જૈન**

આજોલ નિવાસી હાલ દહિસર સ્વ.સરસ્વતીબેન બાબુલાલ પોપટલાલ શાહના પુત્ર વિપુલભાઈ શાહ (ઉં. વ. ૫૯) ૯/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે યોગિતાબેનના પતિ. વિરતી આદિત્ય કાપડિયા તથા હર્ષના પિતા. સ્વ. જ્યોતિન્દ્રભાઈ, દિપીકાબેન સુરેશકુમાર, સોનલબેન મહેશકુમાર, નીતાબેન વિજયકુમારના ભાઈ. સાસરાપક્ષે કલ્પનાબેન પ્રમોદચંદ્ર ઈશ્વરલાલ શાહ માંગરોલના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૧૦/૯/૨૪ના ૭ થી ૮.૩૦. મુક્તિ કમલ હોલ, શાંતિનાથ દેરાસરની બાજુમાં, એલ ટી રોડ, દહિસર સ્ટેશનની સામે, દહિસર વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ ઘાટકોપર ગીતાબેન શાહ (ઉં. વ. ૭૬) તે ૮/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ગૌરવ, તોરલ અલ્પેશકુમાર દોશી, ગુંજન નિખિલકુમાર ચંદનના માતુશ્રી. હેથ તથા કાજલના નાની. પોપટલાલ વીરચંદ શાહ હાલ બેંગ્લોરના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિશાશ્રીમાળી જૈન**

સ્વ. નિર્મળાબેન સૌભાગ્યચંદ આણંદજી વોરાની પુત્રવધૂ અ.સૌ. હર્ષાબેન નરેશભાઈ વોરા (ઉં. વ. ૬૮) જે સ્નેહા અને મોનિકાના માતુશ્રી, અલકાબેન અશોકભાઈ અને સાધનાબેન નવનીત ભાઈના ભાભી. સ્વ. અનુપચંદ મોહનલાલ મહેતાની સુપુત્રી. સ્વ. અનસુયાબેન, નિરંજનાબેન, સ્વ. કુંદનબેન, નયનાબેન અને રીટાબેનના બહેન તા. ૩-૯-૨૪ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. ઠે. ૫૪ મહાગીરી, અશોક ચક્રવતી રોડ, કાંદીવલી ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ તારદેવ સ્વ. પ્રભુદાસભાઈ રૂગનાથભાઈ તારાચંદ દોશીના ધર્મપત્ની નયનાબેન દોશી (ઉં. વ. ૭૬) ૪/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે મયુર, નિખિલ, કવિતાના માતુશ્રી. અમી, શ્રદ્ધા, હિરેનકુમાર મેપાણીના સાસુ. સ્વ. મથુરભાઈ, સ્વ. અનંતરાયભાઈ, જયંતીભાઈ, સ્વ.જશવંતભાઈ, સ્વ. સુભાષભાઈ, સ્વ. બળવંતભાઈ, સ્વ.રમાબેન પારેખ, સ્વ.જયાબેન મોદી, સ્વ. ભાનુબેન ગલાણી, સ્વ. ચંપાબેન શાહના ભાભી. સ્વ. હીરાલાલભાઈ ત્રિકમજી મહેતાના દીકરી. પ્રાર્થનાસભા ૧૦/૯/૨૪ના ૧૦ થી ૧૨ કલાકે વર્ધમાન સ્થા જૈન સંઘ, એલ. ટી રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી વીસા શ્રીમાળી જૈન**

ટીમાણાવાળા હાલ બોરીવલી નગીનદાસ વીરચંદ પારેખના સુપુત્ર સૌભાગ્યચંદના ધર્મપત્ની નિર્મળા પારેખ, (ઉં. વ. ૭૬) તા. ૦૪-૦૯-૨૪ના અવસાન પામેલ છે. મિતુલ, ભાવના શૈલેષકુમાર, મલ્પા રાજેશકુમાર, શિલ્પા કીર્તિકુમારના માતુશ્રી. દક્ષાના સાસુ. સ્વ. મહાસુખભાઈ, પ્રદીપભાઈ, સ્વ. હરેશભાઈ, સ્વ. ઉષાબેન, સ્વ. ભારતીબેન, સ્વ. સરોજબેનના ભાભી. પિયરપક્ષે દાઠા નિવાસી હાલ ઘાટકોપર અમીચંદ જાદવજીના દિકરી. સાદડી તથા લોકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થા. જૈન**

દિગસર (સુ.ન.) હાલ થાણા નિવાસી સ્વ. ગજરાબેન પ્રેમચંદ બોરડીયા (કરાંચીવાળા)ના સુપુત્ર ચંદ્રકાન્તભાઈના ધર્મપત્ની અ.સૌ. ચંદ્રીકાબેન (તરૂબેન), (ઉં. વ. ૬૯) તા. ૦૭-૦૯-૨૪ શનિવારના અરિહંતશરણ પામેલ છે. મેહુલ તથા રિતેશના માતુશ્રી. રચના તથા પૂનમના સાસુ. ભાનુબેન, જયંતિભાઈ, સ્વ. વનિતાબેન તથા વિનયના ભાઈના પત્ની. પિયરપક્ષે રંગપુર (હાલ ભાવનગર) નિવાસી સ્વ. વસંતબેન ધીરજલાલ શાહના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લોકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાની તુંબડીના જયંતી શામજી ખીમરાજ સાવલા (ઉં. વ. ૬૭) સોમવાર તા. ૨-૯-૨૪ ના અવસાન પામેલ છે. સુંદરબેન શામજીના પુત્ર. જયશ્રીના પતિ. ટેકીન, શીતલ, નેહા, કુંજલના પિતા. પાનબાઈ, ભાણબાઈ, ટોકરશી, વસનજી, રમેશ, ડૉ. રતન, અમૃત, દિનેશ, લક્ષ્મીચંદના ભાઈ. લુણીના માતુશ્રી હંસાબેન પ્રેમજી ગાલાના જમાઈ. પ્રા.શ્રી હાલારી વિસા ઓસવાલ વાડી, દાદાસાહેબ ફાળકે રોડ, દાદર (ઇસ્ટ) ટા. ૪.૩૦ થી ૬.૦૦.

રામાણીયા હાલે કોડાયના મુરજી દેવજી મામણીયા (ઉં. વ. ૯૨) ડોંબીવલીમાં તા. ૮-૯-૨૪ના અવસાન પામ્યા છે. ભચીબાઇ દેવજીના પુત્ર. સ્વ. પ્રભાવંતીના પતિ. હરીશ, વર્ષા, નીતા, જયેશ તરૂણાના પિતા. ટોકરશી, ભાણજીના ભાઇ. કોડાયના સ્વ. રતનબાઇ તલકશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જયેશ મુરજી, એસ-૬૦૨, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇ.)

સાડાઉના શાંતાબેન લીલાધર (બાબુભાઇ) દેઢીયા (ઉં. વ. ૮૬) તા. ૬-૯-૨૪ના અવસાન પામેલ છે. હીરબાઇ ઉમરશી પ્રેમજીના પુત્રવધૂ. લીલાધરના ધર્મપત્ની. કીર્તી, નીતીન, જયોતિના માતા. પાનબાઇ/હીરબાઇ ઉમરશી તેજશીના પુત્રી. પ્રાગપુરના દામજી, સાડાઉના લક્ષ્મીબેન લીલાધર, કસ્તુરબેન ટોકરશીના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સંઘ સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૧૧ થી ૧૨.૩૦.

નાના ભાડિયાના જયેશ મોરારજી છેડા (ઉં. વ.૫૭) તા.૯-૮-૨૪ના અવસાન પામેલ છે. લીલાવંતી મોરારજીના પુત્ર. ઉમાના પતિ. મનીષના પિતા. જતીન, નાગલપુર વૃંદા સુભાષ, મોટી ખાખર ડૉ. બિન્દુ નીતીનના ભાઈ. નાના ભાડિયા પાનબાઈ ચુનીલાલ રાંભિયાના જમાઈ. પ્રા. યોગી સભાગ્રહ, દાદર, મુંબઈ. ટા.૧૧.૩૦ થી ૧.૦૦.

પ્રાગપુરના જયંતિલાલ રતનશી ગાલા (ઉં. વ. ૮૪) તા. ૬-૯-૨૪ના અવસાન પામ્યા છે. માતુશ્રી લખમીબાઈ રતનશી વજપારના સુપુત્ર. હેમકુંવરબેનના પતિ. રાઘવજીભાઈ, હીરજીભાઈ (દામજી), તરૂણ ગાલા, કેસરબેન, જયાબેનના ભાઈ. પ્રાગપુરના માતુશ્રી જેઠીબાઈ નાનજી નરશી દેઢિયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જસ્મીન ગાલા : ૪૦૧, રોયલ એમરલ્ડ, મામલતદાર વાડી રોડ નં. ૧, મલાડ (વેસ્ટ).

દેશલપુર-કંઠી (હાલે પૂના)ના જયંતિલાલ ટોકરશી વીરા (ઉં. વ. ૮૦) તા. ૭-૯-૨૦૨૪ ના અવસાન પામ્યા છે. વેલુબેન/કંકુબેન ટોકરશીના સુપુત્ર. પ્રભા/જ્યોતિના પતિ. દિપા, કેતનના પિતાશ્રી. ભુજપુર જયવંતી તલકશી, ભીંસરા ભગવતી ધનજીના ભાઈ. લાયજા મેઘજી હંસરાજ, ભુજપુર ખીંયશી વિજપારના જમાઈ. પ્રા. સિધ્ધી બેંકવેટ હોલ, મ્હાત્રે બ્રીજ, એરંડવણે, પૂના. ટા. ૩.૦૦ થી ૪.૩૦.

શેરડીના દમયંતીબેન અતુલ વિસરીયા (ઉં. વ.૬૧) તા. ૭-૯-૨૪ ના અવસાન પામ્યા છે. વેલબાઈ ઠાકરશી લાલજીના પુત્રવધુ. અતુલના પત્ની. દીપ, દ્રષ્ટિના મમ્મી. દેવપુર હીરાબેન હીરજી મણશી વોરાના સુપુત્રી. ભાઈલાલના બેન. પ્રા.શ્રી માટુંગા ક.મૂ.શ્વે. જૈન સંઘની નારાણજી શામજી વાડી, (૧લે માળે : પ્રેમજી જેઠાભાઈ હોલ), માટુંગા (સે.રે.). ટા.૩ થી ૪.૩૦. ત્વચાદાન-ચક્ષુદાન કરેલ છે.

બારોઇના પ્રેમજી હીરજી હંસરાજ કેનીયા (હૈદ્રાબાદ) (ઉં. વ. ૮૫) તા.૬-૯-૨૪ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. બારોઈના સ્વ. રતનબેન હીરજી હંસરાજના પુત્ર. સ્વ. કુસુમબેનના પતિ. વિકાસ, પ્રશાંતના પિતાશ્રી. સ્વ. વસંત, જયંતિલાલના ભાઈ. તલવાણાના સ્વ. હેમકુંવરબેન જાદવજી શાહના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રશાંત પ્રેમજી કેનિયા, ૧૧૦૧ વોરા એપાર્ટમેન્ટ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈ).

# પારસી મરણ

પરિન જમશેદ મૂસ, તે મરહૂમ જમશેદના પત્ની. તે મરહૂમ કેઈકોબાદ અને મરહૂમ ફ્રેનીના પુત્રી. તે દીના અને ફિરોઝના માતા. તે પૉલ અને સૂના સાસુ. તે બેથ અને જેમ્સના ગ્રાન્ડમધર. તે મરહૂમ સ્કલા, એમી, તેહમી અને નોશિરના બહેન. (ઉં. વ. ૯૯) ર.ઠે.:- આર્ક રોયલ, ૫૦/બી, પેડર રોડ, ડીસીબીસી બૅન્કની પાસે, મુંબઈ-૪૦૦૦૨૬.

માહયર કેકી ચોથીયા તે મરહુમ નીલોફરના ખાવીંદ. તે મરહુમો નરગીશ કેકી ચોથીયાના દીકરા. તે હાવોવીના પપા. તે ગુરવ રવીનદર સપરેના સસરા. તે કિમાયાના મમાવા. (ઉં. વ. ૭૭) રે. ઠે. ૬૩૫, મુનસફ બિલ્ડિંગ, ૧લે માળે, રૂમ નં.૩, પારસી કોલોની દાદર (ઇ), ફાઇવ ગાર્ડનની બાજુમાં, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા.૧૧-૯-૨૪ના દિને બપોરે ૩.૪૦ વાગે, દાદર રૂસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# સાવધાન , તમે પણ નથી કરી રહ્યાને...પ્લાસ્ટિકનો નાસ્તો- લંચ ને ડિનર ?!

**'પર્યાવરણને પ્લાસ્ટિકમુક્ત બનાવો'ની તીવ્ર ઝુંબેશ ચાલી રહી છે. એમાં હવે માઈક્રોપ્લાસ્ટિક્સનું દૂષણ ઉમેરાયું છે. એ આપણા સ્વાસ્થ્ય માટે કેટલું જોખમકારક પુરવાર થઈ શકે ?**

feedback@bombaysamachar.com
કવર સ્ટોરી
લોકમિત્ર ગૌતમ



તમને કોઇ ડોક્ટર તપાસી રહ્યા હોય અને ઉપરથી નીચે નજર કર્યા બાદ થોડા ગંભીર બનીને એવું કહે કે 'મિસ્ટર, તમે દર અઠવાડિયે પાંચ ગ્રામ -મહિનામાં ૨૦ ગ્રામ અને વર્ષમાં ૨૫૦ ગ્રામ જેટલું પ્લાસ્ટિક ઓહિયા રહ્યા છો. !' તો એ સાંભળીને તમે અચૂક અવાક થઈ જવાના પછી તમે ડોકટરને કહેવાના આ ખાવા-પીવામાં પ્લાસ્ટિક વળી કયાંથી આવી ગયું ? નહીં ડોક્ટર સાહેબ, હું તો મારા ખાવાપીવા પર પૂરતું ધ્યાન રાખું છું ને શુદ્ધ આહાર જ કરું છું '

તમને ભલે ડોકટરની વાત પર વિશ્વાસ ન બેસે,પણ આજે દુનિયાની એક નહીં , એવી અનેક માઈક્રોપ્લાસ્ટિકને લઈને રિસર્ચ અને એનાં તારણ હાજર છે જે એ વાતને પુષ્ટિ આપે છે કે માણસ પણ પ્લાસ્ટિકનો શિકાર બની રહ્યો છે. અનેક બીજી વસ્તુઓની જેમ શરીરમાં પણ માઈક્રોપ્લાસ્ટિક પેસી રહ્યું છે. માઈક્રોપ્લાસ્ટિક ખરેખર તો પાંચ મિલીમીટરથી પણ ઓછી લંબાઈ ધરાવતા એવા નાના પ્લાસ્ટિકના ટુકડા છે, જે આપણા સમુદ્ર અને જળચર જીવન માટે ખતરનાક હોવા ઉપરાંત હવે એ વિભિન્ન રીતે સમુદ્રના ખાદ્ય પદાર્થો (સી ફૂડ)ની સાથે હવા, પાણી અને ભોજનના રૂપમાં ફેલાઈને માનવીના શરીરમાં પ્રવેશ પામી રહ્યો છે. એક આંતરરાષ્ટ્રીય અહેવાલ અનુસાર પીવાનાં પાણીથી લઈને ખાવાની વસ્તુઓ દ્વારા નેનો -પ્લાસ્ટિક માનવીના શરીરમાં ધીરે ધીરે એવી રીતે જમા થઇ રહ્યો છે. એટલું જ નહીં , હવે વૈજ્ઞાનિકોને આપણા મગજમાં માઇક્રોપ્લાસ્ટિકના પુરાવા પણ મળ્યા છે . એક અંદાજ મુજબ સરેરાશ વ્યક્તિ વર્ષે . આમ ભવિષ્યની પ્લાસ્ટિકની કચરાપેટી માનવીનું પેટ જ બની જશે!

આવું થવું શક્ય છે, કેમ કે આજે આખી દુનિયા છેલ્લા દોઢ દાયકાથી પ્લાસ્ટિકનાં જોખમો સામે સતત પોકાર કરી રહી છે. આજે દુનિયાનો કોઇ એવો દેશ નહીં હોય જે પોતાને ત્યાં પ્લાસ્ટિક પર પૂરી રીતે પ્રતિબંધ લાદી શકે.

ઉદાહરણ રૂપે, જર્મની જેવા દેશમાં દરેક વ્યક્તિ, દરેક વર્ષે ૩૮ કિલો પ્લાસ્ટિકનો કચરો જ ઊભો ન કરે. યુરોપમાં દરેક વ્યક્તિ સરેરાશ ૨૪ કિલો પ્લાસ્ટિક કચરો દર વર્ષે પેદા કરે છે તો બીજી તરફ પ્લાસ્ટિકના જોખમ સામે અપીલ કરવા માટે અલગ અલગ સરકારો અને પર્યાવરણ તથા જળવાયુ સંગઠન અંધાધૂંધ પ્રચાર કરે છે અને એમાં સારું એવું ભંડોળ ખર્ચ કરી નાખે છે.

અહીં એક વાત સમજાતી નથી કે આખરે જ્યારે દુનિયાના આ દેશોએ પ્લાસ્ટિક પર પ્રતિબંધ નથી લાદવો તો પછી દિવસ-રાત રોદણાં શું કામ રડવાના? જો એવું ન હોય તો વૈજ્ઞાનિકો બૂમબરાડા પાડીને કહી રહ્યા છે કે પ્લાસ્ટિકની એક બોટલને નષ્ટ થવામાં પૂરાં ૧૦૦ વર્ષ નીકળી જતાં હોય છે અને પ્લાસ્ટિકની એક થેલીને નષ્ટ થવામાં પાંચસો વર્ષથી વધુનો સમય થઇ જતો હોય છે. તેમ છતાં વિશ્વમાં પ્લાસ્ટિકનો વપરાશ કોઇ પણ રીતે ઓછો નથી થઇ રહ્યો.

પ્લાસ્ટિક પર્યાવરણમાં ભળીને વિભિન્ન ચીજોના પેકેજિંગનો ભાગ બનીને આપણા શરીરનો હિસ્સો બની રહ્યો છે. એક ચોંકાવનારા અહેવાલ મુજબ ટ્રિપલ રિફાઈન્ડેડ સાકર અને સોલ્ટ્-મીઠુંમાં પ્લાસ્ટિકના નાના કણ એટલે કે માઈક્રોપ્લાસ્ટિકની હાજરી હોય છે. આ બે એવાં ઉત્પાદન છે જેના થકી તમે સીધે સીધા દરરોજ થોડું થોડું પ્લાસ્ટિક અજાણતા જ તમારા શરીરમાં પધરાવી દો છો. આ અહેવાલની વાત માનીએ તો અત્યારે બજારમાં વેચાતા કોઇ પણ બ્રાન્ડના મીઠા અને સાકરમાં માઈક્રોપ્લાસ્ટિકની હાજરી રહેલી છે. સૌથી વધુ માત્રા આયોડાઈઝ્ડ મીઠામાં છે એવું પેલા અહેવાલમાં છે.

શરીરમાં એક વાર પ્લાસ્ટિકના કણ પહોંચી જાય તો કેન્સરથી લઇને શરીરમાં સોજા આવવા કે પછી અન્ય બીમારીઓ જેમ કે ફેંફસાં નબળા પડી જવા, એમાં સોજા આવી જવા જેવી બીજી અન્ય બીમારીઓ શરીરમાં પેસી જાય , જેને કારણે તમારી કાર્યક્ષમતા પર પણ અસર પહોંચતી હોય છે..

અન્ય દેશોના નાગરિકોની સરખામણીમાં આપણે ભારતીયો મીઠા અને સાકરનું અનેકગણું સેવન કરીએ છીએ. આને કારણે હૃદય રોગનું જોખમ ભારતીયોમાં વધુ પ્રમાણમાં છે.

સો વાતની એક વાત એ છે કે સવારના નાસ્તાથી લઇને રાતના ભોજનમાં તમારા શરીરમાં ધીમે પગલે પ્લાસ્ટિકના ટુકડા જમા થઇ રહ્યા છે, જે ભારે જોખમ ઊભું કરી શકે છે માટે સાવધાન ...! ■

---

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

**યોગ મટાડે મનના રોગ**

# સાધક પોતાની જાતને પૂછે છે, હું કોણ છું?



આ સાધનાપદ્ધતિમાં સાધક સતત રાખે છે કે કોઇ પણ સંજોગોમાં પોતાની જાતનું વિસ્મરણ ન થાય.

આત્મજાગૃતિનું ધોરણ જેમજેમ ઊંચું આવતું જાય છે. તેમતેમ સાધકના જીવનમાં યથાર્થ આધ્યાત્મિક ક્રાંતિ પણ ઘટવા માંડે છે.

સાવ સરળ લાગતી આ સાધનાનો વિનિયોગ લાગે છે તેટલો સરળ નથી. પોતાની જાતનું સતત સ્મરણ રાખવા માટે ઘણી ઊંડી અને ઘણી વિકસિત જાગૃતિની આવશ્યકતા છે. પરંતુ સાધક જો આત્મસ્મૃતિની કળા હસ્તગત કરી લે તો નાની અને સાદી લાગતી આ ધ્યાનપદ્ધતિ દ્વારા તેના જીવનમાં ક્રાંતિ પ્રગટી શકે છે.

આધુનિક યુગમાં શ્રી ગુર્જિયેફ આ પદ્ધતિના ઉદ્ગાતા ગણાય છે. આત્મસ્મૃતિના વિકાસ માટે તેમણે અનેકવિધ પદ્ધતિઓનો વિકાસ કર્યો છે અને તે પદ્ધતિઓનો વિનયોગ પણ થયો છે.

(૫) 'હું કોણ?'

શ્રી રમણ મહર્ષિ પ્રણીત આ સાધનાપદ્ધતિ આત્મપદ્ધતિ આત્મખોજની પદ્ધતિ છે.

સાધક પોતાની જાતને પૂછે છે, ''હું કોણ છું?'' - માત્ર શાબ્દિક રીતે નહીં, આત્મખોજના ભાગરૂપે, પોતાના યથાર્થ સ્વરૂપને પામવા માટે તે પોતાના સ્વરૂપની શોધ કરે છે, માટે પૂછે છે, ''હું કોણ છું?''

સાધક પોતાની આત્મખોજના ભાગરૂપે પોતાની જાતને જ પૂછે છે, ''હું કોણ છું?'' - આ પ્રશ્નો અંદરથી જે ઉત્તર મળે તેને તે તપાસે છે. હું શરીર છું, હું મન છું, હું બુદ્ધિ છું. હું અમુક નામધારી વ્યક્તિ છું. હું અમુકઅમુક સંબંધી છું, અમુક હોદ્દેદાર છું -આદિ અનેકવિધ ઉત્તરો આવી શકે છે.

સાધક આ સ્વરૂપના ઉત્તરો તપાસતો રહે છે અને તેમની વ્યર્થતા સમજે છે અને તેથી તેવા ઉત્તરોનો ઇનકાર કરતો રહે છે. હું શરીર, મન, બુદ્ધિ, અમુકનામધારી વ્યક્તિ - આમાંનું કશકું જ હોઇ શકું નહીં, કારણ કે આ બધું જ નાશવંત અને પરિવર્તનશીલ છે. તેમાંનું કશું મારું સાચું સ્વરૂપ થઇ શકે નહીં.

તો મારું સાચું સ્વરૂપ શું છે? હું કોણ છું? -આવો પ્રશ્ન સાધક પોતાની જાતને તીવ્રતાપૂર્વક અને સતત પૂછતો રહે છે. આ પ્રશ્ન કોઇ શાબ્દિક કે બૌદ્ધિક ઉત્તર મેળવવા માટે પૂછવામાં આવતો નથી, પરંતુ આત્મખોજના ભાગસ્વરૂપે પૂછવામાં આવે છે. આ તીવ્ર જિજ્ઞાસા સાધકની ચેતનાને એવી ભૂમિકાએ પહોંચાડી દે છે કે જ્યાં પ્રશ્ન રહેતો નથી, બધા પ્રશ્નો સરી જાય છે. બધા પ્રશ્નો શમી જાય છે.

સાધકની તીવ્ર આત્મજિજ્ઞાસા, પોતાના યથાર્થ સ્વરૂપને તીવ્ર અભીપ્સા, તેની અવિરતપણે ચાલતી આત્મખોજ જ તેને પોતાના સ્વરૂપમાં - આત્મસ્વરૂપમાં અવસ્થિત કરી દે છે. આ આત્મખોજની પદ્ધતિને જ ''હું કોણ છું?''ની ધ્યાનપદ્ધતિ કહે છે.

''હું કોણ છું?''ની પદ્ધતિ તે બૌદ્ધિક કે તાત્ત્વિક સ્વરૂપની નથી, પરંતુ આધ્યાત્મિક સ્વરૂપની છે. તેથી સાધક જ્યાં સુધી પોતાના આત્મસ્વરૂપમાં પ્રતિષ્ઠિત ન થાય ત્યાં સુધી તે ચાલુ રહે છે.

આ ''હું કોણ છું?''ની તપાસના જવાબમાં કોઇ ઉત્તર મળતો નથી, પરંતુ બધા પ્રશ્નો-ઉત્તરો જ્યાં વિરામ પામે છે, તે આત્માને પમાય છે.

(૬) નાદાનુસંધાન :

જેમ રૂપના ધ્યાન દ્વારા અરૂપને પમાય છે, તેમ નાદના ધ્યાન દ્વારા નાદાતીતને પમાય છે.

બધા નાદનો જન્મ આદિનાદમાંથી થાય છે. આ આદિનાદા (પ્રણવનાદ)નું ઉચ્ચારણ નહીં, પરંતુ શ્રવણ કરવું તે નાદાનુસંધાન-ધ્યાનની પદ્ધતિનો પ્રધાન સિદ્ધાંત છે.

નાદાનુસંધાન-ધ્યાનની પદ્ધતિ નીચે પ્રમાણે છે:

(૧) કોઇ પણ એક ધ્યાનોપયોગી આસનમાં બેસો.

(૨) આંખ બંધ કરો. હાથની આંગળીથી કે અન્ય ઉપકરણ દ્વારા બંને કાન બંધ કરો. બહારનો અવાજ કાનમાં પ્રવેશે નહીં તે રીતે કાન બંધ કરો, છતાં કાન પર પીડાકારક દબાણ ન આવે તેની કાળજી રાખો.

(૩) બહારનો અવાજ બંધ થતાં અંદરના નાદનું શ્રવણ શરૂ થશે, ચિત્તને આ આંતરનાદ પર એકાગ્ર કરો. ચિત્ત અન્ય વિચારોમાં ચડી જાય તેમ બનશે, પરંતુ તેને પુનઃપુનઃ પાધું વાળીને આંતરનાદ પર એકાગ્ર રાખો.

(૪) આ રીતે ચિત્ત આંતરનાદમાં લીન થતાં જ નાદની એક સોનેરી સૃષ્ટિ પ્રગટ થશે. સાધક અન્યથા અશ્રુત એવા નાદનું શ્રવણ કરશે. શંખ, ઘંટા, ઝાલર, ઝાંઝર બંસી, શરણાઇ, વીણા આદિના વાદ જેવા નાદનું શ્રવણ થશે.

આ બધું પ્રથમ દિવસે જ પ્રગટતું નથી. અભ્યાસ ધીમેધીમે વધારવો જોઇએ.

(૫) આ બધા નાદની સૃષ્ટિમાં પાર જવાનું છે, અભ્યાસ ચાલુ રાખતાં આ નાદસૃષ્ટિ શમી જશે અને મહાનાદ- પ્રણવનાદા પ્રગટ થશે. પ્રવણનાદનું ઉચ્ચારણ નહીં, પરંતુ શ્રવણ થશે.

(૬) આખરે પ્રણવનાદનું શ્રવણ પણ શમી જતાં નાદાતીત ધ્યાનાવસ્થામાં પ્રવેશ થશે.

(૭) શાંભવી મુદ્રાઃ

આ મુદ્રા શંભુદી મુદ્રા પ્રિય છે, તેથી તેને શાંભવી મુદ્રા કહે છે. તેની પદ્ધતિ આ પ્રમાણે છે:

(૧) કોઇ એક ધ્યાનોપયોગી આસનમાં બેસો.

(૨) આંખો ખુલ્લી રાખો. દષ્ટિ બહાર રાખો, પરંતુ ધ્યાન અંદર રાખો. અંતર્લક્ષ્ય બહિદષ્ટિ- આ શાંભવીનું પ્રધાન લક્ષણ છે.

બહાર અવકાવશમાં જ્યાં કશું નથી ત્યાં દષ્ટિ શૂન્ય પર સ્થિર કરો. બહાર અવકાશમાં એક કાલ્પનિક બિંદુ પર આંખ માંડી રાખો. આને જ શૂન્યદષ્ટિ પણ કહે છે, કારણ કે આંખ અવકાશમાં શૂન્ય પર મંડાયેલી છે. દષ્ટિ બહાર હોવા છતાં ધ્યાન અંદર રાખો.

આંખો ખુલ્લી હોવા છતાં, દષ્ટિ શૂન્ય પર સ્થિર હોવાથી ઇન્દ્રિયોનું મન સાથે અને વિષય સાથે જોડાણ થતું નથી, તેથી મન નિર્વિષય બની જાય છે. અંદરના વિચારોની સાંકળ જાગૃતિપૂર્વક બંધ રાખવાની છે.

આ રીતે જ્ઞાનેન્દ્રિયો અને મનનો વ્યાપાર બંધ થતાં જ વૃત્તિનિરોધની અવસ્થામાં પ્રવેશ થાય છે. પ્રારંભમાં મનની ચંચળતાનો અનુભવ થશે, પરંતુ ધીરજપૂર્વક અભ્યાસ ચાલુ રાખવાથી આંતરજગતમાં પ્રવેશ થશે.

ઉપસંહાર:

અધ્યાત્મવિદ્યાનું ઘણું ખેડાણ થયું છે, તેથી આપણી પાસે અનેકવિધ સાધનાઓ અને અનેકવિધ ધ્યાનપદ્ધતિઓનો વિશાળ વારસો છે.

આમ હોવા છતાં બધું બધા માટે નથી. સાધકે ગુરુપદિષ્ટ માર્ગે કે પોતાના વિવેકથી પોતાની પદ્ધતિ પસંદ કરીને તેનો સ્થિરતાપૂર્વક અભ્યાસ કરવો જોઇએ. એક જ સાધક બધી સાધનાઓ કરે તે શક્ય પણ નથી અને હિતાવહ નથી. બધું સાચું હોવા છતાં પોતે પોતાના પથ પર સ્થિરતાપૂર્વક ચાલવું તે જ બરાબર છે. અનેક રસ્તા હોવા છતાં એક જ પથિક અનેક રસ્તાનો પથિક બની શકે નહીં અને તેમ કરવું આવશ્યક પણ નથી. ■

---


feedback@bombaysamachar.com
હેલ્થ + પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# ઈશ્વરની અદ્ભુત ભેટઃ આંખ



આંખ... 'આત્માની બારી' તરીકે ઓળખાય છે.સૃષ્ટિના સર્જનહારે પોતે સર્જેલી જગતભરની સુંદર રચનાઓ માનવી જોઈ શકીએ તે માટે આંખોનું નિર્માણ કર્યું છે. પરમાત્માએ આપેલી આ ખૂબ જ અમૂલ્ય ભેટ છે. શું આપ જાણો છો કે, જ્યારે આંખના ૨૦ લાખ જેટલા અંશ એકસાથે કામ કરે ત્યારે જ આપણે જોઈ શકીએ છીએ? વળી, શું આપણે જાણીએ છીએ કે, આંખ પણ એક આધુનિક કેમેરો છે? જેમ આપણે વધુ Mega Pixel વાળો કેમેરો પહેલો પસંદ કરીએ છીએ, તેમ આપણી આંખ પણ ૫૭૬ Mega Pixel ની ક્ષમતા ધરાવે છે અને આંખનું વજન માત્ર ૨૮ ગ્રામ જેટલું જ હોય છે.

જોકે, આપણે ભગવાનની આ ભેટની જોઈએ તેવી કિંમત સમજતા જ નથી. આજે વિશ્વમાં ૪ કરોડથી અનેક વધુ લોકો દૃષ્ટિહીન છે, તો જરા વિચારો... જો આપણે પણ એમની જેમ દૃષ્ટિહીન હોત, તો શું આંખોનો દુરુપયોગ ક્યારેય કરતા હોત? આજે મોટા ભાગના લોકોની આંખો ટી.વી., સિનેમા, મોબાઈલ, કોમ્પ્યુટર વગેરેમાં કલાકો સુધી વ્યર્થ સમય વ્યતિત કરવાથી બગડે છે. તેમાં પણ આજની યુવા પેઢી તો દિવસના ૮-૧૦ કલાક સોશિયલ મીડિયા પાછળ વેડફે છે. પરિણામે ખૂબ જ નાની ઉંમરમાં ચશ્માનાં શિકાર




બનવા લાગ્યા છે.

શું આપ જાણો છો કે, ૯૦% આંખોના રોગ આપણી બેદરકારીના કારણે જ થાય છે?

સુટેવ : આંખોની જાળવણી કરવા...

રોજ સવાર-સાંજ આંખમાં શુદ્ધ ઠંડા પાણીની છાલક મારવી.

આંખોનો સ્પર્શ કરવો હોય ત્યારે હંમેશાં હાથ ધોઈને જ કરવો.

આંખોને નિયમિત અંતરે પટપટાવવાની ટેવ પાડવી. જેથી લાંબા સમય માટે આંખોને શ્રમ ન પડે અને કોરી ન પડી જાય.

કોમ્પ્યુટર પર કામ કરવી વખતે ૨૦-૨૦-૨૦નો નિયમ રાખવો. દરેક ૨૦ મિનિટે ૨૦ સેકન્ડ ૨૦ સેકન્ડ માટે ૨૦ ફૂટ દૂર જોવું અથવા આંખો બંધ કરીને આરામ આપવો.

ટી.વી. હંમેશાં ૮ થી ૧૦ ફૂટ દૂર રહીને જ જોવું.

દવાના ટીપાની બોટલને આંખનો સ્પર્શ થવા ન દેવો.

પાંચ વર્ષનાં નાના બાળકોને મોબાઈલ, ટી.વી., કોમ્પ્યુટર, આઈપેડ, વીડિયો ગેમ વગેરે કોઈ પણ લાઈટસ્ક્રીનમાં કાંઈ પણ જોવા ન દેવું. કેમ કે તે ઉંમરમાં એમની આંખો ખૂબ જ કોમળ હોય છે તેથી આંખોને ખૂબ જ નુકસાન પહોંચે છે.

કુટેવઃ

* નાના અક્ષરો કે ઓછી લાઈટમાં વાંચવું.સૂતા-સૂતા તથા ચાલુ ગાડીમાં વાંચવું.


* જેને આંખોના નંબર હોય એમણે ચશ્મા વિના આંખો ખેંચાય તે રીતે વાંચવું કે કામ કરવું.

આંખ માટે ખૂબ ઉપયોગી કસરત

આંખોના સ્વાસ્થ્ય માટે આ બધી કસરત ખૂબ જ ફાયદાકારક છે.

* રોજ દિવસમાં ૨-૩ વાર આંખોને આ રીતે ફેરવવી.

* રોજ ૨ થી ૩ વાર કોઈ પણ વસ્તુ ઉપર આંખને ૩૦ સેકન્ડ માટે સ્થિર કરવી.



* રોજ શીર્ષાસન કરવું.

**આંખના સ્વાસ્થ્ય માટે આહાર :**

* વિટામિન-અ થી ભરપૂર ખોરાક ખાસ લેવો.

જેમ કે, લીલા પાંદડાવાળી ભાજી, ડોડીનાં કુમળાં પાન અને ફૂલનું શાક, ગાજર, શક્કરિયા, કોથમીરની ચટણી, તાજા મૂળા, લાલ કેપ્સીકમ મરચાં, કેરી, દૂધ-દહીં, ઘી, માખણ, સાકરટેટી, લીલા વટાણા, ટમેટા, તુલસી વગેરે...

*તળેલા અને વધુ ગળ્યા પદાર્થો આંખોના સ્વાસ્થ્ય માટે ખૂબ જ નુકસાનકારક છે.

*વધુ પડતા ખારા, તીખા કે ક્ષારવાળા પદાર્થોનું સેવન કરવું નહીં. ■

(જુઓ પાન ૧૧) ▸▸

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગણપતિ | નીલકંઠ |
| પાર્વતી | જાનકી |
| શંકર | મુરુગન |
| કાર્તિકેય | વિનાયક |
| સીતા | ઉમા |

## ઓળખાણ પડી?



મીઠાઈ બનાવવા માટે જાણીતા દગડુ શેઠ દ્વારા ગુરુજીના આદેશ અનુસાર નિર્માણ કરવામાં આવેલું પ્રખ્યાત ગણેશજીનું મંદિર મહારાષ્ટ્રના કયા શહેરમાં છે?

અ) કોલ્હાપુર બ) સાંગલી ક) પુણે ડ) નાશિક

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જ | ડ | ૨ બે | ૩ સ | ૪ લા | ક | ■ | ૫ સૌ | ૬ ર | ૭ ભ |
| બ | ■ | ૮ બી | લા | ડી | ■ | ૯ બ | ■ | ૧૦ ત | લ |
| ૧૧ ર | ઢ | ■ | હ | ■ | ૧૨ ભા | ગ | ■ | ૧૩ લા | મ |
| દ | ■ | ૧૪ ત | કા | જો | ■ | ૧૫ લ | ૧૬ છ | મ | ન |
| ૧૭ સ્ત | ૧૮ ર | ■ | ર | ■ | ૧૯ ખ | બ | રી | ■ | સા |
| ■ | સી | ■ | ■ | ૨૦ ન | ■ | રચું | ■ | ૨૧ સાં | ઈ |
| ૨૨ દી | ■ | ૨૩ તા | ૨૪ જો | મા | જો | ■ | ૨૫ સ | ભા | ■ |
| ૨૬ ન | ફ | ક | રા | ઈ | ■ | ૨૭ હ | જ | ર | ૨૮ ત |
| બં | ■ | ■ | વ | ■ | ૨૯ સા | વ | ન | ■ | મા |
| ૩૦ ધુ | રં | ધ | ર | ■ | ૩૧ વ | ડ | વા | ન | લ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | ૫ | ■ |
| | ■ | | ■ | ૬ | | ■ | ૭ | | ૮ |
| ૯ | | ■ | ૧૦ | | | | ■ | ■ | |
| | ■ | ૧૧ | | ■ | | ■ | ૧૨ | ૧૩ | |
| ■ | ૧૪ | | | | ■ | ૧૫ | ■ | ૧૬ | |
| ૧૭ | | ■ | | ■ | ૧૮ | | ૧૯ | | ■ |
| | ■ | ૨૦ | ■ | ૨૧ | | ■ | | ■ | ૨૨ |
| ૨૩ | | | | ■ | ૨૪ | | ■ | ૨૫ | |
| | ■ | | ■ | ૨૬ | | ■ | ૨૭ | ■ | |
| ■ | ૨૮ | | | | ■ | ૨૯ | | | |

### આડી ચાવી

૧. જેનું હાથીનું મોં છે (ગણેશજી) (૪)
૩. જે વિશિષ્ટ નાયક છે તે (૪)
૬. તકલીફ, મુશ્કેલી, રુકાવટ (૨)
૭. 'સરાવવું'નું આજ્ઞાર્થ (૩)
૯. ધીરજના ગુણવાળું (૨)
૧૦. પોતાની મેળે થતો ધ્વનિ (૪)
૧૧. તાકાત શક્તિ (૨)
૧૨. રહેતું (૩)
૧૪. ગણેશજીની પત્નીઓ (૨,૨)
૧૬. પ્રભુ મારી--- તમારે હાથ (૨)
૧૭. વાળનો જથ્થો (૨)
૧૮. ગણોના સ્વામી (૪)
૨૧. કીડીને ---, હાથીને મણ (૨)
૨૩. ગણપતિ --- આવે (૪)
૨૪. છતાં, પ્રતિજ્ઞા, હોડ (૨)
૨૫. મોકો (૨)
૨૬. કામદેવની પત્ની (૨)
૨૮. ---- પાર્વતીના પુત્ર (૪)
૨૯. પ્રારંભ (૪)

### ઊભી ચાવી

૧. ગણોના નાયક (ગણેશજી) (૪)
૨. ના (૨)
૩. વિઘ્ન દૂર કરનાર (ગણેશજી) (૪)
૪. હા (અં.) (૨)
૫. બરફનો વરસાદ (૨)
૬. વગર (૨)
૮. જેની સૂંઢ વાંકી છે તે (ગણેશજી) (૪)
૧૦. પેટે ચાલતું અહિંસક પ્રાણી (૪)
૧૧. સઘળી (૨)
૧૩. 'અનાથ'નું વિરોધી (૩)
૧૪. અરજી (૨)
૧૫. નોકર, સેવક (૨)
૧૭. જેનું પેટ મોટું છે (ગણેશજી) (૪)
૧૮. ગણોના પતિ (ગણેશજી) (૪)
૧૯. કેટલાક --- વૈદ્ય હોય છે (૨)
૨૦. દ. ગુજરાતનું એક શહેર (૪)
૨૨. જેનો એક દાંત તૂટેલો છે (ગણેશજી) (૪)
૨૬. લીન, મગ્ન (૨)
૨૭. માટે, કાજે (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'મરુત દેવો તેમની ઉદ્દામ શક્તિને લીધે પ્રમથ કહેવાયા હશે' પંક્તિમાં મરુત શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) મનસ્વી બ) વાયુ ક) હનુમાન ડ) મોહક

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ MYCOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) મધ બ) મશરૂમ ક) મ્યુઝિક ડ) મહેંદી

## માતૃભાષાની મહેક

એક વાર શિવપાર્વતી અંતઃપુરમાં હોવાથી ગણેશને દ્વારની ચોકી કરવા રાખ્યા હતા. એટલામાં વિષ્ણુના અવતાર ગણાયેલા શ્રી પરશુરામ ત્યાં આવી ચડ્યા. અંદર જતાં ગણેશે તેમને અટકાવ્યા તેથી બે વચ્ચે લડાઈ થઈ, તેમાં ગણેશના બે દાંતમાંથી એક તૂટી ગયો તેથી, એ એકદંત કહેવાય છે.

## ઈર્શાદ

સરસ્વતી સ્વર દીજિયે, ગણપતિ દીજિયે જ્ઞાન,
બજરંગજી બલ દીજિયે, સદગુરુ દીજિયે સાન.

--- ગણેશ વંદના

## સુડોકુ-૬૦૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૭ | | | | ૩ | | ૪ |
| | ૯ | ૧ | ૪ | | ૮ | ૬ | ૭ | |
| ૫ | ૪ | | | | | | ૮ | ૯ |
| | ૫ | | ૧ | | ૯ | | ૩ | |
| | | | | | | | | |
| | ૨ | | ૩ | | ૭ | | ૬ | |
| ૮ | ૧ | | | | | | ૨ | ૩ |
| | ૭ | ૪ | ૫ | | ૨ | ૮ | ૧ | |
| ૨ | | ૩ | | | | ૫ | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૬૦૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૮ | ૬ | ૪ | ૩ | ૭ | ૫ | ૯ |
| ૫ | ૯ | ૬ | ૮ | ૨ | ૭ | ૪ | ૩ | ૧ |
| ૩ | ૭ | ૪ | ૧ | ૯ | ૫ | ૨ | ૮ | ૬ |
| ૪ | ૩ | ૨ | ૯ | ૮ | ૧ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૮ | ૭ | ૫ | ૬ | ૨ | ૯ | ૪ | ૩ |
| ૬ | ૫ | ૯ | ૩ | ૭ | ૪ | ૮ | ૧ | ૨ |
| ૮ | ૨ | ૧ | ૪ | ૩ | ૯ | ૬ | ૭ | ૫ |
| ૭ | ૬ | ૫ | ૨ | ૧ | ૮ | ૩ | ૯ | ૪ |
| ૯ | ૪ | ૩ | ૭ | ૫ | ૬ | ૧ | ૨ | ૮ |

## માઈન્ડ ગેમ

ગણેશજીને અત્યંત પ્રિય એવું તૃણ કયા નામથી જાણીતું છે એ જણાવો. બ્રહ્માના રોમમાંથી ઉત્પન્ન થયું હતું અને પાર્વતી સાથે અવિનય કરવાથી તૃણ થવું પડ્યું હતું

અ) શેવાળ બ) તરણું ક) દૂર્વા ડ) બની

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| તુવેર | PIGEON PEAS |
| આખા મગ | GREEN GRAM |
| મસૂરની દાળ | RED LENTILS |
| આખા અડદ | BLACK GRAM |
| ચણાની દાળ | BENGAL GRAM |

માઈન્ડ ગેમ
૬૮

ઓળખાણ પડી?
બિકાનેર

ગુજરાત મોરી મોરી રે
હાથ લખાણ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
અંગસૂત્ર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ, (૨) નીતા દેસાઈ (૩) મૂળરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) સુરેખા દેસાઈ (૬) ભારતી પ્રકાશ કટકિયા (૭) ધીરેન્દ્ર ઉદ્દેશી (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પ્રવીણ વોરા (૧૩) લજીતા ખોના (૧૪) પુષ્પા પટેલ (૧૫) શ્રદ્ધા આશર (૧૬) જ્યોતી ખાંડવાલા (૧૭) નિખીલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) મીનળ કાપડિયા (૨૦) શિલ્પા શ્રોફ (૨૧) ભાવના કર્વે (૨૨) અશોક સંઘવી (૨૩) મહેન્દ્ર લોઢાયા (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મહેશ દોશી (૨૬) રજનીકાંત પટવા (૨૭) જગદીશ ઠક્કર (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) જગદીશ ઠક્કર (૩૦) હર્ષા મહેતા (૩૧) રમેશ દલાલ (૩૨) હિના દલાલ (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) જ્યોતી ગાંધી (૩૫) મનીષા શેઠ (૩૬) ફાલ્ગુની શેઠ (૩૭) અરવિંદ કામદાર (૩૮) પુષ્પા ખોના (૩૯) કલ્પના આશર (૪૦) નિતીન જે. બજરીયા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) અબ્દુલા એફ. મુનીમ (૪૫) તાહેર ઔરંગાબાદવાલા (૪૬) કિશોર બી. સંઘરાજકા (૪૭) મહેશ સંઘવી

feedback@bombaysamachar.com
નિખાર પ્લસ
નિધી શુકલા

# ચહેરાની સુંદરતા પર ગ્રહણ છે ડાર્ક સર્કલ્સ

ડાર્ક સર્કલ્સ સુંદર ચહેરાને પણ કદરૂપો બનાવી દે છે. આંખ નીચેના કાળા ઘેરા ડાઘની સમસ્યા આજે સર્વસામાન્ય બનતી જાય છે. ડાર્ક સર્કલ્સ કોઈને પણ થઈ શકે છે અને એને ઉંમર સાથે પણ કોઈ લેવા-દેવા નથી હોતાં. તમે સ્ત્રી હોવ, પુરુષ હોવ કે પછી ટીનેજમાં હોવ ડાર્ક સર્કલ્સ ક્યારે પણ કોઈને પણ આવી શકે છે. આ ડાર્ક સર્કલ્સના અનેક કારણો હોઈ શકે છે, જેમ કે અનુવાંશિકતા, વધતી ઉંમર, ડ્રાય સ્કીન, વધુ પડતાં આંસુ, કોમ્પ્યુટર સામે વધુ સમય સુધી કામ કરવુ, માનસિક તથા શારીરિક તણાવ, ઓછી નીદ્રા અને પૌષ્ટિક ખોરાકનો અભાવ છે.

ડાર્ક સર્કલ્સ થવાના અન્ય કારણો વિશે સવિસ્તાર જાણીએ

શરીરમાં પાણીની ઊણપ, તણાવ, તડકો અને પ્રદૂષણથી ભરેલા વાતાવરણમાં વધુ સમય રહેવાથી ડાર્ક સર્કલ્સ આવી શકે છે. અનેક વખત આપણને સમજમાં નથી આવતું કે ડાર્ક સર્કલ્સનું મુખ્ય કારણ શું છે. ક્યારેક કોઈ વસ્તુની એલર્જીને કારણે પણ કાળા ડાઘ પડી શકે છે. એવામાં વહેલાસર ડૉક્ટરની સલાહ લેવી જોઈએ.

### અનુવાંશિકતા

અન્ય મામલામાં આંખોની નીચે કાળા ધબ્બા એ અનુવાંશિક લક્ષણો હોઈ શકે છે. આંખોની નીચે કાળા રંગની રક્તવાહિનીઓ હોય છે, જે ત્વચાના માધ્યમથી જોઈ શકાય છે. આંખની આસપાસની ત્વચા ખૂબ પાતળી હોય છે. લોહી જ્યારે એ નસોમાંથી પસાર થાય છે, ત્યારે હલકા વાદળી રંગના ડાઘ વિકસિત કરે છે. ત્વચા જેટલી પારદર્શક હશે અથવા તો અનુવાંશિક ગુણ જેટલા પ્રબળ હશે ડાર્ક સર્કલ્સ વધુ પ્રભાવી દેખાશે.

### એલર્જી, અસ્થમા

આંખોમાં ક્યારેક ખંજવાળ આવે ત્યારે આપણે આંખ અને એની આસપાસની ત્વચાને ચોળીએ છીએ એના કારણે આંખ નીચે કાળા ડાઘ પડે છે. કેટલાક પદાર્થોને કારણે થતી એલર્જી પણ ડાર્ક સર્કલ્સનું કારણ બને છે.

### દવા

કેટલીક દવાઓને કારણે રક્તવાહિનીઓ પહોળી થઈ જાય છે, એને કારણે પણ ડાર્ક સર્કલ્સ વધી શકે છે. એનું પ્રમુખ કારણ એ છે કે આંખોની નીચેની ત્વચા નાજુક હોય છે અને રક્ત પ્રવાહને કારણે એ સ્પષ્ટ દેખાઈ આવે છે.

### એનિમિયા

પોષક તત્ત્વોની ઊણપને કારણે અને સંતુલિત આહારના અભાવને કારણે પણ આંખોની નીચે ડાર્ક સર્કલ્સ આવે છે. સામાન્ય રીતે એવુ માનવામાં આવે છે કે આયર્નની કમીને કારણે પણ કાળા ડાઘ પડે છે. એનિમિયાનું મુખ્ય કારણ જ એ છે કે આયર્નની કમી હોવી.

### થાક લાગવો

અપૂરતી નિંદ્રાને કારણે આંખની નીચેની ત્વચા પીળી પડે છે. એથી એ સ્કીનની નીચેથી વહેતું રક્ત બ્લ્યુ કાં તો કાળા રંગનું દેખાય છે. વ્યક્તિને થાક લાગે ત્યારે પણ આંખની નીચે ડાર્ક સર્કલ્સ આવી જાય છે.

### ડાર્ક સર્કલ્સને ઘટાડવાનો ઉપાય

ડાર્ક સર્કલ્સ ચહેરા પર એક ગ્રહણ જેવુ દેખાય છે. એના માટે પોષણયુક્ત આહાર અને પૂરતી ઊંઘ અતિશય જરૂરી છે. સાથે જ વિટામિન અને રેટીનોલ યુક્ત ક્રીમ લગાવવાના કેટલાક ફાયદાઓ પણ થાય છે. હાઇડ્રોક્વિનોનને તેલ મુકત મોઇસ્ચરાઇઝરની સાથે મિક્સ કરીને ત્વચા પર લગાવવામાં આવે તો તે બ્લીચ જેવુ કામ કરે છે. જે ત્વચાને ટાઇટ કરવામાં પણ કારગર નીવડે છે.

### ઘરેલું ઉપાય

સામાન્ય રીતે ડાર્ક સર્કલ્સનો ઉપાય આપણે ઘરે પણ સરળતાથી કરી શકીએ છીએ. હળદર અને અનાનસના જ્યુસને મિક્સ કરીને થોડા સમય સુધી આંખોની નીચે લગાવવાથી લાભ થાય છે. બદામના તેલનું દરરોજ ૧૫થી ૨૦ મીનિટ સુધી માલીશ કરવાથી પરિણામ સારું મળે છે.

સાથે રાતે સુતાં પહેલા રૂને ગુલાબજળમાં ડુબાડીને આંખની ઉપર ૧૫ મીનિટ સુધી રાખવાથી મહદઅંશે ફાયદો થાય છે.

આ સિવાય હર્બલ ટી અથવા તો ગ્રીન ટીનું નિયમિત સેવન પણ આંખો માટે ગુણકારી છે. ફૂદીનાનો રસ પણ આંખો માટે લાભદાયક છે.

રોજબરોજના આહારમાં ભરપૂર ફળો અને શાકભાજીનો સમાવેશ કરવો જોઈએ.

અરોમા થેરાપીથી પણ ડાર્ક સર્કલ્સથી છુટકારો મળી શકે છે. એનાથી તણાવનું સ્તર પણ ઘટે છે અને થોડા જ સમયમાં ડાર્ક સર્કલ્સ ગાયબ થઈ જાય છે.

સાથે જ દરરોજ ૭થી ૮ કલાકની નીંદર પણ જરૂરી છે.

લીંબુ અને ટામેટાનાં રસનું મિશ્રણ દરરોજ આંખની નીચે લગાવવું. એનાથી પણ ડાર્ક સર્કલ્સ હટી જાય છે. ■



feedback@bombaysamachar.com
ફોક્સ
રાજેશ યાજ્ઞિક

# બાળકોનું રસીકરણ ટાળવું જોખમી બની શકે છે...

વિશ્વએ કોવિડ રોગચાળાનો સામનો કર્યો ત્યારે અભૂતપૂર્વ કહી શકાય તેવી રસીકરણ ઝુંબેશ માત્ર ભારતમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં થઈ હતી. . જોકે આ તો એવો રોગચાળો હતો જે અચાનક ફાટી નીકળ્યો અને અચાનક તેના ઈલાજની જરૂર પડી, પણ ભારતમાં એવા અનેક રોગ વર્ષોથી હતા, જેને કારણે લાખો બાળકો અને વયસ્કોના જીવને જોખમ હતું અથવા કાયમી પંગુતા આવી જતી હતી. ઉદાહરણ તરીકે પોલિયોનો રોગ. તેવીજ રીતે, ટીબી, શીતળા, કુષ્ઠ રોગ, મલેરિયા જેવા રોગે પાછલા છ-સાત દાયકાઓમાં હજારો લોકોને પોતાના શિકાર બનાવ્યા છે.

આ રોગોની નાબૂદીમાં સૌપ્રથમ અડચણ હતી શિક્ષણનો અભાવ. લોકોમાં ફેલાયેલી ગેરસમજ અંધશ્રદ્ધાની હદે હતી, જેને કારણે લોકો ડોક્ટર પાસે ઈલાજ કરાવવાને બદલે ઘણા કિસ્સાઓમાં ભૂવા-ડાકલાને રવાડે ચડીને પોતાના સ્નેહીઓના જીવથી હાથ ધોઈ બેસતા હતા. સદનસીબે હવે શિક્ષણનો વ્યાપ વધ્યો છે, આધુનિક તબીબી સુવિધાઓ છેવાડાના લોકોને પણ ઉપલબ્ધ થવા માંડી છે, જેને કારણે લોકોમાં જાગૃતિ પણ આવી છે અને ત્વરિત ઈલાજ પણ સંભવ બન્યો છે. રોગોને નાથવા માટે સરકારી અને

સામાજિક સ્તરે જાગૃતિ અભિયાનથી લઈને રસીકરણના પ્રયત્નોને કારણે રોગોને નિયંત્રણમાં લેવા અથવા નાબૂદ કરવામાં મહદંશે સફળતા પણ મળી છે. આ બધા પ્રયત્નોમાં સરકારી સ્તરે રોગોની નાબૂદી માટે રસીકરણ ઝુંબેશે ખુબ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

આમ છતાં યુનિસેફે ૨૦૨૩માં કરેલાં સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે જેને એકપણ રસી આપવામાં ન આવી હોય તેવાં બાળકોની સંખ્યામાં ભારત ૧.૬ મિલિયન ( ૧ મિલિયન= ૧૦ લાખ) બાળકો સાથે વિશ્વમાં બીજા નંબરે છે. પહેલા નંબરે છે નાઈજીરિયામાં ૨.૧ મિલિયન બાળકો . ભારત માટે આ અત્યંત ચોંકાવનારી વાત છે. પાછું ૨૦૨૨ની સંખ્યા કરતાં ઝીરો 'ડોઝ' બાળકોની સંખ્યામાં ૬ લાખનો વધારો પણ નોંધાયો છે. તે ઉપરાંત પહેલો ડોઝ લઈને પછીના ડોઝ ન મેળવનાર બાળકોની સંખ્યા ઉમેરીએ તો આંકડો દસ ગણો વધી જાય!

રસીકરણ એ બાળકોને ૧૪ ગંભીર પ્રકારના રોગોથી બચાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે, જે બાળક માટે ૨ વર્ષની ઉંમર પહેલા જીવલેણ બની શકે છે. તેમ છતાં, અનેક માતા-પિતા રસી આપવાનો ઇનકાર કરે છે અને માને છે કે બાળકોની રોગપ્રતિકારક શક્તિ સુધારવા માટે અમુક રોગોના સંપર્કમાં આવવું મહત્ત્વપૂર્ણ છે, જ્યારે અન્ય માને છે કે બાળકની કુદરતી રોગપ્રતિકારક શક્તિ કોઈપણ પ્રકારની રસીકરણ કરતાં વધુ સારી અને વધુ અસરકારક છે. સ્થિતિ





એવી છે કે રસીકરણ વિશે લોકોની બેદરકારીને વિશ્વ આરોગ્ય સંસ્થાએ વિશ્વના ટોચના ૧૦ આરોગ્ય જોખમોમાંની એક ગણાવી છે.

આ બધા વચ્ચે લોકોએ સમજવું પડશે કે રસીકરણ કઈ રીતે ઝિંદગી બચાવે છે અને રસીકરણ ન કરવાનાં જોખમો અને પરિણામો જાણી લેવા જેવા છે, જેમકે.... તમારા બાળકોને ગંભીર બીમારી થવાની શક્યતા

શું તમે જાણો છો કે જે બાળકો સમયસર સંપૂર્ણ રસીકરણ મેળવતા નથી એ હેપેટાઇટિસ, ટ્યુબરક્યુલોસિસ, વ્યૂપિંગ કફ અને ડિપ્થેરિયા જેવા રોગના ભોગ બને છે. વધુમાં, રસીકરણ ન થયું હોય એ બાળકો ઓરી હોય ત્યારે ઝાડા, ન્યુમોનિયા, અંધત્વના ભોગ બની શકે. પરિવારમાંય અન્ય ગંભીર બીમાર થવાની શક્યતા વધારે. તમે બીમાર પડો ત્યારે ઘરનાં બાળકો- પૌત્રો અને માતા-પિતા માટે પણ બીમારીનું જોખમ ઊભું થઈ શકે. શિશુઓમાં પેટર્યુસિસ (જેને આપણે ત્યાં મોટી ઉધરસ અથવા ઉટાંટિયું કહે છે) ચેપનો સૌથી સામાન્ય સ્રોત પુખ્ત વયના લોકો છે.. આ ચેપ બાળકો માટે જીવલેણ પુરવાર થઈ શકે.

પુખ્ત વયના લોકો પણ હળવા લક્ષણો સાથે ઘાતક પરિણામોનો શિકાર બની શકે છે; ઉદાહરણ તરીકે, રુબેલા વાયરસથી સંક્રમિત સગર્ભા સ્ત્રીઓને જન્મજાત રુબેલા સિન્ડ્રોમ (સીઆરએસ) તરીકે ઓળખાતી વિવિધ વિકૃતિઓ ધરાવતા બાળકોને જન્મ આપવાનું જોખમ વધુ હોય છે. ઓરીના વાયરસથી સંક્રમિત થતી સગર્ભા સ્ત્રીઓને કસુવાવડ થવાનું જોખમ રહેલું છે.

**સમાજમાં રોગચાળાના વાહક બની શકો છો**

ચેપી રોગના કેસ વ્યાપક સમુદાયના પ્રકોપ તરફ દોરી શકે છે. આ કારણે સરકાર હજુ પણ બાળકોને પોલિયોની રસી આપે છે. જ્યારે વધુ બાળકો એમનું રસીકરણ ચૂકી જાય છે, ત્યારે ઘણાં વર્ષોથી ઘટી રહેલા વિવિધ રોગ અચાનક ફરી ફાટી નીકળે છે.

**ખર્ચાળ સારવાર:** રોગોની માત્ર વ્યક્તિઓ અને એમના પરિવારો પર જ સીધી અસર થતી નથી, પરંતુ સમગ્ર સમાજ માટે એ ખર્ચાળ બને છે.

ઉદાહરણ તરીકે, ડિપ્થેરિયા રોગની સારવાર કરવાની ક્ષમતા ધરાવતી હોસ્પિટલમાં તાત્કાલિક સારવારની જરૂર પડશે. દર્દીને આઇસોલેશન રૂમમાં મૂકવામાં આવે છે અને એને ખાસ દવાઓની જરૂર પડે છે. સરેરાશ ઓરીની બીમારી ૧૫ દિવસ સુધી ચાલી શકે છે. જે પુખ્તવયના લોકોને હેપેટાઇટિસ થાય છે તો એ સરેરાશ એક મહિનાનું કામ ગુમાવે છે. સીઆરએસ સાથે જન્મેલા બાળકના કિસ્સામાં એમને આજીવન સારવાર અને મોંઘી તબીબી સારવારની જરૂર પડે છે.

આયુષ્યમાં ઘટાડાનું જોખમ અપૂર્ણ રસીકરણ અપેક્ષિત આયુષ્યમાં ઘટાડો કરી શકે છે, જ્યારે શિશુઓમાં સંપૂર્ણ રસીકરણ આયુષ્યમાં વૃદ્ધિ લાવી શકે છે. ડેટા-આંકડા દર્શાવે છે કે જે બાળકો નાનપણમાં સંપૂર્ણ રસીકરણ મેળવતા નથી એમને અન્ય વિવિધ રોગો થવાની શક્યતા વધુ હોય છે અને તેથી એમનું સરેરાશ આયુષ્ય ઘટે છે.

આમ તબીબોની સલાહ મુજબ બાળકોનું રસીકરણ નિયમિત રીતે કરાવવું જોઈએ. જાતે જ નિષ્ણાત બનીને નિર્ણયો ન લેવા જોઈએ.■



પ્રકરણ ૫૮

# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

'કાકુ મને ઘરની સંપત્તિની વારસદાર બનાવે તો પણ મને એ વારસામાં, એ દોલતમાં કંઈ રસ નથી. હું એક શિક્ષકની પુત્રી છું. અહીં આવી છું તો કંઈક લઈને નહીં, પણ કંઈક આપીને જ જઈશ એનો વિશ્વાસ રાખજો.!'

ડાઈનિંગ ટેબલ પર ગાયત્રીના આ શબ્દોથી જાણે દીવાન પરિવારમાં એક વાવાઝોડું આવી ગયું હતું.

ઘરમાં મહેમાન આવે એ તો એક સામાન્ય ઘટના ગણાય, પણ જ્યારે એ મહેમાન ઘર ભાળી ગયું છે એવું લાગવા માંડે ત્યારે અસ્વસ્થ થઈ જવાય.

જમાઈબાબુ તો જમની જેમ ઘર ભાળી ગયા હતા અને એ સત્ય બધાંએ લગભગ સ્વીકારી લીધું હતું. આ માણસ બહાર રહીને વધુ ઉપદ્રવ કરે એના કરતાં ઘરમાં આપણી આસપાસ રહેશે તો એની ગતિવિધિઓ પર નજર રાખી શકાશે અને જરૂર પડે તો એમને વારી શકાશે-ડારી શકાશે એવું વિચારીને બધાંએ મન મનાવ્યું હતું.

આમેય જમાઈબાબુ ભલે બહુ પ્રેમ ઊભરાય એવી વ્યક્તિ ન હોય, એમની સાથે ઘરની લાડકી રેવતી તો પરિવારની નિકટ રહી શકે છે એનો આનંદ અને સંતોષ હતા.

જમાઈની વાત જુદી હતી, પણ ગાયત્રીનું શું કરવું?

એક શાંત, સુખી કુટુંબમાં એક અજાણી વ્યક્તિ આવીને અચાનક રાતોરાત ઘરની મેમ્બર થઈ જવાની 'ધમકી' આપે એવો ઘાટ સર્જાયો હતો.

બધાં ધૂંધવાતા હતા, પણ જગમોહન દીવાન સામે બોલતી બંધ થઈ ગઈ હતી. મનનો ધૂંધવાટ ગણગણાટ અને પરસ્પર ગુસપુસમાં વ્યક્ત થઈ જતો હતો.

રાતના ડાઇનિંગ ટેબલ પર દીવાન પરિવારની બેઠક યોજાયા બાદ જાણે વાતાવરણ બદલાઈ ગયું હતું. આટલાં વરસોમાં કોઈ દિવસ દીવાન પરિવારે સાથે બેસીને ભોજન નહોતું લીધું. કદાચ સાથે બેસીને અન્ન લેવાથી નિકટતા વધે છે એ સત્ય કોઈને હજી સુધી સમજાયું નહોતું. કદાચ સમજાયું હોત તો કુટુંબની વ્યક્તિઓ વચ્ચે ખાઈ જેવું અંતર ન રહેત.

જોકે વક્રતા તો એ હતી કે પરિવારની પહેલી ભોજનબેઠકને કારણે અંતર ઘટવાને બદલે વધી ગયું હતું અને હવે તો આ વધતી જતી ખાઈમાં શંકાના બીજ રોપાયાં હતાં.

કોણ છે આ ગાયત્રી મહાજન ?

એણે જગમોહનની જિંદગીને કેવી રીતે અને ક્યા સંજોગોમાં બચાવી? આ છોકરી ઘરમાં પોતાનું વર્ચસ્વ જમાવવાની કોશિશ નહીં કરે ને? ઘરના માલિક જગમોહન દીવાન આ યુવા છોકરીથી કેમ આટલા પ્રભાવિત છે? આવા કેટકેટલાય પ્રશ્નો દીવાન કુટુંબના સભ્યોના મન -મગજમાં ઘૂમરાતા હતા.

ડાઈનિંગ ટેબલ પર જગમોહન જ્યારે બોલ્યો કે, 'ગાયત્રી આપણી મહેમાન નથી, પણ આપણાં જ પરિવારનોનો એક હિસ્સો છે.' ત્યારે તો દરેકના પગ તળેથી જમીન સરકી ગઈ હતી.

દરેકના મનમાં દહેશત પેસી ગઈ હતી કે આ ફૂટડી છોકરી લાંબા સમય માટે મહેમાન બનીને આવી છે.

વિક્રમ તો ખળભળી ઊઠ્યો હતો. ગમે તેવી રૂપાળી હોય, પણ આ બે વેંતની છોકરી દીવાન કુટુંબની વારસદાર થવા લાયક તો નથી જ. પપ્પા પણ પોતાની જેમ લપસી પડ્યા નહીં હોય ને એવો એક નબળો વિચાર એના મનમાં વારંવાર અફળાતો રહ્યો.

પ્રભાના પેટમાં તો તેલ રેડાતું હતું. રૂપાળી છોકરીને જોઈ નથી કે પુરુષ લટૂડાપટૂડા થઈ જાય છે. હરખપદૂડા થઈને પોતાની દોલત લૂંટાવા માંડે છે. દરેક પુરુષ સરખા હવે હું જોઉં છું કે આ છોકરી અહીં કેવી રીતે રહી શકે છે.

મમ્મી મમ્મી' કહીને મને ભરમાવવાની કોશિશ કરે છે!

કરણ તો આભો થઈ ગયો હતો. ગાયત્રીને મળ્યા બાદ એ રૂપા અને ગાયત્રી વચ્ચે સરખામણી કર્યા કરતો હતો. જગમોહને પોતાની વાત પૂરી કર્યા બાદ ગાયત્રીએ જે રીતે વાતચીતનો દોર પોતાના હાથમાં લીધો એ પછી તો ગાયત્રી પર કરણ ફિદા થઈ ગયો :

રૂપા કદી આ રીતે બોલી ન શકત...

એ તો ખી... ખી...' કરીને વાત હસી કાઢત .. એવો વિચાર પણ કરણને સતાવ્યા કરતો હતો. ગાયત્રીની સાથે મુલાકાત થાય બાદ એને રૂપા નબળી લાગવા માંડી છે એવું તો નથી ને...? એ પ્રશ્નમાં કરણ અટવાયો હતો.

ગાયત્રી જ્યારે બોલી કે 'હું એક શિક્ષકની પુત્રી છું અને અહીં આવી છું તો કંઈક લઈને નહીં પણ કંઈક આપીને જઈશ એનો વિશ્વાસ રાખજો...' ત્યારે તો કરણ સહિત દરેકના મનમાં એના માટે માનની લાગણી જરૂર જન્મી હતી. જો કે, ધીરે ધીરે એ માનની લાગણીમાં શંકા અને અવિશ્વાસ ભળી રહ્યા હતાં એ જુદી વાત છે.

જતીનકુમાર બોલ્યા વિના ન રહ્યા :

'ગુરુ વિદ્યા તો આપે પણ જ્યારે ગુરુદક્ષિણા માગવાની વાત આવે ત્યારે અંગૂઠો જ માગી લે... ભગવાન જાણે તમે ગુરુદક્ષિણામાં શું માગશો!'

'મારું માથું...' પ્રભા ગણગણી.

થોડી ક્ષણ સુધી ટેબલ પર વજનદાર ખામોશી પથરાઈ ગઈ. જગમોહન ગુસ્સામાં કંઈક બોલવા જતો હતો, પણ ગાયત્રીએ હાથ ઊંચો કરીને એને રોક્યો. બહુ જ સ્થિર અને ગંભીર અવાજે ગાયત્રીએ કહ્યું:

'હું દીવાન પરિવારના તમામ સભ્યોને ખાતરી આપું છું કે હું અહીંથી કંઈ લઈ નહીં જાઉં... અને રહી વાત ગુરુદક્ષિણાની... તો મને કહેવા દો કે હું કોઈ ગુરુ નથી એટલે દક્ષિણા માગવાનો મારો કોઈ અધિકાર કે ઈરાદો નથી. છતાંય એક વાત સ્પષ્ટ કરી દઉં કે હું તમને બધાંને દક્ષિણા આપવાના ઋણથી મુક્ત કરું છું...'

કરણ ઝૂમી ઊઠ્યો. 'વાહ' એના મોઢામાંથી શબ્દો સરી પડ્યા.વિક્રમ એ શોધવાની કોશિશ કરતો હતો કે ગાયત્રીએ ક્યાં છટકું ગોઠવ્યું છે.

પૂજાનાં ભવાં ખેંચાઈ ગયાં હતાં.

પ્રભા મોં મચકોડીને બીજી તરફ જોઈ રહી હતી.

જતીનકુમાર સહેજ ઝૂકીને રેવતીને કાનમાં કહેતા હતા :

'જ્યારે આ ઘરમાં બધું બેઠાં બેઠાં મળી જવાનું હોય તો દક્ષિણા માગવાની વાત જ ક્યાં આવી? આ છોકરી દાન નહીં, દલ્લો લેવા આવી છે...'

પછીની પળોમાં ટેબલ પર ફરી મૌન પથરાયું હતું. લખુકાકા ચૂપચાપ જમવાનું પીરસી રહ્યા હતા અને બધાં ભારેખમ મને ભોજનને ન્યાય આપી રહ્યા હતા.

જગમોહનને યાદ આવ્યું કે એણે કેટલાય કલાકોથી અન્નનો દાણો પેટમાં નાખ્યો નહોતો. ગાયત્રી પણ તો એની સાથે ભૂખી રહી હતી,

એણે ગાયત્રી તરફ જોયું. અહીં આવીને ગાયત્રી ખુશ નથી એવું જગમોહનને લાગતું હતું. આત્મહત્યા કરવાના એના નિર્ણય બાદ બંનેની દુનિયા જાણે બદલાઈ ગઈ હતી.

ગાયત્રી તો વગર વાંકે ફસાઈ ગઈ હતી.

'ગાયત્રી, એની પ્રોબ્લેમ?' જગમોહને આસ્તેથી પૂછ્યું.ગાયત્રીએ માથું ધુણાવ્યું :

'આઈ એમ ઓ.કે. કાકુ, થેન્કસ.'

જગમોહનને તો જતીનકુમાર પર ગુસ્સો ચડતો હતો. આ રીતે ગુરુદક્ષિણા'ની વાત કરીને ગાયત્રીને ઠેશ પહોંચાડવાનો આ માણસને કોઈ હક નથી.

'જમાઈબાબુ, હવે શું પ્રોગ્રામ છે તમારો?' જગમોહનથી પૂછ્યા વિના રહેવાયું નહીં.

'બસ, શ્વસુરજી, જમીને સૂઈ જવું છે. આજે બપોરથી બહુ જ દોડધામ થઈ છે.' કહીને જગમોહન બીજો પ્રશ્ન કરે એ પહેલાં જ જમાઈબાબુએ શાકનું બાઉલ ગાયત્રી તરફ આગળ સરકાવ્યું :

'અરે, તમે કંઈ લેતાં કેમ નથી? કોઈ સંકોચ ન રાખતાં આને તમારું જ ઘર સમજજો...'

'જમાઈબાબુ,' ગાયત્રીએ અસ્વસ્થ થયા વિના કહ્યું:

'તમારો અંગૂઠો મારાથી દૂર રાખજો, ક્યાંક હું માગવાને બદલે ખેંચી ન લઉં...' ગાયત્રીએ હસતાં હસતાં કહ્યું.

'અંગૂઠાની જરૂર તીર ચલાવવામાં પડતી હતી, ગાયત્રીબેન, આજકાલના જમાનામાં તો રિવોલ્વરનો ઉપયોગ થાય છે અને રિવોલ્વર ચલાવવામાં અંગૂઠાની નહીં, આપણી તર્જનીની અર્થાત્ પહેલી આંગળીની જરૂર પડે છે...'

ગાયત્રી સ્તબ્ધ થઈ ગઈ.શાકનું બાઉલ હાથમાં લેતી વખતે એ વિચારતી હતી કે આ જમાઈબાબુ એ ધારે છે એના કરતાં વધુ ચાલાક અને ખંધા છે.

'જમાઈબાબુ, રિવોલ્વર ચલાવવા માટે પહેલી આંગળી ઉપરાંત રિવોલ્વરનો વળતો ધક્કો સહન કરવા છાતી પણ જોઈએ...'

'ગાયત્રી, અમારા જમાઈબાબુની છાતી તો મરદની છે. જતીનકુમાર, હું તમને આજના પ્રોગ્રામની વાત નહોતો કરતો... ભવિષ્યમાં શું કરવાનો વિચાર છે?'


ગાયત્રી વધુ વાર વાતચીતનું કેન્દ્ર બની રહે એ જગમોહનને ગમતું નહોતું.

'આપણે એ વાત પછી કરીએ તો?' પ્રભાએ વચ્ચે ઝંપલાવ્યું. જતીનકુમાર વિશે કોઈ પણ વાત બધાંની ખાસ કરીને એક અજાણી વ્યક્તિની હાજરીમાં થાય એ પ્રભા નહોતી ઈચ્છતી.

પ્રભાનો હસ્તક્ષેપ જગમોહનને ગમ્યો નહીં, પણ હાલના તબક્કે પ્રભાને છંછેડવી યોગ્ય નહીં રહે એવું વિચારીને એ ચૂપ રહ્યો.

જતીનકુમારે રાહતનો શ્વાસ ખેંચ્યો.

રેવતીના ચહેરા પર ખેંચાયેલી રેખાઓ ઢીલી પડી. બધાંની હાજરીમાં તેના ધણીની નબળાઈનું વિશ્લેષણ થાય એ રેવતીને પસંદ ન પડત. ફરી બધાં ભોજનને ન્યાય આપવામાં




વ્યસ્ત રહ્યાં. લખુકાકાની અવરજવર ચાલુ રહી. જોકે દરેકના મનમાં જાતજાતના પ્રશ્નો ઘોળાતા હતા.

'હેં, ગાયત્રીબહેન...' ચૂપ રહી શકે એ જતીનકુમાર નહીં, 'તમે આજીવિકા માટે શું કરો છો?'

ગાયત્રી મૂંઝાણી : આ પ્રશ્નનો ઉત્તર કેવી રીતે આપવો? એણે જગમોહન સામે જોયું.

'હું સમજી નહીં' એણે ક્ષીણ સ્વરે કહ્યું.

'અરે, વેરી સિમ્પલ... તમે સંસાર ચલાવવા શું કરો છો? કોઈ કામકાજ... કોઈ ધંધો-પાણી?' જતીનકુમારના ચહેરા પર નિર્દોષતા છલકતી હતી.

'જતીનકુમાર, ગાયત્રી શિક્ષકની પુત્રી છે એટલે એ પણ બાપની જેમ વિદ્યાદાન કરે છે, અને હા, એક વાત તમને જરૂર કહીશ... જતીનકુમાર,' જગમોહન ઠંડા કલેજે બોલતો હતો :

'આપણે જ્યારે કાચના ઘરમાં રહેતા હોઈએ ત્યારે આપણા ઘરની આજુબાજુ પથ્થરો ન પડ્યા હોય એનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.'

ગાયત્રીનો અધ્ધર રહેલો શ્વાસ હેઠો બેઠો, પણ શ્વસુરજીની ટકોર સાંભળીને જતીનકુમારની ભૂખ મરી ગઈ.

'જમતી વખતે બહુ વાત ન કરવી જોઈએ એવું હું માનું છું, પણ એક વાત ભુલાઈ ગઈ એટલે કહું છું.' જગમોહને વાતનો દોર સાંધતાં કહ્યું:

'વિક્રમ અને કરણ, ગાયત્રી કાલનો દિવસ આરામ કરીને પરમ દિવસથી આપણી ઑફિસે આવશે. એને આપણી ઑફિસમાં દરેકની ઓળખાણ કરાવવાની જવાબદારી તમારા બંનેની..

ત્યાં જ કોલબેલ રણકી ઊઠતાં લખુકાકા 'હું જોઉં છું' કહેતાં દોડ્યા. થોડીવારમાં જ એ હાંફળાફાંફળા થતાં પાછા ફર્યા.

'શું થયું કાકા, ભૂત જોયું હોય એમ કેમ ડરી ગયા?' જગમોહને હસીને પૂછ્યું.

'ભાઈ... બહાર પુલિસ આવી છે!'

***

'મિસ્ટર જગમોહન દીવાન, મારું નામ ઈન્સ્પેક્ટર સનત પ્રમાણિક. હું આપણા લોકલ થાણા-અલિપુર પોલીસ સ્ટેશનથી આવું છું. તમને આ સમયે ડિસ્ટર્બ કર્યા એ બદલ દિલગીર છું...'

'નોટ એટ ઓલ... ઈન્સ્પેક્ટર પ્રમાણિક, શું વાત છે? અત્યારે કેમ આવવાનું થયું? ફોનથી કામ થાય એમ નહોતું?' દેખીતી રીતે જગમોહન દીવાનને ઈન્સ્પેક્ટરનું આગમન પસંદ નહોતું પડ્યું.

'સોરી, મિ. દીવાન, તમારા જેવા પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિને આ સમયે ડિસ્ટર્બ કરવા ઉચિત ન ગણાય, પણ શું કરું? મામલો જ એવો સંગીન છે કે મારા ઉપરીએ મને ખાસ મોકલ્યો છે.'

ઈન્સ્પેક્ટર પ્રમાણિકે રૂમમાં ચારે તરફ નજર ફેરવતાં કહ્યું.

***

કુટુંબની દરેક વ્યક્તિ ડાઈનિંગ ટેબલ છોડીને હોલમાં આવી ગઈ હતી. પોલીસનું નામ પડતાં જ દરેકને સહેજ પ્રશ્ન થયો હતો. દીવાન ખાનદાનમાં પોલીસનું શું કામ?

'મિ. દીવાન, તમારા જેવા ઉદ્યોગપતિઓ આ શહેરમાં મોટા બંગલામાં રહેતા હોય છે,પણ તો તમે એક ફ્લેટમાં રહો છો? ' સહેજ થોભીને એણે ઉમેર્યું :

માફ કરજો. આ પ્રશ્નને મારા કેસ સાથે કોઈ સંબંધ નથી. આ તો સહેજ કુતૂહલ થયું, તમારા વિશે બહુ સાંભળ્યું હતું એટલે...' ઈન્સ્પેક્ટરે ચોખવટ કરી.

'ઈન્સ્પેક્ટર, અમે અમારી જરૂરિયાતો મર્યાદિત રાખી છે... અને અમારું જીવન અમારી જરૂરિયાત પ્રમાણે જીવીએ છીએ. નિરર્થક ખર્ચમાં હું માનતો નથી... હાં તો, ઈન્સ્પેક્ટર, આપણે મૂળ વાત પર આવીએ?'

'શ્યોર સર, વાત એમ છે કે પાર્ક સર્કસથી આગળ સૈયદ અલી અમીર એવન્યુ નામના રસ્તા પર આવેલા એક મકાનમાં ખૂન થયું છે.'

વિક્રમનો ચહેરો સફેદ પડી ગયો :

ઈન્સ્પેક્ટર કોના ખૂનની વાત કરે છે? એ અહીં શા માટે આવ્યો છે?

'પાર્ક સર્કસમાં ખૂન થાય અને તમે અહીં અલીપુરમાં મારા ઘરે એની કડી શોધતા દોડી આવ્યા, ઈન્સ્પેક્ટર?' જગમોહને નારાજગી વ્યક્ત કરી.

'મિ. દીવાન, પાર્ક સર્કસથી જમણી બાજુના રસ્તાના આ મકાનના બીજા માળે એક સાઠ વરસની વૃદ્ધાનું આજે સાંજના ખૂન થયું. ખૂનનું કારણ ચોરી નથી પણ અમારો શક છે કે કોઈ જૂની અદાવત કે વેરઝેરને કારણે ઘરડી સ્ત્રીની હત્યા થઈ હોય એવું લાગે છે... મરનારનું નામ મિસિસ ગાંગુલી હતું.' (ક્રમશઃ)■

# આરોગ્ય દાતા કન્યા રાશિમાં પ્રવેશ કરવાથી કબજિયાત, કમર સાથે શરીર જકડાઇ જવાની ફરિયાદ વ્યાપક વધે.

feedback@bombaysamachar.com

## આરોગ્યનાં એંધાણ

જ્યોતિષી આશિષ રાવલ

આ સપ્તાહ માં ગ્રહમંડળ ના રાજાદી-સૂર્ય-આરોગ્યદાતા

સૂર્ય સિંહ રાશિ(સ્વગૃહી)તા.૧૬

સાંજે ૦૭.૪૩ કલાકે કન્યા રાશિમાં પ્રવેશ

મંગળ મિથુન(શત્રુ ઘર)

બુધ સિંહ રાશિ તા.૨૩ કન્યા રાશિમાં પ્રવેશ સમય સવારે ૧૦.૧૨

ગુરુ વૃષભ રાશિ(શત્રુ રાશિ)

શુક્ર કન્યા રાશિ અગામી તા.૧૮

તુલા રાશિમાં પ્રવેશ સમય બપોરે ૦૧.૫૭ કલાકે

શનિ કુંભ રાશિ(સ્વગૃહી) વક્રીભ્રમણ

રાહુ મીન રાશિ વક્રીભ્રમણ

કેતુ- કન્યા રાશિ વક્રીભ્રમણ

આ સપ્તાહમાં ત્રણ ગ્રહો રાશિ પરિવર્તન કરશે.

આરોગ્ય દાતા કન્યા રાશિમાં પ્રવેશ કરવાથી કબજિયાત, કમર સાથે શરીર ઝકડાઇ જવાની ફરિયાદ વ્યાપક વધે. કન્યા રાશિમાં સૂર્યબુધ યુતિ કરવાથી બુધાદિત્ય યોગ રચશે. વિધાર્થીવર્ગની રોગપ્રતિકાર શકિતમાં સંચાર કરશે. લાંબા સમયથી પીડિત અસાધ્ય રોગો,વારસાગત રોગોથી પીડિત દર્દીઓને રાહત ચોક્કસ જણાશે.'વરસાદી ઝાપટા' અવારનવાર ઓચિંતા પડવાથી કફ શરદી સાથે તાવના દર્દો નોંતરશે. નરણા કોઠે તુલસી પાન અવશ્ય ખાશો. ઘરમાં કે ઓફિસમાં પીવાનું પાણીમાં તુલસી પાન નાખીને પીવાથી કથડેલ આરોગ્ય સુધરશે. નિયમિત દવાઓ લેનારે સમયસર લેશોશીર દર્દ પકડાઇ જવાની શક્યતાઓ. સિનિયર વર્ગે ઝેરી મલેરિયા કે ટાઈફોડ થવાની શક્યતાઓ રહેલી છે.ગણેશજી પર્વ ચાલતો હોવાથી નિત્ય ઓમ ગં ગણપતે નમઃ એક માળા કરવાથી કથળેલ આરોગ્યમાં તાત્કાલિક સુધરશે.

(૧) મેષ (અ,લ,ઇ):- માનસિક ઉદ્વેગ અશાંતિ જણાય. સપ્તાહના અંતે આરોગ્ય માટે સાનુકૂળ રહેશે.નિત્ય ઈષ્ટદેવ સ્મરણ પૂજન અર્ચન કરશો. શ્રી ગણેશાય નમઃ ની ત્રણ માળા અવશ્ય કરશો.

(૨) વૃષભ (બ,વ,ઉ):- આ સપ્તાહ આરોગ્ય માટે મિશ્ર સારું રહે છતાં નરણા કોઠે પાંચ મરી ચાવી જશો.


નિત્ય ગણેશજીનો દિપક કરશો. અથર્વશીર્ષના પાઠ કરશો.

(૩) મિથુન (ક,છ,ઘ):- યુરિન કે બ્લડમાં ઇન્ફેક્શન સંભવ. દરરોજ સંધ્યા સમયે તુલસી ક્યારે ધૂપ-દીપ કરશો તેમજ વહેલી સવારે ગરીબોને યથા શકિત મદદ કરશો.

(૪) કર્ક (હ,ડ):- ઓચિંતા માનસિક ભય ચિંતાઓ સતત સતાવે. એકતરા તાવ રહે. ગણપતિજી ને જાસુદનું ફૂલ ચડાવશો.

(૫) સિંહ (મ,ટ):- કાલ્પનિક ભયને કારણે છાતી દુખવો જણાય સાથે પગમાં સતત સાધારણ દુખાવો લાગે.

નવ ગ્રહના મંત્ર જાપ કરશો. ગણેશજીને જનોઈ અર્પણ કરશો.



(૬) કન્યા (પ,ઠ,ણ):- વિટામિન ડીની ઉણપ જણાય. કમર પર વાગવાની શક્યતાઓ. યથાશકિત દાન ઉચીત બાહ્મણ આપશો. ઓમ ગં ગણપતે નમઃ મંત્રની એક માળા કરશો.

(૭) તુલા (ર,ત):- આંખો આવવાની શક્યતાઓ. સપ્તાહના આરોગ્ય માટે સાનુકુળ રહેશે. ગાયત્રી માતા તથા કુળદેવીનો ધૂપ દીપ કરશો.

(૮)વૃશ્ચિક (ન,ય):- આરોગ્ય માટે મિશ્ર રહેશે. વ્યસનને કારણે ભૂખ સમયસર ન લાગવાથી તબિયત પર અસર પડે. ગણેશજીને દૂર્વા ચડાવશો.

(૯) ધન (ભ,ધ,ફ,ઢ):- હિમોગ્લોબિન ઓછું થવાથી અન્ય બીમારીઓ નો શિકાર થવાય. ડાયાબિટીસના દર્દીઓએ વિશેષ સંભાળવું. શિવજીને ચંદન મિશ્રત જળાભિષેક કરશો. બાહ્મણને વસ્ત્રદાન કરશો.

(૧૦) મકર (ખ,જ):- ગળામાં સોજો સંભવ. નાના બાળકોને કાકડા વધી શકે. વિઘ્ન હર્તાને મોદકનો પ્રસાદ અર્પણ કરશો.

(૧૧) કુંભ (ગ,શ,સ):- પેટમાં ગોટા વળે. પેટ અંદરથી ચૂંથાય. ગણેશજીની પ્રતિમા પાસે દીપ પ્રાગટ્ય કરશો.

(૧૨)મીન (દ,ચ,ઝ,થ):- કફ શરદી ઉધરસ યથાવત રહે. પગના તળિયા બળે. કંજુસાઈવાળો સ્વભાવ બદલશો. જીવદયા અવિરત કરશો.

# પ્રેગ્નન્સીમાં સોડાવાળા ડ્રિંક બાળક માટે બની શકે છે હાનિકારક

feedback@bombaysamachar.com

## વિશેષ

નિધિ ભટ્ટ

ગર્ભવતી મહિલાઓ જે પણ ખોરાક આરોગે એની સીધી અસર ગર્ભમાં રહેલા બાળક પર થાય છે એ તો આપણે સૌ કોઈ જાણીએ છીએ. આ જ કારણ છે કે મહિલાઓએ કોઈપણ ખોરાક ખાતા પહેલા ખાસ ધ્યાન રાખવું જોઈએ. એક રિસર્ચમાં જાણવા મળ્યું છે કે ગર્ભાવસ્થામાં શુગરવાળા કે સોડાવાળા ડ્રિંક્સ પીવાથી આવનારા બાળકને અનેક સમસ્યાનો સામનો કરવો પડી શકે છે. આવા ડ્રિંક્સના સેવનથી દાંતને સંબંધિત સમસ્યાઓ, વજન વધવો, ડાયાબિટીસ અને હાઇ બ્લડ પ્રેશર જેવી બીમારીઓ ઘર કરી જાય છે. ૨૦૨૨ અને ૨૦૨૩માં એક સર્વે કરવામાં આવ્યો હતો, એમાં ૪ હજારથી વધુ ગર્ભવતી મહિલાઓને સામેલ કરવામાં આવી હતી. એ સર્વે પ્રમાણે એ તમામ મહિલાઓને ફ્રૂટ જ્યૂસ, કાર્બોનેટેડ ડ્રિંક્સ, જેવા કે ફિઝી ડ્રિંક્સ, સોડા, જ્યૂસ અને દૂધવાળા પીણાં આપવામાં આવ્યા હતાં. એ સર્વેના અંતમાં જાણ થઈ કે જે મહિલાઓએ પ્રેગ્નન્સી દરમ્યાન શુગરવાળા ડ્રિંક્સ પીધા તેમને ડાયાબિટીસની સમસ્યા ઊભી થઈ હતી. પ્રેગ્નન્સીમાં થનારી ડાયાબિટીસને જેસ્ટેશનલ ડાયાબિટીસ કહેવામાં આવે છે. એને કારણે બાળકનું વજન સામાન્યથી વધુ વધી જાય છે. એથી ડિલીવરી વખતે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. સાથે જ જેસ્ટેશનલ ડાયાબિટીસને કારણે સમય પહેલા જ બાળકનો જન્મ થાય છે અને કમળો થવાની પણ શક્યતા રહે છે. સર્વેમાં જાણ થઈ કે જે ગર્ભવતી મહિલાઓએ અઠવાડિયામાં ત્રણ વખત શુગરવાળા ડ્રિંક્સનું સેવન કર્યું એમાં જેસ્ટેશનલ ડાયાબિટીસનું જોખમ ૩૮ ટકાથી વધુ જોવા મળ્યું. સાથે જ હાઇપરટેન્શનનું જોખમ પણ ૬૪ ટકા વધી ગયું. શુગરવાળા ડ્રિંક્સ લેવાથી ભ્રૂણને લોહી પૂરતા પ્રમાણમાં નથી મળતું. એને કારણે બાળકના વિકાસ પર પણ અસર પડી શકે છે અને પ્રીમૅચ્યોર ડિલીવરી પણ થઈ શકે છે. એથી રિસર્ચના અંતે એવું તારણ નીકળ્યું કે મહિલાઓએ પ્રેગ્નન્સી દરમ્યાન પોતાની ખાણી-પીણીની ખૂબ કાળજી લેવી જોઈએ.



આવો જાણીએ કોલ્ડ ડ્રિંક્સ પીવાથી થતાં નુકસાન વિશે વિસ્તારપૂર્વક

### હૃદયનાં ધબકારા વધવા

ફિઝી અને કાર્બોનેટેડ ડ્રિંક્સમાં શુગર વધારે પ્રમાણમાં અને પોષક તત્ત્વો ના જેવા હોય છે. એમાં હાજર કૅફિન ગર્ભમાં રહેલા બાળક સુધી પહોંચીને એડ્રિનીલ ગ્રંથિ પર અસર કરે છે. ગર્ભવતી મહિલાઓએ દિવસ દરમ્યાન બસો મિલીગ્રામથી વધુ માત્રામાં કૅફિન ન લેવુ જોઈએ. જો ૫૦૦ મિલીગ્રામથી વધુ કૅફિન લેવામાં આવે તો બાળકને શ્વાસ લેવામાં તકલીફ વધી શકે છે.

### માનસિક ક્ષમતા નબળી બની શકે

એક અધ્યયન મુજબ પ્રેગ્નન્ટ મહિલાઓ જે શુગર સ્વીટન્ડ સોડા લે છે, તો તેમના બાળકોનાં માનસિક વિકાસ પર અસર થાય છે. સાથે જ સ્મરણશક્તિ પણ ઘટી જાય છે.

### જન્મજાત બીમારી

આ એક એવું સોફ્ટ ડ્રિંક્સ છે કે જેમાં હાજર સૈચારિનને કારણે બાળકને જન્મજાત બીમારીઓ ઊભી થઈ શકે છે. એથી આવા ડ્રિંક્સ લેતા પહેલા ગર્ભવતી મહિલાઓએ ધ્યાન રાખવું જોઈએ.

### હાડકાને નુકસાન

સોફ્ટ ડ્રિંક્સને ફ્લેવરફુલ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતો ફોસ્ફરિક એસિડ હાડકાઓનું કેલ્શિયમ શોષી લે છે. કેલ્શિયમની ઊણપને કારણે હાડકાઓ નબળા પડી જાય છે.

### એલર્જીનું કારણ

સોફ્ટ ડ્રિંક્સમાં રહેલા કલરિંગ એજન્ટ, પ્રિઝર્વેટિવ્સ, સ્વીટનર અને ફ્લેવર પ્રેગ્નન્સી દરમ્યાન ખૂબ નુકસાન કરે છે. એમાં રહેલી સાકર વજન વધારીને પ્રેગ્નન્સીને વધુ જટિલ બનાવી શકે છે. એનાથી બાળકના વિકાસ પર પણ માઠી અસર થાય છે. આર્ટિફિશ્યલ ફ્લેવરમાં રહેલી ડાઇને કારણે બાળકોમાં એલર્જીની તકલીફ ઊભી થઈ શકે છે.

પ્રેગ્નન્સી દરમ્યાન વિવિધ સોફ્ટ ડ્રિંક્સ પીવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક છે, પરંતુ એના પર્યાય પણ છે, જે આડઅસર વિનાના અને હેલ્ધી હોય છે.

તો રિસર્ચ પ્રમાણે શું પીવુ એના પર એક નજર નાખીએ

### સાદું પાણી

સામાન્ય રીતે ગર્ભાવસ્થા દરમ્યાન મહિલાએ ૮થી ૧૨ કપ સાદું પાણી દરરોજ પીવુ જોઈએ. જોકે પ્રેગ્નન્સીના દર ત્રણ મહિનામાં પાણીની માત્રા વધારવી જરૂરી છે. સાથે જ મિનરલ વૉટર પીતી વખતે ખાસ સાવચેતી રાખવી જોઈએ. દરરોજ આવું પાણી ન પીવુ જોઈએ. એમાં સોડિયમની માત્રા વધુ હોય છે, એને કારણે સોજા આવી શકે છે.

### ફ્લેવર વૉટર

ફ્લેવર વૉટર સોડાની સરખામણીએ તો હિતાવહ છે. તમે જાતે એ પાણીની અંદર લેમન, કુકુમ્બર, જીંજર અથવા તો મિન્ટ ઉમેરીને ફ્લેવરફુલ વૉટર બનાવી શકો છો.

### સ્મૂધીઝ

સ્મૂધીઝ તમને તરોતાજા બનાવવાની સાથે પોષક તત્ત્વોથી પણ ભરપૂર હોય છે. ખાસ કરીને એને જો વહેલી સવારે બનાવવામાં આવે. એમાં જો તમે ગ્રીક યૉગર્ટ ઉમેરો તો હાર્ટબર્નના લક્ષણોને ઘટાડે છે.

### દૂધ

દૂધમાં કેલ્શિયમ અને વિટામિન્સ ભરપૂર માત્રામાં હોય છે. જો તમને લેક્ટોસ ન લેતા હોવ અથવા તો વેગન હોવ તો તમે સોયા મિલ્ક કાં તો અન્ય પર્યાયી પીણું લઈ શકો છો. જો એમાં પણ કેલ્શિયમનો ઉમેરો કરશો તો તમને ઘણાં સ્વાસ્થ્યના લાભ મળી શકે છે.

### ચા

પ્રેગ્નન્સી દરમ્યાન ચા પીવી ફાયદાકારક છે. હા એમાં કયા ઇન્ગ્રિડિએન્ટ્સ છે એનું ખાસ ધ્યાન રાખવાનું રહે છે. બધી જ હર્બલ ચા સલામત નથી હોતી અને કેટલીક ચામાં તો કૅફિન પદાર્થ હાજર હોય છે. જોકે જીંજર ટી, લેમન ટી અને પેપરમીન્ટ ટી પીવામાં કોઈ નુકસાન નથી થતું. ■

# મીઠાશની સાથે વિવિધતા ધરાવતું પ્રાચીન ફળ અમૃતફળ - નાસપાતી

shrilekha.yajnik@bombaysamachar.com

સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક



ચોમાસું શરૂ થાય તેની સાથે વરસાદી મોસમમાં ખાસ મળતાં ફળો બજારમાં દેખાવા લાગે. સંસ્કૃતમાં અમૃતફળ તરીકે ઓળખાતું ફળ એટલે જ નાસપાતી. નાસપાતીની આવક વરસાદી મોસમમાં બજારમાં વધુ થતી જોવા મળે છે. મુલાયમ મીઠા ફળમાં તેની ગણના થાય છે. સફરજનથી થોડું આકારમાં મોટું તેમજ ઉપરથી પાતળું નીચેથી ગોળાકાર હોય છે. જેથી તેને 'પિયર શેપ' કહેવામાં આવે છે. બહારની છાલ લીલી, પીળી તથા લાલ જોવા મળે છે. અંદરનો માવો કે ગર મુલાયમ હોય છે. બીજ અત્યંત નાના આછા કથ્થાઈ રંગના જોવા મળે છે. નાસપાતી એક એવું ફળ છે જેને અનેક લોકો વણદેખ્યું કરે છે. પરંતુ તેનામાં સફરજનથી પણ અધિક પોષક ગુણ સમાયેલાં જોવા મળે છે. તેથી જ નાસપાતી ફળ એક એવા ફળમાં સ્થાન મેળવે છે, જે કૉલેસ્ટ્રોલ ફ્રી, ફૅટ ફ્રી, ૧૦૦ કૅલરીના પૅકેજમાં લગભગ બધા જ પોષક ગુણોનો સમાવેશ થતો જોવા મળે છે. એક મધ્યમ આકારની નાસપાતીમાં પ્રોટીન ૧ ગ્રામ, કાર્બ્સ ૨૭ ગ્રામ, ફાઈબર ૬ ગ્રામ, વિટામિન સી રોજિંદી આવશ્યક્તાના ૧૨ ટકા, વિટામિન કે રોજિંદી આવશ્યક્તાના ૬ ટકા, પોટેશિયમ રોજિંદી આવશ્યક્તાના ૪ ટકા, કૉપર રોજિંદી આવશ્યક્તાના ૧૬ ટકા છે.

ભારત નાસપાતીના ઉત્પાદનમાં વિશ્વમાં ૯મો ક્રમાંક ધરાવે છે. ૧૯૯૧માં ભારતમાં નાસપાતીનું ઉત્પાદન ૧૯૦૦૦ હૅક્ટરમાં થતું હતું. જે ૨૦૧૯માં વધીને ૪૨,૦૦૦ હૅક્ટરમાં થઈ ગયું. વિશ્વમાં નાસપાતીના ઉત્પાદનમાં ચીન, અમેરિકા, ટર્કી, ઈટાલી સ્પેન, તાઈવાન, નેધરલૅન્ડ વગેરે દેશોનો સમાવેશ થાય છે. જેમાં પહાડી, જંગલી, બાગી તથા ચીની ચાર પ્રકારના જોવા મળે છે. બાગી તેમજ પહાડી નાસપાતીમાં વધુ મીઠાશ હોય છે. ભારતમાં વિલિયમ્સ, બાર્ટલેટ, પાથરનાખ, વગેરેની સાથે ૨૦થી વધુ પ્રકારના નાસપાતીની ખેતી કરવામાં આવે છે. નાસપાતીનો દેખાવ સુરાહી જેવો હોય છે. ઉપરના ભાગને નાક કહેવામાં આવે છે. નાસપાતીમાંથી ખાસ પ્રકારની શરાબ બનાવવામાં આવે છે. એવું કહેવાય છે કે સફરજનમાંથી બનતી શરાબ કરતાં નાસપાતીમાંથી બનતી શરાબ ઓછી મીઠી પરંતુ વધુ ગુણકારી મનાય છે. તેનો ઉપયોગ અતિસારની સતત તકલીફ ધરાવતાં દર્દી માટે શ્રેષ્ઠ ગણાય છે. ચરક સંહિતા-સુશ્રુત સંહિતામાં ટંક નામથી તેનો ઉલ્લેખ જોવા મળે છે. નાસપાતીનું વાનસ્પતિક નામ પાઈરસ કમ્યુનિસ છે. રોજેશી કુળનું ફળ ગણાય છે. અંગ્રેજીમાં પેર , કૉમન પિયર, યૂરોપિયન પિયર, પિયર ટ્રી, વાઈલ્ડ ટ્રી પણ કહેવામાં આવે છે. સંસ્કૃતમાં નાસપાતીને અમૃતફળ, કાશ્મીરીમાં કિશતાબહિરા, તમિળમાં પેરિક્કે, ગુજરાતીમાં નાસપાતી પંજાબીમાં બટંગ, બાટંક, અરબીમાં કસ-રસા, પર્શિયનમાં અમરૂલ. નાસપાતી પૌષ્ટિક્તાની સાથે સ્વાસ્થ્યવર્ધક અનેક ગુણો ધરાવતું ફળ છે.

ભારતમાં ઉત્તર-પશ્ચિમી હિમાલય, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, પંજાબ, ઉત્તરાખંડમાં ૭૦૦-૨૬૦૦ મીટરની ઊંચાઈ ઉપર પણ જોવા મળે છે.

## નાસપાતીના સ્વાસ્થ્યવર્ધક ગુણો

### ઍનિમિયાની તકલીફમાં ગુણકારી

નાસપાતીમાં આયર્ન પ્રચૂર માત્રામાં હોય છે. અનેક લોકોના શરીરમાં પૂરતાં પ્રમાણમાં લોહી ન બનવાની સમસ્યા હોય છે, જેને કારણે તેમના શરીરમાં હિમોગ્લોબીનની ઊણપ સર્જાય છે. આવા સંજોગોમાં નાસપાતીનું સેવન કરવું ઉત્તમ ગણાય છે. શરીરમાં પૂરતા પ્રમાણમાં રક્ત સંચાર થવાની સાથે શરીરના વિવિધ અંગોમાં ઑક્સિજનની યોગ્ય માત્રા મળી રહે છે. જેને કારણે શરીરના બધા જ અંગો સુચારૂ રૂપે કામ કરવા લાગે છે.

### શરીરને ડિટોક્સ કરે છે

નાસપાતીની ગણના રસદાર ફળોમાં થાય છે. તેમાં પાણીની માત્રા વધુ હોય છે. તેથી તેના સેવન બાદ આંતરડાં તેમજ લિવરમાંથી ઝેરી પદાર્થને બહાર કાઢે છે. ઍનિમિયાની તકલીફથી બચી શકાય છે. વળી તેમાં પોટેશિયમનું પ્રમાણ ભરપૂર જોવા મળે છે, જે શરીરમાંથી સોડિયમ બહાર કાઢે છે. જેથી બ્લડપ્રેશરની સમસ્યા વધતાં અટકે છે.

### સોજાને ઘટાડવામાં ગુણકારી

વરસાદી મોસમમાં હવામાનમાં બદલાવને કારણે શરીરમાં અનેક વખત સોજા આવવાં કે શરીર ભારે લાગવાની તકલીફ જોવા મળે છે. નાસપાતીમાં ફ્લેવોનોઈડસ્‌ની માત્રા ભરપૂર છે. જે શરીર માટે ઍન્ટિ-ઓક્સિડન્ટનું કામ કરે છે. વળી વિટામિન-સી તથા વિટામિન કે શરીરના અંગ ઉપર આવેલાં સોજાને દૂર કરવામાં મદદ કરી શકે છે.

### ડાયાબિટીસના દર્દીઓ માટે ગુણકારી

નાસપાતીમાં ફાઈબર તેમજ ઍન્ટિ-ડાયાબિટીક ગુણ છે, જેથી ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં મદદ કરી શકે છે. વળી તેમાં પર્યાપ્ત માત્રામાં ઍંથોસાયનિન ઍન્ટિ-ઓક્સિડન્ટના રૂપમાં કામ કરે છે. જે ડાયાબિટીસ થવાના ખતરાને તેમજ હોય તો તેને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. વળી નાસપાતીનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો હોવાને કારણે તેના સેવનથી લોહીમાં શર્કરાની માત્રા વધતી નથી.

### પાચનક્રિયાને મજબૂત બનાવે છે

નાસપાતીમાં ફાઈબરનું પ્રમાણ સારું હોય છે. જેથી તેના સેવન બાદ કબજિયાતની તકલીફમાં રાહત મળે છે.

વળી તેમાં રહેલું ફાઈબર આંતરડામાં રહેલાં ઘટ્ટ કચરાને બહાર કાઢવામાં મદદ કરે છે. જેથી આંતરડાની કાર્યક્ષમતા સુધરે છે. પાચન સબંધિત સમસ્યાથી રાહત મળે છે.

### વજનને નિયંત્રણમાં રાખે છે

આજના સમયમાં મોટાપાની સમસ્યા ઘેર..ઘેર જોવા મળે છે. ધીમે ધીમે વ્યક્તિના શરીરને રોગનું ઘર બનાવી દે છે. તેથી જ ફાસ્ટ ફૂડ કે જંક ફૂડનું સેવન કરતાં પહેલાં ફળ તેમજ સલાડનું સેવન કરવામાં આવે તો આંતરડાને વધુ કાર્ય કરવું પડતું નથી. નાસપાતીમાં ફાઈબરની માત્રા ભરપૂર હોય છે. તેનું સેવન કરવાથી લાંબા સમય સુધી પેટ ભરાયેલું રહે છે. આમ કસમયે ખાતા રહેવાની આદતથી બચાવે છે. કૅલરીની માત્રા શરીરમાં અકારણ જતાં અટકે છે. જે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

### કૅન્સર સેલ્સની સામે રક્ષણ આપે છે

નાસપાતીમાં પૉલિફિનોલ તેમજ ફ્લેવોનોઈડ હોય છે. જે શરીરને ફ્રી રેડિકલ્સની સામે લડવામાં મદદ કરે છે. જેના થકી સેલ્યુલર તંદુરસ્તી જળવાઈ રહે છે. અનેક પ્રકારના કૅન્સરથી બચાવવાની સાથે શરીર તેમજ ત્વચાને વધતી વયનાં લક્ષણોથી બચાવવામાં મદદ કરે છે. નાસપાતીમાં વિટામિન સીની માત્રા અધિક હોય છે. જે ત્વચાની ચમક જાળવી રાખવામાં મદદ કરે છે.

નાસપાતીને સામાન્ય રીતે પ્રત્યેક ફળના શોખીને આખું જ ખાઈ લેવું જોઈએ. જો તે કરવું શક્ય ના હોય તો તેને કાપીને ઉપર લીંબુ તેમજ ચાટ મસાલો ભભરાવીને ખાવું જોઈએ. નાસપાતીમાંથી વિવિધ વાનગી બનાવી શકાય છે. જેમાં નાસપાતિનો મુરબ્બો, ચટણી, અથાણું, સલાડ તેમજ પીણાં બનાવવામાં આવે છે.

### નાસપાતી કોલાડા



ચોમાસામાં પી શકાય તેવું આ પીણું ગણી શકાય.

**સામગ્રી :** ૨-૩ મધ્યમ આકારના નાસપાતી, અડધો કપ ગોળ, અડધો કપ પાણી, ૧ નાનો ટુકડો તજ, ૨ ચમચી ખડી સાકર, ૧ ચમચી મધ, ૧ નંગ પાકેલુ કેળું, ૫૦૦ ગ્રામ દૂધ, ૫ નંગ બદામ, ૫ નંગ કાજુ, તાજા નાળિયેરની મલાઈ ૧ કપ, ફુદીનાના પાન.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ નાસપાતીને બરાબર સાફ કરીને કાપી લેવું. હવે તેને મિક્સર જારમાં ગોઠવવું. તેમાં ગોળ, ખડી સાકર, મધ, તજ, પાકેલું કેળું, નાળિયેરની મલાઈ, બદામ, કાજુ તેમજ જરૂર મુજબ દૂધ ઉમેરીને ચર્ન કરી લેવું. ત્યારબાદ બરફના ટુકડાં ગોઠવીને લાંબા ગ્લાસમાં રેડવું. ફુદીનાના પાનથી સજાવી તેનો આસ્વાદ માણવો. ■

# એલર્જી- આમ્લપિત્ત

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા



બ્રાહ્મી પાન



કમળ ફૂલ



ખારેક રસ



કેસર



મૂળાના પાન



ચંદન બથુવા

કુદરતે વ્યક્તિની શારીરિક રચના એક જ સરખી કરી છે, જેમ કે હૃદય, આંતરડાં, ફેફસાં, મગજ વગેરે, પરંતુ વ્યક્તિ અને વ્યક્તિની પ્રત્યેકની પ્રકૃતિ-તાસિર જુદી જુદી હોય છે. એક જ ઘરના દરેક સભ્યોની તાસિર અને રોગપ્રતિકારક શક્તિ જુદી જુદી હોય છે. કોઇ વધુ કોઇની ઓછી પ્રતિકારક શક્તિ હોય છે. ઓછી રોગપ્રતિકારક શક્તિ એલર્જીનું કારણ બને છે. શરીરમાં કોઇ પણ જીવાણું શરીરમાં દાખલ થાય ત્યારે તેનાથી બચવા માટે શરીરમાં રક્ષણાત્મક હરોળ રચાય છે જે લોહીની અંદર રોગના જંતુને મારી હટાવે છે કે પ્રતિકાર કરે છે. જો તે સક્ષમ ન હોય ત્યારે રોગ સંભવે છે. દરેક વ્યક્તિને એલર્જી જુદી જુદી હોય છે. હિસ્ટેમાઇન નામનું ઝેરી દ્રવ્ય વછૂટે છે જે પોતાની અસરો શરીર ઉપર બતાવે છે. દવાઓ, ખરાબ ખાનપાન, પ્રદૂષિત વાતાવરણ, કેમિકલોથી સંપર્ક વગેરેથી એલર્જી સંભવે છે. પણ મૂળ કારણ તો પ્રતિકારક શક્તિ નબળી હોવી તે છે. જો પ્રતિકારક શક્તિ મજબૂત હોય તો કોઇપણ પદાર્થો કે દ્રવ્યોની ખરાબ અસર શરીર પર જણાતી નથી. શરીરની બફર સિસ્ટમ મજબૂત હોવી જરૂરી છે. પ્રતિકારક શક્તિને મજબૂત બનાવવા માટે કુદરતી ખાન-પાન જે રસાયણથી મુક્ત હોવો જોઇએ જે ખોરાક શરીરમાં સફળ રીતે પચતો નથી કે મેટાબોલીઝમ થતો નથી ત્યારે એલર્જી થઇ તેમ કહેવાય છે. એલર્જીના કારણ શોધી તે પ્રમાણેનો ખોરાક કે કુદરતી ઔષધિનો ઉપયોગ કરવો જોઇએ જેથી કાયમી ધોરણે એલર્જી નીકળી જાય. એલર્જીનું કારણ એલર્જી થનાર વ્યક્તિએ જ શોધવું જોઇએ. એલર્જીનો ટેસ્ટ પણ ઘણીવાર સાચી માહિતી આપતો નથી. દરેક વ્યક્તિ સરળતાથી જાણી શકે છે કે એને પોતાને કયો પદાર્થ માફક નથી આવતો. કોઇપણ રોગની સરળ સાદી અને ઉપયોગી સારવાર એ જ છે કે રોગ થવાનાં કારણો વિશે જાણી તે વસ્તુ કે પદાર્થનો ત્યાગ કરવો. એન્ટિ બાયોટિક્સ કે એન્ટિ એલર્જીની દવાઓની સાઇડ ઇફેક્ટ ઘણીય હોય છે. ફૂડ એલર્જી મોસમી એલર્જી, ત્વચાની એલર્જી, પશુ-પક્ષીઓની એલર્જી લક્ષણો કે અનુભવથી જાણી શકાય છે. આ એલર્જી દૂર કરવા માટે રોગ પ્રતિકારક શક્તિ વધારતા આહારનું સેવન કરવું તે પણ કુદરતી રીતે બનેલા હોવા જોઇએ.

ચંદન બથુવા ભાજી બધા જ પ્રકારની એલર્જી અને ઝેરી તત્ત્વો શરીરમાંથી બહાર કાઢે છે. આના મલ્ટીપલ હેલ્થ બેનિફિટ છે. કબજિયાતને કારણે એલર્જી થતી હોય ત્યારે આ ભાજીનો ઉપયોગ કરવો લોહીને શુદ્ધ કરે છે. ખરતા વાળને રોકે છે. નવા વાળ ઉગાડે છે. મોઢામાંથી વાસ આવતી હોય કે દાંતમાંથી લોહી પડતું તે સાજો કરે છે. સેલનું નવસર્જન કરે છે. બવાસીર, લ્યૂકોરિયાને દૂર કરે છે.

મૂળાપાન ચામડીની એલર્જીને દૂર કરે છે. ખંજવાળ આવતા તેમાંથી ઘણીવાર પાણી નીકળે છે. તેને સાજો કરે છે. ખાટા ઓડકાર, સંડાસમાં લોહી પડવું, પિતાશયની પથરીને પણ દૂર કરે છે. "જે ખાય મૂળા તે થાય શૂરા". આપણા દેશમાં સફેદ મૂળા, કાળા મૂળા, પીળા મૂળા, લાલમૂળા મળી રહે છે. મૂળા પાનનો રસ એક કપ જેટલો સવારના લેવો જોઇએ. પાનનું શાક લઇ શકાય. મૂળા સલાડમાં અવશ્ય લેવા જોઇએ.

આમળા જીવન શક્તિ વધારે છે. બધા પ્રકારની એલર્જી દૂર કરે છે. વાળમાં થતી એલર્જીને જલદી દૂર કરે છે. વિટામિન-સી ભરપૂર છે. શરીરનું નવસર્જન કરે છે. રોજ એક કપ આમળાનો રસ લેવો જોઇએ. આપણા દેશમાં આમળાનો પર્વ મનાવાય છે, શ્રેષ્ઠતમ ગુણો ધરાવે છે.

બ્રાહ્મી પાન એલર્જી માટે દિવ્ય ઔષધિ છે. આ પાનનો રસ લેવો જોઇએ. બ્રાહ્મી પ્રાશ પણ બનાવી શકાય. આંખો, કાનની એલર્જી પર કામ કરે છે. આને ઘરમાં કૂંડામાં ઉગાડી શકાય છે. બહુ જલદી ઊગી જાય છે. બાળકોની યાદશક્તિ વધારવા કે રોગપ્રતિકારક શક્તિ વધારવા આનો ઉપયોગ જરૂરથી કરવો જોઇએ. બ્રાહ્મીનું તેલ પણ બનાવી શકાય છે. શરદી એલર્જીને કારણે થતી હોય તો આના પાન વાટી કપાળ પર લગાવી શકાય.

કેસર રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે આ બહુ જ કારગર છે. આનો ઉકાળો બનાવી લેવો જોઇએ. પિત્તને કારણે શરીર દુઃખતું હોય કે નબળાઇ લાગતી હોય, શરીર થાકી ગયું હોય આનો ઉકાળો એલચી, ગોળ નાખી પીવો જોઇએ.

કમલફૂલનો ઉકાળો શાક કે હલવો બનાવી લઇ શકાય. શરીરને જલદી સુદ્રઢ બનાવાની ક્ષમતા ધરાવે છે. કમલફૂલના મૂળ (સફેદરંગના પાંચ કાણાવાળા) સૂપ શાક કે વડાં બનાવી લઇ શકાય છે. પ્રતિકારકશકિતને જોરદાર બનાવે છે. શરીરને સુંદરતા આપે છે.

ખારેક રસ દરેક પ્રકારની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. ત્રણથી ચાર ખારેક ચારથી પાંચ કલાક પલાળી રાખવી તેનો રસ બનાવી પીવો જોઇએ. આમ્લપિત્તને કારણ થતી એલર્જી દૂર કરે છે. શરીર મજબૂત બનાવે છે. હાઇટ વધારવા માટે જોરદાર કામ કરે છે. માનસિક રીતે પણ મજબૂત બનાવે છે. થાકને ત્વરિત દૂર કરે છે. હાડકાને મજબૂત બનાવે છે. નસોની ખેંચાણ કે નસોનો દુઃખાવો દૂર કરે છે.


પુનર્નવા, સારીવા, લીંડી પીપર, હળદર, અડૂરસી,અશ્વગંધા, ગુગળ, રીંગણા, પાઇનેપલ કેળાદાંડા જેવી ખાદ્ય વસ્તુઓ કે ઔષધિ એલર્જી માટે કામ કરે છે. કયા પ્રકારની એલર્જી છે તે જાણી ઉપચાર કરવો. ■

# પીડા પર કાબૂ મેળવવા માટે ફિઝિયોથેરાપી પર વધતો લોકોનો વિશ્વાસ

feedback@bombaysamachar.com

સારવાર

રેખા દેશરાજ



દર્દ કે પીડાને આપણે જોઇ શકતા નથી કે નથી સૂંઘી શકતા કે ન તો ચાખી શકતા. કદાચ સતત આપણે અનુભવી પણ નથી શકતા. તેમ છતાં પીડાને તબીબી ભાષામાં એક ઇન્દ્રિય માનવામાં આવી છે. જી હાં પીડા એક ઇન્દ્રિય છે. પહેલા પીડાને લઇને એવો વિચાર હતો કે આનાથી છુટકારો મેળવવો કદાચ શક્ય નથી. પરંતુ એડવાન્સ મેડિકલ સુવિધાઓના લીધે આજે દર્દ પર સરળતાથી કાબૂ મેળવી શકાય છે. પરંતુ તાજેતરના દાયકાઓમાં પીડા પર દવાઓથી કાબૂ મેળવવાના પરિણામ સ્વરૂપ સાઇડ ઇફેક્ટસની તકલીફો ઊભી થાય છે એ જાણવા મળ્યા બાદ લોકોએ વધુ એક મોટી સમસ્યાનો અનુભવ કર્યો છે. જેના કારણે જ વર્તમાન સમયમાં દુનિયાભરમાં ફિઝિયોથેરાપીને પીડાની સૌથી કારગર ઔષધિના રૂપમાં માન્યતા મળી રહી છે.

ધ્યાન આપવા જેવી વધુ એક વાત એ છે કે પહેલા દર્દ કે મોટી પ્રાકૃતિક દુર્ઘટના સંબંધિત પરિસ્થિતિઓ વખતે પીડાનો ઓછો સામનો કરવો પડતો હતો. પરંતુ આજની અતિશય વ્યસ્ત જીવનશૈલીમાં પીડા આપણી લાઇફસ્ટાઇલનો ભાગ બની ગઇ છે. કારણ કે કામકાજમાં વધતી મશીનરી અને ટેક્નોલોજીની સુવિધાઓને લીધે આપણે દિવસનો મોટાભાગનો સમય વ્યસ્ત અને કાર્યરત રહેતા હોવા છતાં શારીરિક રીતે આપણી ગતિવિધિઓ ઓછી અથવા તો સ્થિર જેવી હોય છે. તેથી નિયમિત રીતે વ્યાયામ કર્યા વગર શરીરને જરૂરી સક્રિયતા અને મોબિલિટી મળતી નથી. જેના કારણે આજની તારીખમાં મોટાભાગના લોકો શરીરના કોઇને કોઇ ભાગના દર્દથી પીડાતા રહે છે. વળી આ દર્દથી બચવા માટે તેઓ વધુ દવા પર નિર્ભર રહે તો તેની અનેક સાઇડ ઇફેક્ટસ ઊભી થાય છે. જ્યારે ફિઝિયોથેરાપી પીડા રહિત એક એવું અર્ધતબીબી માધ્યમ છે જેમાં દવાઓનો કાં તો મામૂલી અથવા તો સદંતર ઉપયોગ થતો નથી. તેથી ફિઝિયોથેરાપીથી આપણે અનેક પ્રકારની સાઇડ ઇફેક્ટસથી બચી શકીએ છીએ. આ જ કારણ છે કે આજે સમગ્ર દુનિયામાં ખાસ કરીને મોર્ડન કોમ્પ્યુટર લાઇફસ્ટાઇલથી ઘેરાયેલા યુવાનો શરીરના વિવિધ ભાગોનાં દર્દોથી રાહત મેળવવા માટે દવાઓથી વધુ ફિઝિયોથેરાપી પર વિશ્વાસ કરે છે.

## ફિઝિયોથેરાપી શા માટે મહત્ત્વપૂર્ણ છે?

જો તમારા શરીરના કોઇ પણ ભાગમાં સતત પીડા થઇ રહી છે તો ફિઝિયોથેરાપી શા માટે પસંદ કરવી જોઇએ? એ સવાલ છે. આનું પહેલું કારણ એ છે કે ફિઝિયોથેરાપિસ્ટ દર્દ પર કાબૂ મેળવવા માટે શ્રેષ્ઠ રીતે પ્રશિક્ષિત હોય છે. આ જ કારણ છે કે તેમને મૂવમેંટ ડિસઓર્ડરના ઇલાજમાં નિષ્ણાંત માનવામાં આવે છે. તેઓ આપણને પીડામાંથી મુક્તિ અપાવવાની અને તેના પર સારી રીતે કાબૂ મેળવવાની સૌથી વૈજ્ઞાનિક અને શરીરને અનુકૂળ રીત શીખવે છે. જેમાં સૌથી મહત્ત્વપૂર્ણ અને સાઇન્ટિફિક રીતે ડિઝાઇન કરવામાં આવેલી રીત ઇજામાંથી બહાર કાઢવા માટે ઉપયોગમાં લેવાય છે. જેમાં શારીરિક વ્યાયામને અત્યંત વૈજ્ઞાનિક રીત પ્રદાન કરવામાં આવે છે જે ઉપચારનું માધ્યમ બની જાય છે.

## ફિઝિયોથેરાપિસ્ટઃ વિશ્વસનીય ઉપચારક

ફિઝિયોથેરાપિસ્ટ તમારી ઇજાનો અને તમારી પીડાની સ્થિતિનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને તમારા શરીરને અનુરૂપ રિકવરી યોજના સૂચવે છે. જ્યારે મેડિકલ પ્રક્રિયામાં રોગના સૈદ્ધાંતિક ઉપચાર પર ભાર આપવામાં આવે છે. ત્યાં તમારી વ્યક્તિગત ઇજા કે શારીરિક સંરચના પર એટલું ધ્યાન આપવામાં નથી આવતું જેટલું કોઇ દવાના સૈદ્ધાંતિક રૂપથી વિકસિત કરવાના સિદ્ધાંત પર ભાર આપવામાં આવે છે.

ફિઝિયોથેરાપીમાં કોઇ બીજાને બદલે તમે ખુદ તમારા ઉપચારક હોવ છો. ફિઝિયોથેરાપિસ્ટ તો એક પ્રકારનો નિર્દેશ આપે છે અને તમે તમારા શરીરની અનુકૂળ સહનશક્તિ અનુસાર તેનું પાલન કરો છો. જેમાં ખાસ કરીને તમારી પ્રકૃતિ અને પ્રગતિ બંનેને ટ્રેક કરવામાં આવે છે. હકીકતમાં ફિઝિયોથેરાપિસ્ટને દર્દ નહીં પણ દર્દ પેદા કરનારી સ્થિતિઓનો ઇલાજ કરવા માટે પ્રશિક્ષિત કરવામાં આવે છે. આ જ કારણ છે કે રમતની ઇજા, સંધિવા પીડા, પીઠનો દુખાવો, માથાનો દુખાવો અને ઘણા પ્રકારના જૂના અને લાંબા સમયથી થતા દર્દથી છુટકારો ફિઝિયોથેરાપિસ્ટ અપાવી શકે છે. ખાસ કરીને એટલા માટે કે આ પ્રકારમાં વધુ અનુકૂળતા અને પરીણામ મળે છે. કારણ કે આમાં ખુદ તમે તમારા દર્દના નિવારણના ઇલાજમાં ફિઝિયોથેરાપિસ્ટના નિર્દેશો અનુસાર સામેલ થાવ છો. તેઓ તમને શીખવે છે કે કઇ રીતે સ્થિતિઓ પર કાબૂ મેળવી શકાય. તેથી ફિઝિયોથેરાપી દ્વારા પીડામાંથી છુટકારો મેળવવો સરળ હોય છે.

## મોંઘા ઉપચારનો સસ્તો વિકલ્પ

સર્જિકલ સારવાર અને અન્ય મોંઘી સારવારની સરખામણીએ ફિઝિયોથેરાપી ઘણા ઓછા ખર્ચમાં તમને વધુ સટીક પરિણામ આપે છે. જે દર્દનો ઇલાજ મોટી મોટી હોસ્પિટલોમાં ઓર્થોપેડિક નિષ્ણાંતો, રૂમેટોલોજિસ્ટ અને ન્યુરોલોજિસ્ટ ભારે ભરખમ ફી અને મોંઘી દવાઓથી કરે છે એ જ સમસ્યાઓનો પ્રશિક્ષિત ફિઝિયોથેરાપિસ્ટ ઘણી જ ઓછી કિંમતે નિયમિત એક્સરસાઇઝના માધ્યમથી કરે છે. તેમજ દર્દ, ચુસ્તતા અને બેચેની જેવી પરેશાનીઓથી કાયમી અને સંતોષકારક પરિણામ મળે છે. હકીકતમાં ફિઝિયોથેરાપી એક સુરક્ષાત્મક જોગવાઇ છે. જે આપણને એ જણાવે છે કે આપણે આપણા શરીરના વિવિધ ભાગોનો કઇ રીતે સ્પર્શ કરવો, કઇ રીતે તેની માલિશ કરવી અને કઇ રીતે તેને થેરાપી પ્રદાન કરવી. આ હકીકતમાં બહુ ઓછી જોખમકારક ઇલાજની સુરક્ષિત રીત છે. કારણ કે આપણે એ વાતને સારી પેઠે જાણતા હોઇએ છીએ કે આપણા શરીરનો કોઇપણ ભાગ યોગ્ય નથી. તેથી આપણે એની ચિંતા કરવાની સાથે તેને હીલિંગ ટચ આપવાનો હોય છે. જેથી તે ઝડપથી રિકવર થાય છે અને આપણે દર્દ, ઇજા અને શરીરમાં ભાંગતોડની પરેશાનીથી રાહત મેળવીએ છીએ.

ફિઝિયોથેરાપી હકીકતમાં સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપનાર તથા બીમારીને રોકવા માટે કે એના જેવી રીતોથી સમસ્યાનું સમાધાન કરવાનો પુનર્વાસ ઉપચાર છે. એટલે કે તેના માધ્યમથી આપણે વધારાની કે કોઇ પણ સાઇડ ઇફેક્ટ ઊભી કરનારી દવાઓનો ઉપયોગ કર્યા વિના શારીરિક તકલીફોથી છુટકારો મેળવીએ છીએ. આ સૌથી પ્રાચીન અને પ્રાકૃતિક રીત છે. આ જ કારણ છે કે આજકાલ સમગ્ર દુનિયામાં ખતરનાક સાઇડ ઇફેક્ટવાળી મેડિકલ પ્રેક્ટિસના બદલે ફિઝિયોથેરાપીની માગ વધી છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# અબડાસા અને લખપતમાં હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી યુદ્ધના ધોરણે કાર્યરતઃ આરોગ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કચ્છ જિલ્લામાં શંકાસ્પદ તાવના કેસો ધ્યાને આવતા આરોગ્ય વિભાગની ટીમ યુદ્ધનાં ધોરણે કામ કરી રહી છે. જિલ્લાના ૧૩ નાગરિકોનું અવસાન થયું હતું. આ શંકાસ્પદ પ્રથમ કેસ કચ્છ જિલ્લામાં તા.૦૪ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ નોંધાયો હતો. ત્યારબાદ જિલ્લામાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા યુદ્ધનાં ધોરણે કામગીરી હાથ ધરાઇ હતી એવું ગુજરાતના આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

કચ્છ જિલ્લાના અબડાસા અને લખપત તાલુકાની આરોગ્ય વિભાગની કામગીરીની માહિતી આપતા આરોગ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગની ૨૭ ટીમો યુદ્ધના ધોરણે 'હાઉસ ટુ હાઉસ સર્વે'નું કામ કરી ૩૧૮ ઘરો પૈકી ૨૨૩૪ લોકોનું આરોગ્ય લક્ષી સ્ક્રીનીંગ કર્યું હતું. જેમાં ૪૮ જેટલા શંકાસ્પદ તાવના કેસ મળી આવ્યા હતા. તાલુકામાં દરેક તાવના દર્દીઓનો મલેરિયા રેપિડ ટેસ્ટ કરવામાં આવ્યો હતો જેમાં બે દર્દીઓ ઝેરી મેલેરિયા પોઝિટિવ આવેલા હતા અને એક દર્દી ડેન્ગ્યૂ પોઝિટિવ આવ્યો હતો.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, તંત્ર દ્વારા 'હાઉસ ટુ હાઉસ' દરમ્યાન એન્ટી લારવલ એક્ટિવિટી તેમજ ૧૯૫૫ ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું છે. શંકાસ્પદ તાવના કેસોને ધ્યાનમાં રાખીને રાજ્ય કક્ષાની એપીડેમીક અને વેક્ટર બ્રોન વિભાગની ટીમ. મેડિકલ કોલેજ અદાણી અને પીડીયુ મેડિકલ કોલેજ રાજકોટની રેપિડ રિપોન્સ ટીમ દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં મરણ પામેલા અને આજુ બાજુના ઘરોની મુલાકાતમાં શંકાસ્પદ તાવના દર્દીઓના વધુ તપાસ માટે લોહીના અને ગળા/નાકના સેમ્પલ લેવામાં આવ્યા હતા.

તા. ૦૮ સપ્ટેમ્બર ૨૪ના રોજ રાજકોટ અને અદાણી મેડિકલ કોલેજની ટીમ દ્વારા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી, કચ્છ સાથે થયેલ કામગીરીની અને વધુ કાર્યવાહી કરવા માટે બેઠક કરવામાં આવી હતી. અદાણી મેડીકલ કોલેજની રેપીડ રિસ્પોન્સ ટીમ દ્વારા કરેલ ઇન્વેસ્ટિગેશન કેસોનું બ્લડ સેમ્પલ. સિઝનલ ફલુ, કોવીડ-૧૯ અને બ્લડ સિરમ સેમ્પલ લેવામાં આવ્યું હતું. જેમાં ૧૧ દર્દી પૈકી એક દર્દી સિઝનલ ફલુ પોઝિટિવ આવ્યો હતો . તેમજ તમામ ૧૧ સેમ્પલ કોવિડ-૧૯ નેગિટિવ આવ્યા હતા. જે સેમ્પલ મેડિકલ કોલેજ રાજકોટ, પૂના ખાતે વધુ તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે એવું તેમણે ઉમેર્યું હતું.

મલેરિયા, ડેન્ગ્યૂ અને સિઝનલ ફલુ પોઝિટિવ આવેલા તમામ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તમામ દર્દીઓની તબિયત સારી છે. લખપત અને અબડાસાના ૦૬ ગામોમાં આલ્ફા સાઈફરમેથરીન આઇઆરએસ અને મેલેથિયન છંટકાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સાથોસાથ ગામોની શાળાઓમાં મેડિકલ ઓફિસરની ટીમો દ્વારા વિઝિટ કરવામાં આવી રહી છે. અસરગ્રસ્ત ગામોમાં મેડિકલ ઓફિસની ટીમ દ્વારા ઓપીડી શરૂ કરી દેવામાં આવી છે. મેડિકલ ઓફિસર, આરબીએસકે મેડિકલ ઓફિસર, આયુષ મેડિકલ ઓફિસર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર અને અન્ય પેરામેડિકલ સ્ટાફની ટીમ દ્વારા સઘન સર્વલન્સની કામગીરી યુદ્ધના ધોરણે કાર્યરત છે. ■

# પશ્ચિમ કચ્છ પર આફતઃ ૧૪ લોકોનાં મોત બાદ હવે બીજા ૨૦ જેટલા ભેદી તાવના કિસ્સાઓથી ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:પશ્ચિમ કચ્છના લખપત અને અબડાસા તાલુકામાં ફેલાયેલી ભેદી તાવની બીમારીનો તાગ મેળવવાના પ્રયાસ ચાલુ રહ્યા છે ત્યારે ગઈકાલે અસરગ્રસ્ત વિસ્તારોમાં હાથ ધરાયેલી સર્વેની કામગીરી દરમ્યાન બીજા ૨૦ જેટલા ભેદી તાવના કેસો બહાર આવ્યા હોવાનું જાણવા મળે છે અને અસરગ્રસ્તોનું વધુ તબીબી પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

તબીબી ટુકડીઓ દ્વારા સર્વે દરમ્યાન વધુ ૨૦ જેટલા શંકાસ્પદ તાવના દર્દી, ૨૮ જેટલા તાવ સાથે શરદી, ગળામાં દુખાવો રહેતો હોય તેવા દર્દી મળી આવતાં આ ભેદી તાવનો રોગચાળો વધુ વ્યાપક થઇ રહ્યો હોય તેવી સંભાવના ઊભી થવા પામી છે. મેલેરિયાના પરીક્ષણ દરમ્યાન ૨૪ જેટલા લોકોનો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હોવાનું પણ જણાવાઈ રહ્યું છે.

દરમિયાન અત્યાર સુધી લખપત અને અબડાસા તાલુકાઓમાં ૧૪ જેટલા દર્દીઓનાં મોત નીપજ્યાં છે જે પૈકી દસ દર્દીઓનાં મોત કયા વાઇરસ કે બેક્ટેરિયાથી થયાં છે તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. છેલ્લા એક સપ્તાહમાં મૃત્યુ પામેલા ૧૪ પૈકીના દસ લોકોના થયેલાં મૃત્યુના કારણ હજુ સુધી ઓળખી શકાયા ન હોવાનું ખુદ જિલ્લા આરોગ્ય અધિકારી આર. કુલમાલીએ જણાવ્યું હતું.

આ તાલુકાઓમાં ભુજ, દયાપર ઉપરાંત છેક રાજકોટ અને ગાંધીધામથી આવેલી તબીબી ટુકડીઓ ઉપરાંત ભુજસ્થિત અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ રિસર્ચની એક એપિડેમોલોજિસ્ટની એક ટીમ પણ લખપત-અબડાસા તાલુકાના અસરગ્રસ્ત ગામોમાં દોડી રહી હોવાનું આર.કુલમાલીએ ઉમેર્યું હતું.

આ ઉપરાંત લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ચાર દર્દીઓને આઇસોલેટ કરાયા છે. આ દર્દીઓ મૃત્યુ પામેલા લોકોના સંપર્કમાં આવ્યા હોવાની વાત જાણ્યા બાદ તકેદારીના પગલાં તરીકે તેમને અલગ તારવી દેવાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છ દિવસ પહેલાં ભેખડો ગામે ત્રણ યુવાનોનાં મોત નીપજ્યાં હતાં. આ તમામ મોત પાછળ ન્યુમોનિયા હોવાનું તબીબી તપાસમાં બહાર આવી ચૂક્યું છે. અન્ય જે મૃત્યુ થયાં છે તેવા કિસ્સાઓમાં 'મલ્ટીપલ ઓર્ગન ફેઇલ્યોર' થવાની બાબત બહાર આવી છે પણ આ મલ્ટીપલ ફેઇલ્યોર એટલે કે, હૃદય, ફેફસાં, લીવર અને કિડની જેવા મહત્ત્વના અંગો અચાનક કામ કરતાં બંધ થઇ જવાં એ બાબત ચિંતા ઉપજાવે તેવી છે.

એક સાથે દસ-દસ વ્યક્તિઓનાં મોત પાછળનાં કારણો હજુ તબીબી પરીક્ષણમાં જાણી ન શકાય તે બાબત સમગ્ર રાજ્યના આરોગ્ય તંત્ર માટે એક પડકારનો વિષય બની રહ્યો છે.

અબડાસા-લખપત તાલુકાના ભેખડો ઉપરાંત મોર્ગર, વાયોર, લાખાપર ઉપરાંત મહેંદી વાડી જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. જો કે, જિલ્લાનું આરોગ્ય તંત્ર એકદમ સચેત બન્યું છે અને લખપત-અબડાસા તાલુકામાં રાજ્યસ્તરીય તબીબી નિષ્ણાતોની ટુકડીઓ ધામા નાખી રહી છે ત્યારે તેની સાથે-સાથે કચ્છભરમાં આશાવર્કર્સની મદદથી ઘરોઘર ફરીને ખાસ સર્વે કરાઈ રહ્યો છે જેમાં ઘરદીઠ કુટુંબના કોઈ સભ્યને શરદી-તાવ કે અન્ય બીમારી હોય તો તેની વિગત મેળવાય છે અને આરોગ્ય તંત્ર જાણે એક વોર ઝોનમાં ફેરવાઈ ગયું છે.

આ ભેદી તાવ કયા પ્રકારનો છે તે જાણવું ખૂબ જરૂરી છે. તમામ મૃતકોનો કોવિડ-૧૯ ટેસ્ટ કરવામાં આવ્યો છે જે નેગેટિવ રહ્યો હોવાનું જાણવા મળે છે. ■

# લખપતમાં રોગચાળાના પ્રારંભે જ ધ્યાન દોરવા છતાં સરકારી તંત્રનું પેટનું પાણી હલ્યું નથીઃ કૉંગ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કચ્છના લખપત તાલુકાના ગામોમાં સિનિયર અધિકારીઓની ટીમ પહોંચે, આરોગ્ય વિભાગના નિષ્ણાત ડોક્ટરોની ટીમ દરેક ગામમાં પહોંચે, શુદ્ધ પીવાના પાણીની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે, મચ્છરોના ઉપદ્રવને અને રોગચાળાને તાત્કાલિક કાબૂમાં લેવામાં આવે એવી માગણી કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કરી છે.

ગોહિલે વધુમાં કહ્યું હતું કે, કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં ૧૪ વ્યક્તિઓના ગણતરીના દિવસોમાં મૃત્યુ થયા છે. આજથી ચાર દિવસ પહેલા મેં સરકારી તંત્રનું ધ્યાન દોર્યું હતું, જ્યારે આ રોગની શરૂઆત થઈ હતી. લોકો હોસ્પિટલમાં જવા લાગ્યા હતા અને બે મૃત્યુ થયાં હતાં કે તરત જ સરકારનું પણ ધ્યાન દોર્યું હતું, જવાબદાર અધિકારીઓનું પણ ધ્યાન દોર્યું હતું પરંતુ કોઈએ ગંભીરતા નહીં લેવાના કારણે ગણતરીના દિવસોમાં જ કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ભેખડા, સાંધ્રો, મોરનગર, બેડી, ભારાવાન, વાલાવારી અને લાખાપાર ગામોમાં ૧૪ વ્યક્તિઓનાં મૃત્યુ થયાં છે.

ગોહિલે જણાવ્યું હતું કે, માણસના જીવનથી વધારે કિંમતી બીજું કશું જ ન હોઈ શકે. દુઃખ એ વાતનું છે કે, ધ્યાન દોરવા છતાં, સ્થાનિક લોકોએ પણ વારંવાર કહેવા છતાં સરકારી તંત્રના પેટનું પાણી હાલ્યું નથી. એકપણ જવાબદાર ઉચ્ચ અધિકારીએ હજુ સુધી લખપત તાલુકાના આ ગામોની મુલાકાત લીધી નથી. સરકારે ટીમો મોકલવી જોઈએ, બહારથી નિષ્ણાત ડોક્ટરો મોકલવા જોઈએ, લેબોરેટરી ટેસ્ટ થવા જોઈએ અને માણસના મૃત્યુને અટકાવવા જોઈએ. ■

# ગુજરાતમાં વીજળી ઉત્પાદન વધારાનો ચમકારોઃ હાઇડ્રો પાવર સ્ટેશનથી ૧,૦૬૭ મિલિયન યુનિટ ઉત્પાદન થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ચોમાસાની સિઝનમાં સચરાચર મેઘથી જ્યારે ગુજરાત તરબતર છે ત્યારે પાણીની ભરપૂર આવકના લીધે ગુજરાતના ડેમ છલકાઇ રહ્યા છે. તેના પરિણામે હાઇડ્રો પાવર સ્ટેશનમાંથી પણ રેકોર્ડ વીજ ઉત્પાદનમાં થઇ રહ્યું છે. ગુજરાતના જાણીતા એવા ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર ડેમમાંથી, ઓગસ્ટ ૨૦૨૪માં ૧૦૬૭.૩ મિલિયન યુનિટ વીજ ઉત્પાદન થયું છે. જુલાઇમાં વીજ ઉત્પાદન ૩૦૮.૭ મિલિયન યુનિટ હતું. ગુજરાતમાં પાણીની સમસ્યાને દૂર કરવા માટે મહત્ત્વપૂર્ણ એવા સરદાર સરોવર ડેમમાં ઓગસ્ટ મહિનામાં વીજ ઉત્પાદન ૮૦૦ મિલિયન યુનિટને પાર પહોંચ્યું છે. સરદાર સરોવર અને સરદાર સરોવરમાંથી ઓગસ્ટ મહિનામાં કુલ ઉત્પાદન ૮૯૧ મિલિયન યુનિટ થયું છે. રાજ્યના અન્ય હાઇડ્રો પાવર પ્લાન્ટમાંથી પણ નોંધપાત્ર વધારા સાથે વીજ ઉત્પાદન થયું છે. ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર ડેમમાંથી છેલ્લા પાંચ વર્ષમાં સરેરાશ ૪૬૦૦ મિલિયન યુનિટ જેટલું ઉત્પાદન જોવા મળ્યું છે. વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યનું કુલ હાઇડ્રો પાવર ઉત્પાદન ૬૧૭૦.૪૫૬ મિલિયન યુનિટ રહ્યું હતું, જે વર્ષ ૨૦૨૧-૨૨ના ૨૬૨૯.૦૫૯ મિલિયન યુનિટની સરખામણીએ ૧૩૪ ટકા વધુ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યનું કુલ હાઇડ્રો પાવર ઉત્પાદન ૪૫૮૪.૯૩૨ મિલિયન યુનિટ રહ્યું છે. ■

# વંદે ભારત મેટ્રો ટ્રેને તેની ટ્રાયલ રનમાં માત્ર પાંચ કલાકમાં અમદાવાદથી ભુજનું અંતર કાપ્યું!

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશના અન્ય મથકો સાથે કનેક્ટિવિટીના મામલામાં હજુ પાછળ રહેલાં કચ્છને અમદાવાદ-ગાંધીનગર સાથે વંદે ભારત શ્રેણીની દેશની પહેલી મેટ્રો ટ્રેનને શરૂ કરવાની શક્યતાઓ વચ્ચે અમદાવાદ ભુજ વચ્ચે આ મેટ્રો ટ્રેનની વીજળીક ટ્રાયલ લેવામાં આવતાં કચ્છને વંદે મેટ્રોની સેવા મળવાની આશા વધુ પ્રબળ બની છે. ગાંધીધામના ચીફ લોકો ઈન્સ્પેક્ટર આર.બી. કશ્યપે જણાવ્યું હતું કે, પ્રતિ કલાકે ૧૧૦ કિલોમીટરની ઝડપે લેવામાં આવેલી ટ્રાયલમાં અમદાવાદથી ગાંધીધામ ચાર કલાકમાં અને ગાંધીધામથી ભુજ એક કલાકમાં મેટ્રો ટ્રેન પહોંચી ગઈ હતી. હાલ ગાંધીનગરથી ભુજ વચ્ચે દોડતી ટ્રેન અમદાવાદથી ભુજ પહોંચવામાં ૬.૩૦ કલાકનો સમય લે છે તેની તુલનાએ આ ટ્રેન મુસાફરોને દોઢ કલાક વહેલી પહોંચાડશે.

આ ટ્રેન સંપૂર્ણ વાતાનુકૂલિત છે. તેમાં ઑટોમેટિક ડોર, એલઈડી ડિસ્પ્લે, ટોઈલેટ, ડિજિટલ રૂટ ઈન્ડિકેટર, વિશાળ પેનોરેમિક વ્યૂ આપતી બારી જેવી સુવિધાઓ છે. પ્રત્યેક કોચમાં ૧૦૦ પ્રવાસી પ્રવાસ કરી શકશે. આ ફક્ત એક ટ્રાયલ રન હતી અને આ મેટ્રો ટ્રેન કચ્છને ફાળવવામાં આવશે કે કેમ તે અંગે હાલ કશી ખાતરી આપી શકાય તેમ નથી, તેવું આર.બી. કશ્યપે ઉમેર્યું હતું. ■

# મહેસાણાના શંખલપુર ગામના યુવકનું એપ્રોચ રોડ પાસે ડૂબી જતા મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના શંખલપુર ગામે યુવકનું પાણીમાં ડૂબી જવાથી મોત થયું હતું. યુવક બહુચરાજી-હારીજ રોડને જોડતા એપ્રોચ રોડ ઉપર ભરાયેલા પાણીમાં ડૂબી ગયો હતો. આ અંગે પોલીસને જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મૂળ સરસ્વતી તાલુકાના સુજનીપુર ગામના વતની અને બહુચરાજી તાલુકાના શંખલપુર ગામે કેસરપાર્ક સોસાયટીમાં રહેતા રાવળ ચંદુભાઈ કાંતિભાઈ રવિવારે સવારે શંખલપુર ગામથી બહુચરાજી- હારિજ રોડને જોડતા એપ્રોચ રોડ ઉપર ભરાયેલા કેડસમા વરસાદી પાણીમાં પડી જતાં ડૂબી જતા મોતને ભેટયા હતા.

યુવકના મોતથી પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં દોડી આવેલી બહુચરાજી પોલીસે લાશ બહાર કાઢી પંચનામુ કરી બહુચરાજી સિવિલ હૉસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. લાશનું પોસ્ટમોર્ટમ કરી મૃતકના વાલીવારસોને સોંપવામાં આવી હતી. ■

# અતિવૃષ્ટિથી નુકસાનના સર્વે માટે ૭૦૦થી વધુ ટીમો કામ લાગી છેઃ કૃષિ પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં થયેલ અતિવૃષ્ટિથી ખેડૂતોને ભારે આર્થિક નુકસાન થયું છે તે અંગે કૃષિપ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, હાલ સર્વેની કામગીરી ચાલુ છે, જ્યાં જ્યાં નુકસાનીના અહેવાલ છે ત્યાં સર્વે ચાલુ છે તેની સાથે સાથે ૭૦૦ ઉપરાંતની ટીમ આ સર્વેની કામગીરી કરી રહી છે, તો બીજી તરફ રિપોર્ટના આધારે ખેડૂતોને સરકાર મદદરૂપ થશે અને વળતર ચૂકવવામાં આવશે.

રાજ્યમાં પડેલા ભારે વરસાદ બાદ થયેલા નુકસાનીનો સર્વે સરકારે કરાવ્યો હતો. જોકે એક સર્વે બાદ ફરી પાછો રાજ્યભરમાં ભારે વરસાદ પડતા નુકસાની વધી છે. આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે, નુકસાનીના સર્વેમાં જમીન, પાક નુકસાન, રોડ રસ્તા અને વીજળીના પોલ સહિત બાબતોનો સમાવેશ કર્યો હતો. કેન્દ્ર સરકારને મેમોરેન્ડમ આપવા માટે ફાઇનલ થાય તે પહેલા રાજ્યમાં વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થયો છે તેના કારણે પુનઃ નુકસાનીના સર્વેના આદેશ સરકાર દ્વારા આપવામાં આવ્યા છે.

હવે આ સર્વે અને વરસાદ ઉત્તર ગુજરાતમાં પૂરો થયા બાદ જ કેન્દ્ર સરકારને મેમોરેન્ડમ આપવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા મોકલવામાં આવતી ટીમ પણ હવે ત્રણ દિવસ મોડી આવશે તેવી માહિતી પણ સૂત્રો તરફથી જાણવા મળી છે. ૨૫ થી ૩૦ ઑગસ્ટ દરમિયાન ગુજરાતમાં થયેલા ભારે વરસાદથી થયેલા નુકસાનના સર્વે માટે કેન્દ્ર સરકારે કમિટી બનાવી છે. ગૃહ મંત્રાલય દ્વારા એનઆઈડીએમના એક્ઝિક્યુટીવ ડાયરેક્ટરની અધ્યક્ષતામાં કમિટી બનાવવામાં આવી છે. કેન્દ્રની આ કમિટી અલગ અલગ જિલ્લાઓમાં પૂરની પરિસ્થિતિના કારણે થયેલી નુકસાની અંગે સર્વે કરી કેન્દ્ર સરકારને રિપોર્ટ આપશે. ■

# રાજ્ય સરકાર અંધશ્રદ્ધા વિરોધી કાયદાના નિયમો સત્વરે બનાવે અને જાગૃતિ ફેલાવેઃ હાઇ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત હાઇ કોર્ટમાં અખિલ ભારતીય અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ અને અન્ય એક અરજદારે દાખલ જાહેર હિતની અરજી કરી હતી, આ મામલે ચીફ જસ્ટિસ સુનિતા અગરવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદી સમક્ષ ચાલી હતી, જેમાં રાજ્ય સરકાર દ્વારા રજૂઆત કરાઈ હતી કે આ બાબતે વિધાનસભામાં કાયદો પસાર કરી દેવામાં આવ્યો છે. આ બાબત રેકોર્ડ ઉપર લઈને હાઈ કોર્ટે સરકારને ટૂંક સમયમાં કાયદાની કલમ ૧૧ મુજબ નિયમો બનાવવા માટે અને તે બાબતે તમામ માધ્યમો મારફતે વધુમાં વધુ જાગૃતિ ફેલાવવા માટે આદેશ કર્યો હતો. અદાલતે આશા વ્યક્ત કરી હતી કે કાયદાનું ખરા અર્થમાં પાલન કરવામાં આવશે.

બનાસકાંઠા વિસ્તારમાં અંધશ્રદ્ધા નિર્મૂલન માટે કામ કરતા અરજદાર તરફથી રજૂઆત કરાઈ હતી કે મહારાષ્ટ્ર, કર્ણાટક, ઓરિસ્સા, રાજસ્થાન અને આસામમાં આ સંબંધિત કાયદા છે. મહારાષ્ટ્રમાં પ્રિવેન્શન એન્ડ એડ્રિકેશન ઑફ હ્યુમન સેક્રિફાઈસ એન્ડ અધર ઈનહ્યુમન એવિલ એન્ડ અઘોરી બ્લેક મેજીક એક્ટ બનેલો છે. અરજદારોએ ૩૧ વખત ગુજરાત સરકાર સમક્ષ આવો કાયદો બનાવવા રજૂઆત કરી હતી.

ગુજરાતમાં અંધશ્રદ્ધા નિર્મૂલન માટે કાયદો બનાવવા કોર્ટ સરકારને નિર્દેશ આપે. આ વિષય બંધારણની સહવર્તી યાદીમાં આવેલો છે. જેથી રાજ્ય તેની ઉપર કાયદો બનાવી શકે છે.

આ અરજી સંદર્ભે હાઇ કોર્ટે સરકારને જણાવ્યું હતું કે, રાજ્ય એક વેલ્ફેર સ્ટેટ છે. અંધશ્રદ્ધા રોકવાની રાજ્યની જવાબદારી છે. જેથી હાઇ કોર્ટે હુકમ કર્યો હતો કે, અંધશ્રદ્ધા રોકવા રાજ્યએ શું પગલાં લીધા છે તે અંગે રાજ્યના ગૃહ વિભાગના સક્ષમ અધિકારી એફિડેવિટ ફાઇલ કરશે. આવા કૃત્યોથી માનવ હક્કો અને બંધારણીય હક્કોનું હનન થાય છે. કોર્ટે આ કેસમાં રાજ્યના ગૃહ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરીને પક્ષકાર બનાવવા નિર્દેશ આપ્યા હતા.

ગૃહ વિભાગના સેક્રેટરીએ મીટિંગ યોજીને આ મુદ્દે ગહન ચર્ચા કરી હતી ઉપરોક્ત આદેશના સંદર્ભે ગૃહ વિભાગના ઇન્ચાર્જ ડેપ્યુટી સેક્રેટરી અને અંડર સેક્રેટરીએ હાઇકોર્ટમાં જવાબ રજૂ કર્યો હતો. જે મુજબ હાઈ કોર્ટના આદેશને પગલે ગૃહ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી, એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ, એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ સીઆઈડી અને ગૃહ વિભાગના સેક્રેટરીએ મીટિંગ યોજીને આ મુદ્દે ગહન ચર્ચા કરી હતી. જેમાં નક્કી કરાયું હતું કે, વિધાનસભા સત્રમાં ગુજરાત રાજ્યમાંથી કાળો જાદુ, અઘોરી પ્રવૃત્તિ અને અમાનવીય પ્રવૃત્તિઓ જેવા દૂષણો દૂર કરવા ખરડો લાવવામાં આવશે. ■

# ગુનાખોરીના પ્રિવેન્શન-ડિટેક્શન માટે રાજ્યો વચ્ચે સંકલન ખૂબ જરૂરીઃ વિકાસ સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યો વચ્ચે આંતરિક સંકલન ખૂબ જરૂરી છે. ગુનાઓને અંકુશમાં રાખવા તથા ગુનાખોરીના પ્રિવેન્શન-ડિટેક્શન કામગીરીમાં આવી પરિષદો-બેઠકો અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે, એવું ગુજરાત રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું હતું.

૧૧મી વેસ્ટર્ન રિજનલ પોલીસ કો-ઓર્ડિનેશન (પશ્ચિમ ઝોન પ્રાદેશિક પોલીસ સંકલન) કમિટીની વિડિયો કોન્ફરન્સમાં વર્ચ્યુઅલ બેઠકમાં અધ્યક્ષ સ્થાને બોલતા વિકાસ સહાયે જણાવ્યું હતું કે, અલગ અલગ રાજ્યો દ્વારા અપનાવવામાં આવતી ટૅકનોલૉજી તથા પદ્ધતિઓ (બેસ્ટ પ્રેક્ટિસીઝ) અંગે માહિતગાર થઈ તેનો અન્ય રાજ્યોમાં અનુસરણ કરવા માટે પણ આ પ્રકારની બેઠકની સાથોસાથ ઇન્ટર સ્ટેટ કો-ઓર્ડિનેશન ખૂબ મહત્ત્વપૂર્ણ સાબિત થાય છે. તે ઉપરાંત વર્તમાન પડકારો સામે ડીલ કરવા માટે આ બેઠક માર્ગદર્શક બની રહે છે.

આ બેઠકમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગોવા, દાદરા નગર હવેલી, દીવ-દમણ અને મધ્યપ્રદેશ રાજ્યના ડીજીપી રેન્કના ઉચ્ચ પોલીસ અધિકારીઓ જોડાયા હતા અને પ્રિવેન્શન-ડિટેક્શન કામગીરીમાં ટૅકનોલૉજીનો મહત્તમ ઉપયોગ સહિતના અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર તલસ્પર્શી ચર્ચા કરવામાં આવી હતી.

ગુજરાત પોલીસ રીફોર્મ્સ એડીજીપી ડૉ. નિરજા ગોટરુ દ્વારા સમગ્ર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સ દરમિયાન સાયબર ક્રાઇમ પ્રિવેન્શન, ઇન્ટર સ્ટેટ કો-ઓર્ડિનેશન, બોર્ડર મેનેજમેન્ટ, કન્વિકશન રેટ વધારવા માટેના પગલાઓ, ત્રણ નવા ફોજદારી કાયદાઓના અસરકારક અમલીકરણ, ટૅક્નોલૉજીનો મહત્તમ ઉપયોગ સહિતના વિવિધ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચાઓ કરવામાં આવી હતી. ■

# અમદાવાદમાં ઝાડા-ઊલટી, કોલેરા અને ડેન્ગ્યૂના દર્દીઓ વધ્યાઃ સાત દિવસમાં ૧૭૨ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં વરસાદ બંધ થયા બાદ હવે મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો વધ્યો છે. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. મચ્છરજન્ય રોગો સાથે પ્રદૂષિત પાણીના કારણે લોકો વધારે બીમાર પડી રહ્યા છે. સપ્ટેમ્બર મહિનાના એક અઠવાડિયામાં જ શહેરમાં ડેન્ગ્યૂ સાથે ઝાડા-ઊલટી અને ટાઈફોઇડના કેસ વધ્યા છે. ઘરે ઘરે તાવ અને ડેન્ગ્યૂ સહિતના કેસો જોવા મળતા આરોગ્ય વિભાગ દ્વારા દવાનો છંટકાવ કરવાની શરૂઆત કરવામાં આવી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના વડાએ જણાવ્યું હતું કે, સપ્ટેમ્બર મહિનાના પહેલા અઠવાડિયામાં ડેન્ગ્યૂના ૧૭૨, ટાઈફોઈડના ૧૬૪, ઝાડા- ઊલટીના ૧૪૬, કમળાના ૧૧૩ અને કોલેરાના ૦૧ કેસ નોંધાયા છે. સાદા મલેરિયાના ૧૩, ઝેરી મલેરિયાના ૦૨, ચિકનગુનિયાના ૧૨ કેસ નોંધાયા છે. ૧૪૫૨ પાણીના સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને તે પૈકી ૨૩ પાણીના સેમ્પલ અનફીટ આવ્યા છે.

શહેરમાં ખાસ કરીને પૂર્વ વિસ્તારમાં દાણીલીમડા, વટવા, લાંભા, રામોલ- હાથીજણ, બહેરામપુરા સહિતના વિસ્તારો અને પશ્ચિમ વિસ્તારમાં ગોતા અને રાણીપમાં કોલેરાના કેસો નોંધાયા છે. શહેરમાં એક તરફ મચ્છરજન્ય રોગો શરૂ થયા છે, પરંતુ શહેરમાં હજી પણ પીવાનું અશુદ્ધ પાણી મળતું હોવાના કારણે ઝાડા-ઊલટી, કમળા, કોલેરા અને ટાઈફોઈડના કેસો વધ્યા છે. પ્રદૂષિત પાણી આવતું હોય ત્યાં એન્જિનિયરિંગ વિભાગને જાણ કરીને લાઈનો બદલવા માટે સૂચના આપવામાં આવી છે. ક્લોરીનની ગોળીઓનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે. ■

# વડોદરામાં શાંતિ ડહોળાવાનો પ્રયાસઃ અર્બન ૭ના ટેરેસ ઉપર અરબી ઝંડા લગાવતા સ્થાનિકોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાં ગણેશ ઉત્સવ દરમિયાન અરબી ઝંડા લહેરાવતા ભારે હોબાળો સર્જાયો હતો. શહેરના ભાયલી વિસ્તારમાં ગણેશ ઉત્સવ દરમિયાન અર્બન ૭ ના ટેરેસ ઉપર અરબી ઝંડા લગાવતા સ્થાનિકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. સ્થાનિક કોર્પોરેટર નીતિન ડોંગાએ આ કાવતરા સામે વિરોધ કરી ચીમકી ઉચ્ચારતા આ સમગ્ર મામલે અર્બન સેવન પોલીસ છાવણીમાં ફેરવાયું છે.

શહેરમાં હાલ ગણેશ ઉત્સવ નિમિતે કોઈ પણ વિસ્તારમાં તંગદિલીભર્યું વાતાવરણ ન સર્જાય કે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ તંત્ર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ તેમ છતાંય ભાયલી વિસ્તારમાં ઉત્સવ દરમિયાન શાંતિ ડોહળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગણેશ ઉત્સવ દરમિયાન વિસ્તારના અર્બન ૭ના તમામ ટાવરના ટેરેસ પર અરબી ઝંડા લગાવ્યા હતા. આ કાવતરા સામે અર્બન ૭ ના સ્થાનિકોએ વિરોધ કર્યો હતો. સાથે જ સ્થાનિક કાઉન્સિલર નીતિન ડોંગા દ્વારા તમામ ઝંડા ઉતારવામાં આવ્યા હતા. આ અંગે સ્થાનિક કાઉન્સિલર નીતિન ડોંગાએ જણાવ્યું હતું કે, ટાવર પર ઝંડા લાગશે તો તોડી પાડવામાં જ આવશે. વાતાવરણ ડહોળવવાનનો પ્રયાસ કરાશે તો પોલીસની પણ જરૂર નહીં પડે. અરબી ઝંડા કોઈ પણ જગ્યાએ નહીં લાગે. અમે ખોટું કરતા નથી અને ખોટું કરવા દઈશું નહી. આ હિન્દુસ્તાન છે બધા પ્રેમથી રહો, બાકી અમે પણ મહાદેવના સંતાન છીએ. હવામાં હશે તો હવા નીકાળી દેવામાં આવશે. જોકે, આ સમગ્ર મામલે અર્બન સેવન પોલીસ છાવણીમાં ફેરવાયું છે. ટાવર પાસે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો. ■

# અમદાવાદમાં પ્રતિબંધિત ચાઈનીઝ લસણની બોલબાલાઃ મોટા પાયે વેચાણ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં પ્રતિબંધિત ચાઇનીઝ લસણ વેચાતું થયું છે. લારીઓમાં ચાઇનીઝ લસણનું વેચાણ શરૂ થયું છે. માધુપુરા માર્કેટમાંથી ચાઇનીઝ લસણ લાવ્યાનો દાવો છે. વેપારીઓએ કહ્યું વાસણા એપીએમસીમાંથી લસણ લાવ્યા છીએ. ચાઈનીઝ લસણનો પ્રતિકિલો ભાવ રૂ.૪૦૦થી ૬૦૦ છે. ચાઇનીઝ લસણ પર પ્રતિબંધ હોવા છતાં ખુલ્લેઆમ વેચાણ થાય છે.

માર્કેટમાં ચાઇનીઝ લસણ ક્યાંથી આવ્યું એ સવાલ મોટો છે. વેપારીઓ વાસણા એપીએમસીથી લસણ લાવતા હોવાનો ખુલાસો થયો છે. તાજેતરમાં ગોંડલમાં ચાઈનીઝ લસણની આવકના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. રાજકોટ સહિતના માર્કેટયાર્ડમાં લસણનો વેપાર બંધ થયો છે.

માર્કેટયાર્ડમાં લસણની હરાજી કરવામાં આવશે નહીં. ખેડૂતોને યાર્ડમાં લસણ ભરીને ન આવવા અપીલ કરાઇ છે. જ્યારે બીજી બાજુ ઉપલેટાના ખેડૂત ચાઈનીઝ લસણ વેચવા લાવ્યા હતા.

ગોંડલ માર્કેટ યાર્ડમાં ચાઈનીઝ લસણની આવકના પગલે આવતીકાલ તા.૧૦મીએ રાજકોટ સહિત તમામ માર્કેટ યાર્ડમાં લસણનો વેપાર બંધ રહેશે. માર્કેટ યાર્ડમાં લસણની હરાજી કરવામાં આવશે નહિ.

તાજેતરમાં ગોંડલ માર્કેટ યાર્ડમાં ૩૦ કટ્ટા ચાઈનીઝ લસણની આવક થવા પામી હતી. ■

# પંત ટેસ્ટમાં સર્વકાલીન સર્વશ્રેષ્ઠ ખેલાડી બનવા તરફ, નાના ફોર્મેટમાં સુધારાની જરૂરઃ ગાંગુલી



કોલકત્તાઃ ભારતના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીનું માનવું છે કે ઋષભ પંત ટેસ્ટ ક્રિકેટમાં સર્વકાલીન સર્વશ્રેષ્ઠ ખેલાડી બનવા તરફ આગળ વધી રહ્યો છે પરંતુ તેણે ક્રિકેટના ટૂંકા ફોર્મેટમાં પોતાનું પ્રદર્શન સુધારવાની જરૂર છે.

ડિસેમ્બર ૨૦૨૨માં કાર અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયા બાદ પંતને રવિવારે પહેલીવાર ભારતીય ટેસ્ટ ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો અને એવી અપેક્ષા રાખવામાં આવે છે કે બાંગ્લાદેશ સામે ચેન્નઈમાં ૧૯ સપ્ટેમ્બરથી શરૂ થનારી પ્રથમ ટેસ્ટ મેચ માટે તેને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવશે. પંતે આ વર્ષની શરૂઆતમાં મર્યાદિત ઓવરોના ફોર્મેટમાં વાપસી કરી હતી જેમાં તેનું પ્રદર્શન સારું રહ્યું હતું.

અહીં એક પ્રમોશનલ ઇવેન્ટ દરમિયાન ગાંગુલીએ કહ્યું હતું કે 'હું ઋષભ પંતને ભારતના સર્વશ્રેષ્ઠ ટેસ્ટ બેટ્સમેનોમાંનો એક માનું છું.' ટેસ્ટ ક્રિકેટમાં તેની વાપસીથી મને આશ્ચર્ય નથી થયું. તે ભારત માટે ટેસ્ટ ક્રિકેટ રમવાનું ચાલુ રાખશે.

તેમણે કહ્યું હતું કે, 'જો તે આવું જ પ્રદર્શન કરવાનું ચાલુ રાખશે તો તેને ટેસ્ટ ક્રિકેટના સર્વકાલીન મહાન ખેલાડીઓમાં સામેલ કરવામાં આવશે.' મારું માનવું છે કે તેણે ટૂંકા ફોર્મેટમાં વધુ સારું પ્રદર્શન કરવાની જરૂર છે. તે પ્રતિભાશાળી છે અને મને ખાતરી છે કે તે ટૂંક સમયમાં આવું કરવામાં સફળ થશે.

પગના ઓપરેશનને કારણે મોહમ્મદ શમીને ટીમમાં સામેલ કરવામાં આવ્યો ન હતો પરંતુ ગાંગુલીને વિશ્વાસ છે કે આ વર્ષના અંતમાં ઓસ્ટ્રેલિયાના પ્રવાસ પહેલા તે સંપૂર્ણ રીતે ફિટ થઈ જશે. ગાંગુલીએ કહ્યું હતું કે , હું ભારતના ઓસ્ટ્રેલિયા પ્રવાસની રાહ જોઈ રહ્યો છું. ટીમની ખરી કસોટી ત્યાં જ થશે. આ પછી ટીમને જુલાઈમાં ઈંગ્લેન્ડનો પ્રવાસ કરવાનો છે અને આ બંને પ્રવાસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહેશે. જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજની હાજરી અને શમીની વાપસી ભારતીય ઝડપી બોલિંગ આક્રમણને મજબૂત બનાવશે. બાંગ્લાદેશે તાજેતરમાં જ પાકિસ્તાનને તેની ધરતી પર હરાવ્યું હતું પરંતુ ગાંગુલીનું માનવું છે કે ભારતને હરાવવું ઘણું મુશ્કેલ હશે. ■

# ઈલેક્ટ્રો ડાન્સ પાર્ટી સાથે પેરાલિમ્પિક ગેમ્સનું સમાપન, ચીનનો રહ્યો દબદબો



પેરિસઃ પેરિસ પેરાલિમ્પિક ગેમ્સનું રવિવારે એક સુંદર લાઇટ શો અને ફ્રાન્સના ઇલેક્ટ્રોનિક મ્યુઝિક સાથે સમાપન થયું હતું. જીન- મિશેલ જર્રે સ્ટેડ ડી ફ્રાન્સ ખાતે પાર્ટીની શરૂઆત કરી હતી. તેમણે પોતાના સંગીતથી ખેલાડીઓ, સ્વયંસેવકો અને પ્રેક્ષકોને નૃત્ય કરવા માટે પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમના અંતે એક લાઇટ શોનું આયોજન કરવામાં આવ્યું જેણે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ ગેમ્સમાં ચીનનો દબદબો જોવા મળ્યો હતો જ્યારે ભારતે પણ રેકોર્ડ ૨૯ મેડલ જીત્યા હતા. ભારતે સાત ગોલ્ડ, નવ સિલ્વર અને ૧૩ બ્રોન્ઝ મેડલના રેકોર્ડ સાથે પેરિસ પેરાલિમ્પિક ગેમ્સ પૂરી કરી અને મેડલ ટેલીમાં ૧૮મું સ્થાન મેળવ્યું હતું. ટોક્યોમાં રમાયેલી છેલ્લી પેરાલિમ્પિક ગેમ્સમાં ભારત પાંચ ગોલ્ડ, આઠ સિલ્વર અને છ બ્રોન્ઝ મેડલ સાથે ૨૪મા ક્રમે હતું.

ચીને કુલ ૨૨૦ મેડલ (૯૪ ગોલ્ડ, ૭૬ સિલ્વર, ૫૦ બ્રોન્ઝ) સાથે તેનું અભિયાન પૂરું કર્યું. તેણે ૯૪ ગોલ્ડ મેડલ જીત્યા જ્યારે બીજા ક્રમે રહેલા બ્રિટને ૪૯ ગોલ્ડ મેડલ જીત્યા હતા. બ્રિટન ૧૨૪ મેડલ સાથે બીજા ક્રમે જ્યારે અમેરિકા ૧૦૫ મેડલ જીત્યા હતા અને ત્રીજો ક્રમ હાંસલ કર્યો હતો. બ્રિટને ૪૯ ગોલ્ડ મેડલ ઉપરાંત ૪૪ સિલ્વર અને ૩૧ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. અમેરિકાએ ૩૬ ગોલ્ડ, ૪૨ સિલ્વર અને ૨૭ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.

બ્રાઝિલે ૮૯ મેડલ જીત્યા હતા પરંતુ નેધરલેન્ડ્સે ૨૫ની સરખામણીમાં ૨૭ ગોલ્ડ મેડલ જીત્યા હતા, તેને છોડીને યજમાન ફ્રાન્સે ૧૯ ગોલ્ડ મેડલ સહિત ૭૫ મેડલ જીત્યા હતા. ૨૦૨૮માં પેરાલિમ્પિક લોસ એન્જલસમાં યોજાશે. ■

# ભારતીય ટીમે વર્લ્ડ ડેફ શૂટિંગ ચેમ્પિયનશિપમાં સાત ગોલ્ડ સહિત ૨૧ મેડલ જીત્યા

નવી દિલ્હીઃ નેશનલ રાઈફલ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એનઆરએઆઇ) એ સોમવારે કહ્યું હતું કે ભારતે રવિવારે જર્મનીના હેનોવરમાં યોજાયેલા બીજા વર્લ્ડ ડેફ શૂટિંગ ચેમ્પિયનશિપમાં સાત ગોલ્ડ સહિત ૨૧ મેડલ જીતીને ટોચનું સ્થાન મેળવ્યું છે. ભારતે સાત સિલ્વર અને એટલા જ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.

એનઆરએઆઈએ એક નિવેદનમાં કહ્યું હતું કે યુક્રેન સાત ગોલ્ડ, પાંચ સિલ્વર અને છ બ્રોન્ઝ સાથે બીજા ક્રમે અને યજમાન જર્મની બે ગોલ્ડ, એક સિલ્વર અને એક બ્રોન્ઝ સાથે ત્રીજા સ્થાને રહ્યું હતું. ટુર્નામેન્ટના છેલ્લા દિવસે માહિત સંધુએ મહિલાઓની ૫૦ મીટર રાઇફલ ૩ પોઝિશનમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો અભિનવ દેશવાલે પુરુષોની ૨૫ મીટર સ્ટાન્ડર્ડ પિસ્તોલ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો, જ્યારે ચેતન હનમંત સપકાલ આ જ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભારતીય ટીમમાં ૧૩ શૂટર્સનો સમાવેશ થાય છે જેમણે ચેમ્પિયનશિપની ૧૬માંથી ૧૫ ઇવેન્ટમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ૧૬ દેશોમાંથી ૭૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

સંધુએ ચાર મેડલ (ત્રણ ગોલ્ડ અને એક સિલ્વર) જીત્યા જ્યારે ધનુષ શ્રીકાંતે ૧૦ મીટર એર રાઈફલ વ્યક્તિગત અને મિશ્ર ઈવેન્ટમાં બે ગોલ્ડ મેડલ જીત્યા હતા.

અનુયા પ્રસાદ (મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ) અને શૌર્ય સૈની (પુરુષોની ૫૦ મીટર રૂપી) એ આ ઇવેન્ટમાં ભારતીય ટીમ માટે અન્ય ગોલ્ડ મેડલ જીત્યા અને ઘણા ડેફ વિશ્વ વિક્રમો અને ચેમ્પિયનશિપ રેકોર્ડ બનાવ્યા હતા. ■

## ક્લાસિફાઈડ


**૯. લગ્ન સંબંધી**

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૪૯૫૭-એ)

**૧૭. જગ્યા આપવી છે**

**૨૫. શૈક્ષણીક**

**સંગીત શીખો**

હાર્મોનિયમ, કેસિયો, શાસ્ત્રીય સંગીત, શ્લોક શીખવા માટે વોટ્સએપ કરો. 9930461779 ગદાધર. (બી-૧૪૮૨૦)




(14944-A)

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073 હિતેષ ઉપાધ્યાય. 9326470109. (એસડીબી-૨૧૪૭)

**૨૦. ધંધાદારી જગ્યા**

**ઓપેરા હાઉસ**

ફ્રેંચ બ્રીજ પાસે 14 હાઈટ, ગ્રાઉન્ડ ફ્લોર એરિયા 622 સ્કે. ફીટનું ગોડાઉન વેચાણથી આપવું છે. 9869220281, 23862497. (એસડીબી-૨૧૪૮)

**૩૩. ધંધાદારી**

**ડીમ કન્વેયન્સ**
**પ્રોપટીકાર્ડ ટ્રાન્સફર**
**સ્ટ્રકચર ઓડિટ**
**મેન્ટેનન્સ રીકવરી**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**

(B-14835)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

**શ્રીનાથજી જ્યોતિષ (હવેલીવાળા)**

**લવ મેરેજ, પતિ દુઃખ, શત્રુનાશ, બિઝનેસ, લોસ, જૂની બીમારી, હસ્તરેખા, જન્મપત્રિકા, લગ્નમાં રુકાવટ, તુરંત સમાધાન, નિરાશ વ્યક્તિ ખાસ મળો, મલાડ (વેસ્ટ) ફીઝ-500/- 9920991344/ 9833390898/ 02228898500. (૧૪૯૬૮-એ)**

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૯૬૩-ઈ)

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ... કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૪૯૨૨-એ)

**૫૨. કુરીઅર્સ**

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


# અફઘાનિસ્તાન અને ન્યૂઝીલેન્ડ ટેસ્ટનો પ્રથમ દિવસ રદ, ખરાબ આઉટફીલ્ડના કારણે ન થયો ટોસ

ગ્રેટર નોઇડાઃ અફઘાનિસ્તાનની ક્રિકેટ ટીમ અને ન્યૂઝીલેન્ડની ક્રિકેટ ટીમ વચ્ચે એક માત્ર ટેસ્ટ મેચ ૯મી સપ્ટેમ્બરથી ગ્રેટર નોઈડાના ગ્રેટર નોઈડા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ગ્રાઉન્ડ ખાતે શરૂ થઇ હતી. પરંતુ ટેસ્ટના પ્રથમ દિવસે ખરાબ આઉટફિલ્ડને કારણે રમત શક્ય બની ન હતી. મેચ અધિકારીઓએ દિવસ દરમિયાન ઘણી વખત નિરીક્ષણ કર્યું હતું પરંતુ ખેલાડીઓ માટે મેદાનમાં ઊતરવા માટે પરિસ્થિતિ યોગ્ય ન હતી. સોમવારે અહીં વરસાદ પડ્યો ન હતો પરંતુ આધુનિક ડ્રેનેજ સિસ્ટમના અભાવે ગયા અઠવાડિયે પડેલા ભારે વરસાદની અસર મેદાનને થઇ હતી.

આખા સપ્તાહ દરમિયાન વરસાદ અને વાવાઝોડાની આગાહી સાથે ખરાબ હવામાનથી ટેસ્ટ મેચ પર કેટલી અસર થાય છે તે જોવું રહ્યું. અફઘાનિસ્તાનને ૨૦૧૭માં ટેસ્ટનો દરજ્જો મળ્યો હતો અને આ તેની ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ મેચ છે.

અફઘાનિસ્તાન અત્યાર સુધીમાં ૧૦ ટેસ્ટ મેચ રમી ચૂક્યું છે. તેને બાંગ્લાદેશ, શ્રીલંકા અને આયરલેન્ડ સામેની છેલ્લી ત્રણ ટેસ્ટ મેચોમાં હારનો સામનો કરવો પડ્યો છે. આ વર્ષે માર્ચ પછી ન્યૂઝીલેન્ડ માટે આ પ્રથમ ટેસ્ટ મેચ છે. ટીમને વર્તમાન પ્રવાસમાં છ ટેસ્ટ મેચ રમવાની છે, જેમાં શ્રીલંકા સામેની બે મેચની શ્રેણી અને ભારત સામેની ત્રણ મેચોની શ્રેણીનો સમાવેશ થાય છે. ■

# એશિયન ચેમ્પિયન ટ્રોફીમાં ભારતીય હોકી ટીમનું વિજયી અભિયાન યથાવત્, ચીન બાદ જાપાનને પણ હરાવ્યું



હુલુનબુઇર (ચીન)ઃ હરમનપ્રીત સિંહની કેપ્ટનશિપમાં ભારતીય પુરુષ હોકી ટીમનું એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં વિજયી અભિયાન પણ યથાવત રહ્યું હતું. યજમાન ચીનને હરાવ્યા બાદ ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે જાપાનને ૫-૧થી હરાવ્યું અને ગ્રુપ સ્ટેજમાં સતત બીજી જીત નોંધાવી હતી. ભારતની જીતમાં સુખજીતે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું, જેણે બે ગોલ કર્યા હતા.

સુખજીતે બીજી અને ૬૦મી મિનિટમાં ગોલ કર્યા હતા જ્યારે અભિષેક (૩જી), સંજય (૧૭મી) અને ઉત્તમ સિંહ (૫૪મી) અન્ય ભારતીય સ્કોરર હતા. જાપાન માટે એકમાત્ર ગોલ માત્સુમોટો કાઝુમાસાએ ૪૧મી મિનિટે કર્યો હતો. ચાર વખતની ચેમ્પિયન ભારતીય ટીમે તેની શરૂઆતની લીગ મેચમાં ચીનને ૩-૦થી હરાવ્યું હતું, તેને બે પેનલ્ટી કોર્નર મળ્યા હતા, જ્યારે જાપાનની ટીમને પાંચ પેનલ્ટી કોર્નર મળ્યા હતા.

હરમનપ્રીત સિંહના નેતૃત્વ હેઠળની ટીમ બુધવારે પૂર્વ ઉપવિજેતા મલેશિયા સામે ટકરાશે. છ ટીમો વચ્ચેની રાઉન્ડ-રોબિન લીગ બાદ ટોચની ચાર ટીમો ૧૬ સપ્ટેમ્બરે રમાનારી સેમિફાઇનલ માટે ક્વોલિફાય થશે. ફાઈનલ ૧૭ સપ્ટેમ્બરે યોજાશે. ■

# ત્રીજી ટેસ્ટમાં શ્રીલંકાએ ઈંગ્લેન્ડને ૮ વિકેટથી હરાવ્યું, અંગ્રેજોએ ૨-૧થી જીતી સિરીઝ



લંડનઃ શ્રીલંકાએ ઇંગ્લેન્ડને સિરીઝની ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચમાં આઠ વિકેટથી હાર આપી હતી. આ સાથે ઇંગ્લેન્ડની ટીમે ત્રણ મેચની ટેસ્ટ સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી. ઈંગ્લેન્ડે સિરીઝની શરૂઆતની બંને મેચ જીતીને સિરીઝ પર કબ્જો કરી લીધો હતો. જ્યારે શ્રેણીની ત્રીજી અને છેલ્લી ટેસ્ટ મેચ ૬ સપ્ટેમ્બરથી રમાઈ હતી, જેના ચોથા દિવસે શ્રીલંકાએ આ મેચ ૮ વિકેટે જીતી લીધી હતી.

શ્રીલંકાની ટીમે ૧૦ વર્ષ બાદ ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ મેચ જીતી છે. આ પહેલા જૂન ૨૦૧૪માં શ્રીલંકાએ લીડ્ઝ ટેસ્ટમાં ઈંગ્લેન્ડને ૧૦૦ રનથી હરાવ્યું હતું. એકંદરે ઇંગ્લેન્ડમાં ટેસ્ટ મેચોમાં શ્રીલંકાની આ ચોથી જીત છે. પ્રથમ ટેસ્ટ ઓગસ્ટ ૧૯૯૮માં અને બીજી ટેસ્ટ જૂન ૨૦૦૬માં જીતી હતી.

મેચમાં ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા ઊતરેલી ઈંગ્લેન્ડની ટીમે પ્રથમ દાવમાં ૩૨૫ રન કરી શકી હતી. જવાબમાં શ્રીલંકાની ટીમ ૨૬૩ રન જ કરી શકી હતી. આ સાથે ઈંગ્લેન્ડની ટીમને પ્રથમ દાવમાં ૬૨ રનની લીડ મળી હતી. આ પછી ઈંગ્લેન્ડની ટીમ બીજા દાવમાં માત્ર ૧૫૬ રનમાં ઓલઆઉટ થઇ ગઇ હતી. જેના કારણે બીજા દાવમાં શ્રીલંકાને જીતવા માટે માત્ર ૨૧૯ રનનો ટાર્ગેટ મળ્યો હતો.

જવાબમાં શ્રીલંકાની ટીમે ચોથા દિવસે જ ૨ વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી હતી. બીજી ઇનિંગમાં શ્રીલંકા તરફથી ઓપનર પથુમ નિસંકાએ ૧૨૭ રનની અણનમ ઇનિંગ રમી હતી. જ્યારે એન્જેલો મેથ્યુસે અણનમ ૩૨ રન કર્યા હતા. તેમના સિવાય દિમુથ કરુણારત્નેએ ૮ રન અને કુસલ મેન્ડિસે ૩૯ રન કર્યા હતા.

વિકેટકીપર બેટ્સમેન જેમી સ્મિથે બીજી ઇનિંગમાં ઇંગ્લેન્ડ તરફથી સૌથી વધુ ૬૭ રનની ઇનિંગ રમી હતી. જેમી સ્મિથ સિવાય ડેનિયલ લોરેન્સે ૩૫ રન કર્યા હતા. જેમી સ્મિથ અને ડેનિયલ લોરેન્સ સિવાય કોઈ બેટ્સમેન લાંબો સમય ક્રિઝ પર ટકી શક્યો નહોતો. ત્રીજા દિવસે શ્રીલંકાના બોલરોએ શાનદાર બોલિંગનું પ્રદર્શન કર્યું હતું. શ્રીલંકા તરફથી લાહિરુ કુમારાએ સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. લાહિરુ કુમારા સિવાય વિશ્વ ફર્નાન્ડોને ત્રણ વિકેટ મળી હતી.

હવે છેલ્લી ટેસ્ટમાં ઈંગ્લેન્ડને હરાવીને શ્રીલંકાની ટીમે જોરદાર છલાંગ લગાવી છે. તે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં પાંચમા નંબર પર પહોંચી ગઇ છે. આ મેચ પહેલા શ્રીલંકાની પીસીટી ૩૩.૩૩ હતી, જે અચાનક વધીને ૪૨.૮૫ થઈ ગઈ છે. પહેલા ટીમ સાતમા નંબર પર હતી પરંતુ હવે તે ટોપ ૫માં પહોંચવામાં સફળ રહી છે.

શ્રીલંકા સામે હાર્યા બાદ ઈંગ્લેન્ડને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં નુકસાન થયું છે. ઈંગ્લેન્ડ સિરીઝની પ્રથમ બે ટેસ્ટ જીત્યા બાદ ૪૫ પોઇન્ટ સાથે નંબર ૫ પર પહોંચી ગઈ હતી, પરંતુ હવે તે ફરીથી પાછળ ધકેલાઇ ગઇ છે. નીચે આવવું પડશે. આ મેચ પહેલા ઈંગ્લેન્ડની પીસીટી ૪૫ હતી જે હવે ઘટીને ૪૨.૧૮ થઈ ગઈ છે. ■

# ઈંગ્લેન્ડ તરફથી ૧૦૦મી ઈન્ટરનેશનલ મેચ રમશે ઈંગ્લેન્ડનો ફૂટબોલર હેરી કેન, અપાશે ગોલ્ડ કેપ



લંડનઃ ઇંગ્લેન્ડ ફૂટબોલ ટીમના કેપ્ટન હેરી કેનને મંગળવારે વેમ્બલી ખાતે ફિનલેન્ડ સામે નેશન્સ લીગ મેચ પહેલા તેના દેશ માટે તેની ૧૦૦મી મેચ રમવાના અવસર પર ગોલ્ડ કેપ આપવામાં આવશે. ઇંગ્લેન્ડની ટીમ મંગળવારે ફિનલેન્ડ સામે રમશે.

બાયર્ન મ્યુનિખનો આ અનુભવી સ્ટ્રાઈકર આ મેચમાં ૧૦૦ મેચ રમનાર ઈંગ્લેન્ડનો ૧૦મો ખેલાડી બનશે. ૨૦૧૪માં વેઈન રુની બાદ આ સિદ્ધિ મેળવનાર તે દેશનો પ્રથમ ખેલાડી હશે. ઈંગ્લેન્ડ માટે ૬૬ સાથે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય ગોલ કરવાનો રેકોર્ડ કેનના નામે છે. ઈંગ્લેન્ડે સોમવારે પુષ્ટિ કરી કે ૩૧ વર્ષીય કેન ફિનલેન્ડ સામેની મેચમાં ૭૩મી વખત ટીમનું નેતૃત્વ કરશે. ■



**ભેટઃ** ગુરગામસ્થિત ટાટા મોટર્સના શૉ રૂમ ખાતે યોજાયેલા સન્માન સમારોહ દરમિયાન પૅરિસ ઑલિમ્પિક્સમાં કાંસ્યચંદ્રક મેળવનાર શૂટર મનુ ભાકર તેના માતાપિતા સાથે. મનુ ભાકરને ભેટમાં આપેલી કારનું અનાવરણ કરી રહેલા ટાટા મોટર્સ પેસેન્જર્સ વ્હીકલ લિ. અને ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી લિ.ના પ્રેસિડન્ટ શૈલેશ ચંદ્રા. (એજન્સી)

# પાકિસ્તાની ખેલાડીઓને મળ્યા વિઝા, સૈફ ચેમ્પિયનશિપમાં રમવા ચેન્નઇ રવાના

લાહોરઃ ભારતીય હાઈ કમિશન તરફથી વિઝા મળ્યા બાદ ૧૨ સભ્યોની પાકિસ્તાની ટીમ સોમવારે દક્ષિણ એશિયન એથ્લેટિક્સ ફેડરેશન (સૈફ) જૂનિયર ચેમ્પિયનશિપમાં ભાગ લેવા માટે ચેન્નઈ જવા રવાના થઈ હતી. એક અધિકારીએ પુષ્ટિ કરી હતી કે શનિવારે વિઝા મળ્યા બાદ એથ્લેટ્સ અને અધિકારીઓ ચેન્નઈ જવા રવાના થઈ ગયા છે. અધિકારીએ કહ્યું હતું કે ''પાકિસ્તાનની ટીમ વાઘા બોર્ડર થઈને રવાના થઈ ગઈ છે.'' જ્યાંથી તેઓ અમૃતસર જશે અને ત્યાંથી ચેન્નઈ જશે. જ્યાં દક્ષિણ એશિયન જૂનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ યોજાઈ રહી છે. સૈફ જૂનિયર ચેમ્પિયનશિપ ચેન્નઈમાં ૧૧ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. ■

# સેન્સેક્સ ૩૭૬ પોઈન્ટ ઊછળ્યો, એફએમસીજી અને બૅન્ક શૅરોને સહારે નિફ્ટીમાં ત્રણ સત્રની પીછેહઠ બાદ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: વિશ્વબજારના નકારાત્મક સંકેતને અવગણીને આઇસીઆઇસીઆઇ બેન્ક, એચયુએલ અને એચડીએફસી બેન્ક જેવા બ્લુચીપ શેરોની આગેવાનીએ નીકળેલી લેવાલીના ટેકાએ સેન્સેક્સે ૩૭૬ પોઇન્ટનો સુધારો નોંધાવ્યો હતો જ્યારે નિફ્ટી ૨૫,૦૦૦ની સપાટી તરફ આગળ સરકયે હતો. સત્રને અંતે સેન્સેક્સ ૩૭૫.૬૧ પોઇન્ટ અથવા તો ૦.૪૬ ટકા વધીને ૮૧,૫૫૯.૫૪ની સપાટીએ અને નિફ્ટી ૮૪.૨૫ પોઇન્ટ અથવા તો ૦.૩૪ ટકાના સુધારા સાથે ૨૪,૯૩૬.૪૦ની સપાટીએ સ્થિર થયો હતો.

હિંદુસ્તાન યુનિલીવર, આઇસીઆઇસીઆઇ બેન્ક, આઇટીસી, કોટક મહિન્દ્રા બેન્ક, ઇન્ડસઇન્ડ બેન્ક, એક્સિસ બેન્ક, અલ્ટ્રાઆટેક સિમેન્ટ અને એચડીએફસી બેન્ક સેન્સેક્સના ટોપ ગેઇનર્સ શેરોમાં સામેલ હતા, જ્યારે ટેક મહિન્દ્રા, ટાટા સ્ટીલ, એનટીપીસી, ટાટા મોટર્સ, પાવર ગ્રીડ અને ટાઇટન ટોપ લૂઝર્સ શેરોમાં સામેલ હતા.

વિશ્વબજારના નેગેટિવ સંકેત પાછળ બજાર નીચા મથાળે ખૂલ્યું હતું, પરંતુ નીચા મથાળે લેવાલી નીકળતા બજાર પોઝિટિવ ઝોનમાં આગળ વધ્યું હતું. નિષ્ણાતોના મતે બજાર અમેરિકાના અર્થતંત્રની ચિંતા અને ફેડરલ રિઝર્વના રેટ કટ અંગેના નિર્ણય અગાઉ સ્થિર થવા મથી રહ્યું છે. બ્રોડર માર્કેટમાં મિડકેપ શેરોમાં પીછેહઠ રહી હતી જ્યારે સ્મોલ કેપ સેગમેન્ટમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

આ સપ્તાહે ૧૩થી ૧૪ આઇપીઓ આવી રહ્યાં છે. બજાજ હાઉસિંગનો આઇપીઓ ખૂલતાવેંત ગણતરીની મિનિટોમાં સંપૂર્ણ છલકાઇ ગયો હતો. પીએન ગાડગીલ અને ટોલિન્સ ટાયર મેઇન બોર્ડ આઇપીઓ લાવી રહ્યાં છે. એયુ સ્મોલ ફાઇનાન્સ બેંકે જાહેર ક્ષેત્રની યુનાઇટેડ ઇન્ડિયા ઇન્શ્યોરન્સ કંપની સાથે સહયોગ સાધીને પોતાના ગ્રાહકોને મોટર વીમાથી સાઇબર ઇન્સિડેન્ટ વીમા સહિતના જનરલ ઇન્શ્યોરન્સ સોલ્યુશન્સ પૂરા પાડવાની વ્યવસ્થા ઊભી કરી છે.

સસ્ટેનેબલ ફૂટવેરની અગ્રણી બ્રાન્ડ ગ્રીનસોલ ફૂટવેરે એક્સપાન્શન પ્લાન અંતર્ગત મુંબઇમાં ફ્લેગશિપ આઉટલેટની સ્થાપના કરી છે. કંપની આગામી બે વર્ષમાં દેશભરના મેટ્રો શહેરોમાં બ્રાન્ચ વિસ્તરણની યોજના ધરાવે છે. હાલ કંપની વેબસાઇટ અને વિવિધ ઓનલાઇન પ્લેટફોર્મને માધ્યમે ઇકો ફ્રેન્ડલી અને વેગન ફેશન ફૂટવેરનું સેલ્સ મોડલ ધરાવે છે. કંપની ફૂટવેરના ઉત્પાદનમાં રિસાઇકલ્ડ સોલ અને ઓર્ગેનિક તથા સસ્ટેનેબલ મટિરિયલનો ઉપયોગ કરે છે.

ભારતી એરટેલે એનબીએફસી અને સ્મોલ ફાઇનાન્સ બેન્કો સાથે ટાઇ અપ કરીને એરટેલ ફાઇનાન્સ નામે, ફિક્સ્ડ ડિપોઝિટ માર્કેટપ્લેસની જાહેરાત કરી છે. વેસ્ટર્ન કેરિઅર્સ અને એથર એનર્જી આઇપીઓ લાવી રહી છે. ગાલા પ્રિસિઝનનો શેર તેના રૂ. ૫૨૯ના ઇશ્યૂ ભાવ સામે ૪૧.૭૭ ટકા વધીને રૂ. ૭૫૦ના ભાવે લિસ્ટેડ થયો હતો અને પાછળથી ૪૮.૭૭ ટકા વધીને રૂ. ૭૮૭ બોલાયો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં હિંદુસ્તાન યુનિલિવર ૨.૯૫ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૪૩ ટકા, આઈટીસી ૧.૯૬ ટકા, કોટક બેન્ક ૧.૫૯ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૪૦ ટકા, એક્સિસસ બેન્ક ૦.૯૯ ટકા, એચડીએફસી બેન્ક ૦.૬૪ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૫૩ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૫૦ ટકા અને નેસ્લે ૦.૪૮ ટકા વધ્યા હતા, જ્યારે ટેક મહિન્દ્ર ૨.૬૮ ટકા, એનટીપીસી ૧.૩૨ ટકા, ટાટા સ્ટીલ ૧.૨૨ ટકા, તાતા મોટર્સ ૦.૯૬ ટકા, પાવર ગ્રીડ ૦.૪૧ ટકા, ટાઈટન ૦.૪૧ ટકા ઈન્ફોસિસ ૦.૩૯ ટકા, એચસીએલ ટેક્નોલોજી ૦.૩૫ ટકા સન ફાર્મા ૦.૨૯ ટકા અને મારુતિ ૦.૨૫ ટકા ઘટ્યા હતા.

અમેરિકાના જોબ ડેટા નબળા રહ્યાં હોવાને કારણે વોલ સ્ટ્રીટના ધબડકા પાછળ એશિયાઇ બજારોમાં પીછેહઠ જોવા મળી હતી. વૈશ્વિક શેરબજારમાં સાવચેતીનું માનસ છે અને નિષ્ણાતોના મતે ટૂંકા ગાળાનું ચિત્ર તેજી માટે ધૂંધળું છે. આ સપ્તાહે ફુગાવાના ડેટા, આઇપીઓની વણઝાર, ક્રૂડ ઓઇલના ભાવ, ફેડરલના કરતબો અને વિશ્વબજારના સંકેતો બજારની દિશા નક્કી કરશે. વૈશ્વિક ધોરણે ફેડરલ રિઝર્વની બેઠક અગાઉ ૧૧ સપ્ટેમ્બરે જાહેર થનારા યુએસ ઇન્ફ્લેશન રિપોર્ટ અને ૧૪મી સપ્ટેમ્બરે જાહેર થનારા પ્રોડ્યુસર પ્રાઇસ ઇન્ડેક્સ પર રહેશે. સ્થાનિક ધોરણે ૧૨મી સપ્ટેમ્બરે સીપીઆઇ અને આઇઆઇપી ડેટા પણ બજારને સંકેત આપશે.

ટેકનિકલ ધોરણે નિફ્ટી માટે ૨૪,૫૦૦-૨૪,૪૦૦ મહત્ત્વનો સપોર્ટ ઝોન છે, જો બેન્ચમાર્ક ૨૪,૪૦૦ની સપાટી તોડશે તો વધુ ૩૦૦થી ૪૦૦ પોઇન્ટ નીચે જઇ શકે છે. જ્યારે આગેકૂચ માટે નિફ્ટીએ ૨૫,૩૫૦ની ઉપર મક્કમ બંધ આપવો પડશે. નોંધવું રહ્યું કે, અમેરિકાની મંદીની ચિંતા ફરી સપાટી પર આવવાથી વૈશ્વિક ઇક્વિટી બજારમાં નરમાઇનો માહોલ જામતાં મંદીવાળા હાવી થઇ ગયા હોવાથી શુક્રવારે સેન્સેક્સમાં ૧૦૧૭ પોઇન્ટનો કડાકો બોલાવા સાથે બીએસઇ પર લિસ્ટેડ શેરોના કુલ બજાર મૂલ્યમાં લગભગ રૂ. ૫.૪૯ લાખ કરોડનું ધોવાણ નોંધાયું હતું. સેન્સેક્સ ૧,૦૧૭.૨૩ પોઈન્ટ ઘટીને ૮૧,૧૮૩.૯૩ પોઇન્ટની, જ્યારે નિફ્ટી ૨૯૨.૯૫ પોઈન્ટ ઘટીને ૨૪,૮૫૨.૧૫ પોઇન્ટના સ્તરે સ્થિર થયો છે.

ક્રૂડ ઓઇલના ભાવ ગયા સપ્તાહે દસેક ટકા ઘટ્યા હતા. આમ તો આ સારી બાબત છે પરંતુ તેના કારણો જોઇએ તો ચીન અને અમેરિકાના અર્થતંત્રની મંદ ગતિ જેવી બાબતો હોય તો તે ફરી શેરમાર્કેટ માટે પણ નેગેટિવ બાબત છે. પાછલા સપ્તાહે એફઆઇઆઇએ એક્સચેન્જ અને પ્રાઇમરી માર્કેટ મારફત રૂ. ૧૧,૦૦૦ કરોડનું રોકાણ કર્યું હતું. સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૮૧,૧૮૩.૯૩ના બંધથી ૩૭૫.૬૧ પોઈન્ટ્સ (૦.૪૬ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૦.૧૯ લાખ કરોડ ઘટીને રૂ.૪૬૦.૧૭ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૮૦,૯૭૩.૭૫ ખૂલીને ઊંચામાં ૮૧,૬૫૩.૩૬ સુધી અને નીચામાં ૮૦,૮૯૫.૦૫ સુધી જઈને અંતે ૮૧,૫૫૯.૫૪ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૬ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૪ સ્ક્રિપ્સ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૧૮૧ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૬૫૦ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૩૯૦ સ્ટોક્સ ઘટ્યા હતા.

જ્યારે ૧૪૧ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૬૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૫૪ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૨૮ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૬૫ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૦૬ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૭૭ ટકા ઘટ્યો હતો.

# ડૉલર સામે રૂપિયામાં સાંકડી વધઘટે ટકેલું વલણ

મુંબઈ: આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જોવા મળ્યું હોવા છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને ૮૩.૯૫ની સપાટીએ ટકેલો રહ્યો હતો. એકંદરે વૈશ્વિક આર્થિક વૃદ્ધિની ચિંતા ઉપરાંત રોકાણકારોની નજર અમેરિકાના આગામી બુધવાર અને ગુરુવારે જાહેર થનારા અનુક્રમે કન્ઝ્યુમર અને પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર તેમ જ આ સપ્તાહે યોજનારી યુરોપિયન સેન્ટ્રલ બૅન્કની નીતિવિષયક બેઠક પર પણ હોવાથી કામકાજો મર્યાદિત રહ્યા હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૩.૯૫ના બંધ સામે સાધારણ નરમાઈના ટોને ૮૩.૯૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૯૬ અને ઉપરમાં ૮૩.૮૬ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધની જ ૮૩.૯૫ની સપાટીએ બંધ રહ્યો હતો. છેલ્લાં કેટલાક સમયથી વૈશ્વિક આર્થિક મંદીની ચિંતા વચ્ચે વિશ્વ બજારમાં ડૉલર સામે એશિયન ચલણો નબળા પડી રહ્યા છે, પરંતુ સ્થાનિકમાં ખાસ કરીને રિઝર્વ બૅન્કના હસ્તક્ષેપને કારણે રૂપિયામાં ધોવાણ ઓછું થઈ રહ્યું હોવાનું આનંદ રાઠી શૅર્સ ઍન્ડ સ્ટોક બ્રોકર્સનાં એવીપી મનીષ શર્માએ જણાવતાં ઉમેર્યું હતું કે રિઝર્વ બૅન્કના હસ્તક્ષેપને કારણે જ ડૉલર સામે રૂપિયો ૮૪ આસપાસની સપાટી જાળવી રાખવા સફળ થઈ રહ્યો છે.


**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**એન્જિનિયરિંગ કામ**

ઇ-ટેન્ડર નોટિસ નંબર-DYCE-BR-BRC-16R-2024 ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઇન), વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004 દ્વારા નીચેના કામો માટે ઇ-ટેન્ડરો મંગાવવામાં આવે છે. કામનું નામ અને ટેન્ડર નંબર : DYCE-BR-BRC-16R-2024 કામનું નામ : "RTM ડિવિઝનના SSE BR UJN ના અધિકારક્ષેત્રમાં Br No. 23DN, 94DN, 120DN, 145DN પર કોરોડેડ ટોપ ગસેટ્સ, લેટરલ બ્રેકિંગ અને ખામીયુક્ત રિવેટ્સનું રિપ્લેસમેન્ટ" (પુનઃઆમંત્રિત4)"કામની અંદાજિત કિંમત (રૂ.માં) : ₹1,70,82,130.60 જમા કરાવવાની બિડ સિક્યોરિટી (રૂ.માં) : ₹2,35,400.00 ઇ-ટેન્ડર જમા અને ઇ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : ઓનલાઈન ટેન્ડર 27.09.2024 ના રોજ 15.00 કલાક પહેલા જમા કરવાનું છે અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવાનું છે. વેબસાઇટ વિવરણ અને સૂચનાનું સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઇ શકાય છે વગેરે : ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ લાઇન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4. વેબસાઇટ @www.ireps.gov.in 166

અમને લાઇક કરો: facebook.com/WesternRly



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**એરકંડીશનીંગ માટે કંસલટન્સી સર્વિસીઝ**

સીની. DEE/P/BCT, ઈ-ટેન્ડર નોટીસ નં. EL 4/2/379/WA/૩૬, તા. ૬/૯/૨૪ મંગાવે છે. કામ અને સ્થળ: ચર્ચગેટ-પ.રે. હેડક્વાર્ટર્સ ઓફિસના ચર્ચગેટ સ્ટેશન બિલ્ડિંગ તથા એનેક્ષ બિલ્ડિંગ, GLOના એરકંડીશનીંગ માટે કંસલટન્સી સર્વિસીઝ. કામની અંદા.કિંમત: ₹ ૧૯,૪૭,૦૦૦/- બારડી: ₹ ૩૯,૦૦૦/- સુપ્રતિની તા.& સમય: ૧૧/૧૦/૨૪ના ૧૫ ક. સુધી. ખુલવાની તા & સમય: ૧૧/૧૦/૨૪ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0525

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**ઈલેક્ટ્રિકલ વર્ક**

સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮ ટેન્ડર નંબર 81245933 આમંત્રિત કરે છે જે ૮-૧૦-૨૦૨૪એ ખુલ્લા કરવામાં આવશે. કાર્યનું નામ: ઈલેક્ટ્રિક પોઈન્ટ મશીન રોટરી લોકિંગ ટાઈપ, હાઈ થ્રસ્ટ ૨૨૦ એમએમ થ્રો, એસી ઈમ્યુનિટી ૧૬૦વી એસી, નોન ટ્રેલેબલ ટુ ઓપરેટ ઓન ૧૧૦વી ડીસી કમ્પલીટેડ વીથ લોક ડીટેક્ટર સ્લાઈડ સંખ્યા: ૬૦ નંબર કાર્યનો અંદાજિત ખર્ચ: રૂ. ૭૨,૯૨,૪૦૦/- ઈએમડી: રૂ. ૧,૪૫,૮૫૦/- ઈ-ટેન્ડર ડોક્યુમેન્ટ્સને આપવાનું બંધ કરવાની તારીખ: ૮-૧૦-૨૦૨૪એ સવારે ૧૧.૦૦ કલાકે. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ૮-૧૦-૨૦૨૪એ સવારે ૧૧.૦૦ કલાકે. ટેન્ડર વેબસાઈટ http://www.ireps.gov.in પર જોઈ શકાશે. 0526

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**મટેરિઅલ મેનેજમેન્ટ વિભાગ**

**વિવિધ મટેરિઅલ્સ સપ્લાય**

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નં. S/૪૯/૨૦૨૪ તા- ૦૬.૦૯.૨૦૨૪**

| ક્ર.નં. | આઈટમનું ટૂંકું વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|
| ૬૧૨ | મેઈન કોમ્પ્રેસર (ઓઈલ લ્યુબ્રિકેટેડ) | ૬૦ નં. | ૩-૧૦-૨૪ |
| ૬૧૩ | સિલિકોન રેક્ટિફાયર બ્લોક | ૨૨ સેટ | ૩-૧૦-૨૪ |
| ૬૧૪ | આર્નો કન્વર્ટર | ૨૦ નં. | ૭-૧૦-૨૪ |
| ૬૧૫ | આયસોલેટીંગ કોક માટે કીટ | ૨૩૮૪ સેટ | ૭-૧૦-૨૪ |
| ૬૧૬ | ઈલાસ્ટીક રેલ સ્લીપ્સ (ERC-J ટાઈપ) RDSO DRG નં. T-૮૨૫૮ | ૫૦૦૦૦૦ નં. | ૭-૧૦-૨૪ |
| ૬૧૭ | ICF કોચેસ માટે બ્રેક ગીયર બુશ | ૨૩૫૫૯૬ નં. | ૧૪-૧૦-૨૪ |
| ૬૧૮ | ઈલેક્ટ્રોનિક રેક્ટિફાયર કમ રેગ્યુલેટર | ૪૦ નં. | ૧૪-૧૦-૨૪ |
| ૬૧૯ | એન્કર લિંક માટે સાયલન્ટ બ્લોક | ૧૧૮૪૭ નં. | ૧૪-૧૦-૨૪ |
| ૬૨૦ | ૧૧૦ વોલ્ટસ બ્રશલેસ DC ફેન ફિક્સ્ટ ટાઈપ | ૪૦૮૮ નં. | ૧૫-૧૦-૨૪ |
| ૬૨૧ | LP-HP સિલિન્ડર નોર બ્રેમસે કોમ્પ્રેસરનો સેટ | ૩૧૦ સેટ | ૧૫-૧૦-૨૪ |
| ૬૨૨ | નોર-બ્રેમસે કોમ્પ્રેસર માટે LP-HP વાલ્વની સેટ | ૧૪૯ સેટ | ૨૧-૧૦-૨૪ |
| | **રિવર્સ ઓક્શન** | | |
| ૪૮ | અન-ઈન્સ્યુલેટેડ કેટમિયમ કોપર કેટેનરી વાયર ૧૨૫ ચો.મી.મી. | ૧૪૫ કીમી | ૦૪-૧૦-૨૪ |

વિગતવાર નોટીસ બારડી, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.inની મુલાકાત લો. 0523

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


# વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૫૫૩નું અને ચાંદીમાં ₹ ૧૮૫૮નું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત શુક્રવારે અમેરિકાના રોજગારીના ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવતા આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર આવતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોના અને ચાંદીના ભાવ દબાણ હેઠળ આવ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા ધોરણે ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો. આમ સ્થાનિક ઝવેરી બજારમાં આજે સપ્તાહના અંતના વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૫૧થી ૫૫૩નું અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૮૫૮નું ગાબડું પડ્યું હતું.

આજે .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૮૫૮ના ગાબડાં સાથે રૂ. ૮૧,૪૮૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૫૧ ઘટીને રૂ. ૭૧,૦૯૨ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૫૩ ઘટીને રૂ. ૭૧,૩૭૮ના મથાળે રહ્યા હતા. અમેરિકા ખાતે ગત ઑગસ્ટ મહિનામાં બેરોજગારીમાં વધારો બજારની અપેક્ષા કરતાં ઓછો થયો હતો, પરંતુ બેરોજગારીનો દર ૪.૨ ટકાના સ્તરે રહ્યો હતો જે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેટલો પર્યાપ્ત ન હોવાથી ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. તેમ જ આજે લંડન ખાતે પણ સત્રના આરંભે નરમાઈનો અન્ડરટોન જળવાઈ રહેતાં હાજરમાં ભાવ આગલા બંધ આસપાસની ઔંસદીઠ ૨૪૯૯.૦૬ ડૉલર આસપાસના મથાળે ટકેલા હતા અને વાયદામાં ભાવ ઘટ્યા મથાળેથી ૦.૧ ટકા વધીને ૨૫૨૭.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ઘટ્યા મથાળેથી ૦.૮ ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૨૮.૧૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આગામી ૧૭-૧૮ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કેટલો કાપ મૂકશે તેનો આધાર આગામી બુધવારે જાહેર થનારા અમેરિકાના ઑગસ્ટ મહિનાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અને ગુરવારે જાહેર થનારા પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ પર અવલંબિત રહે તેમ હોવાથી આજે ટ્રેડરોએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવ્યુ હોવાનું કેસીએમ ટ્રેડના ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવતા ઉમેર્યું હતું કે જો કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અથવા તો ફુગાવામાં અપેક્ષા કરતાં વધુ ઘટાડો જોવા મળે તો સોનામાં મજબૂત વલણ જોવા મળી શકે તેમ છે, પરંતુ ડૉલરની મજબૂતી શક્યતઃ સોનાની તેજીમાં અંતરાય પણ બની શકે છે. જોકે, અમારા મતે હાલ સોનામાં ઔંસદીઠ ૨૪૭૦થી ૨૪૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

## બજાજ હાઉસિંગ ફાઈનાન્સનું ભરણું છલકાયું

મુંબઇ: બજાજ હાઉસિંગ ફાઇનાન્સની રૂ. ૬,૫૬૦ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સોમવારે બિડિંગ માટે ખુલ્યાના કલાકોમાં જ સંપૂર્ણ સબ્સ્ક્રાઇબ થઈ ગઈ હતી. નોન ઇન્સ્ટિટ્યુશનલ ઇન્વેસ્ટર્સનો હિસ્સો ૨.૨૯ ગણો ભરાયો હતો, જ્યારે રિટેલ ઇન્વેસ્ટર્સનો ક્વોટા ૯૭ ટકા સબસ્ક્રાઇબ થયો હતો. ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યૂશનલ બાયર્સની શ્રેણીને બે ટકા સબસ્ક્રિપ્શન મળ્યું છે.

## સ્ટાર હાઉસિંગ ફાઈનાન્સની એયુએમ ₹ ૫૦૦ કરોડ

મુંબઈ: નાની રકમની લોનમાં વિશેષતા ધરાવતી રિટેલ કેન્દ્રિત હાઉસિંગ ફાઇનાન્સ કંપની, સ્ટાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડે રૂ. ૫૦૦ કરોડની એસેટ અંડર મેનેજમેન્ટ હાંસલ કરી છે. કંપની મુખ્યત્વે ટાયર ટુ અને ટાયર થ્રી ટાઉન તેમજ અર્ધ-શહેરી વિસ્તારોમાં કાર્યરત છે અને આર્થિક રીતે નબળા વિભાગ અને ઓછી આવકના સેગમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરીને ૫૦૦૦થી વધુ પરિવારોને લોન આપી છે.

## જેએસડબલ્યુ ઈન્ફ્રાની કેપેક્સ ₹ ૨,૩૫૯ કરોડ

નવી દિલ્હી: જેએસડબલ્યુ ગ્રૂપની ફર્મ જેએસડબલ્યુ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડે તેના જયગઢ અને ધરમતર બંદર પર ક્ષમતા વિસ્તરણ માટે રૂ. ૨,૩૫૯ કરોડનું મૂડીખર્ચ મંજૂર કર્યું છે. કંપનીની ૨૦૩૦ની વૃદ્ધિ યોજનાના ભાગરૂપે ૧૭૦ મિલિયન ટન પ્રતિ વાર્ષિક (એમટીપીએ)ની હાલની ક્ષમતા વધારીને ૪૦૦ એમટીપીએ સુધી લઇ જવા ધારે છે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**K.E.M. હોસ્પિટલ**

**ઈ-પ્રોક્યોરમેન્ટ ક્વોટેશન નોટિસ**

**KEM/૬૭/MST/૨૪ (ઈ-ટેન્ડર)**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચેના ઓનલાઈન ઈ-ટેન્ડરો મંગાવે છે. ટેન્ડરો કોપી ક્વોટેશન-અન્ય સેક્શન હેઠળ BMCના પોર્ટલ (http://www.mcgm.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે. જો કે, બિડ માત્ર મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) દ્વારા આમંત્રિત કરવામાં આવશે.

| ક્ર. નં. | વર્ણન | ઈ-ક્વોટેશન સ્ક્રુટીની ફિ. રૂ. | બારડી | ઓનલાઈન બીડ ડાઉનલોડિંગની પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિની અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧. | "BMCના K.E.M. હોસ્પિટલ માટે ટેબ પેનાપ્રોઝલ ૪૦ મિગ્રા. (૧૦૦૦૦૦ સ્ટ્રીપ્સ)ની ખરીદી." ઈ-ટેન્ડર ID- ૨૦૨૪_MCGM_૧૦૮૧૨૮૪-૧ | ૧૩૨૦ + ૧૮% GST | ૨૦,૦૦૦ | ૧૧.૦૯.૨૦૨૪ સાં. ૧૫.૦૦ ક. | ૨૦.૦૯.૨૦૨૪ સાં. ૧૫.૦૦ ક. |
| ૨. | "BMCના K.E.M. હોસ્પિટલના PCR એમ્પ્લીફિકેશન ક્ટ્સિ મીરો બાયોલોજી વિભાગની ખરીદી." ઈ-ટેન્ડર ID- ૨૦૨૪_MCGM_૧૦૮૧૨૮૦_૧ | ૧૩૨૦ + ૧૮% GST | ૨૦,૦૦૦ | ૧૧.૦૯.૨૦૨૪ સાં. ૧૫.૦૦ ક. | ૨૦.૦૯.૨૦૨૪ સાં. ૧૫.૦૦ ક. |
| ૩. | "BMCના K.E.M. હોસ્પિટલ માટે IVF રિંગર લેક્ટેટ ૫૦૦ મીલી (૧૮૧૦૦ બોટ)ની ખરીદી." ઈ-ટેન્ડર ID- ૨૦૨૪_MCGM_૧૦૮૧૨૬૭_૧ | ૧૩૨૦ + ૧૮% GST | ૨૦,૦૦૦ | ૧૧.૦૯.૨૦૨૪ સાં. ૧૫.૦૦ ક. | ૨૦.૦૯.૨૦૨૪ સાં. ૧૫.૦૦ ક. |

બિડર્સે નોંધ લેવી જોઈએ કે પેકેટ "A" અને "B" ખોલ્યા પછી તરત જ અને કોઈપણ વોર્ડ સિટિઝન ફેસિલિટેશન સેન્ટર (CFC)માં પેકેટ "C" ખોલતા પહેલા મેડિકલ સ્ટોર, KEM હોસ્પિટલમાંથી ચલણ એકત્રિત કરીને સ્ક્રુટિની ફી ચૂકવવાની રહેશે. ઉપરોક્ત સ્ક્રુટીની ફીમાં સુધારો કરવાના કિસ્સામાં, બિડરોએ સુધારેલી સ્ક્રુટીની ફી ચૂકવવી પડશે.

ટેન્ડર દસ્તાવેજ આ ટેન્ડર સૂચના સાથે BMC પોર્ટલ (http://portal.mcgm.gov.in) પર ઉપલબ્ધ છે. જોકે, બિડ મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) દ્વારા આમંત્રિત કરવામાં આવશે. ટેન્ડરરે નોંધ લેવી જોઈએ કે આ ટેન્ડર નોટિસ અંગે ઈશ્યૂ કરવામાં આવેલ કોઈપણ સુધારો ફક્ત મહાટેન્ડરની વેબસાઈટ અને BMC પોર્ટલ પર જ પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારો પ્રકાશિત કરવામાં આવશે નહીં.

સહી/-
ડીન
K.E.M. હોસ્પિટલ

PRO/1218/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ**

**ટેન્ડર નં. FB/W/ ૭૮૫ તા. ૬-૯-૨૦૨૪**

**(ટેન્ડર ID: ૨૦૨૪_MCGM_૧૦૮૧૫૨૭)**

બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર નીચે મુજબ ઓનલાઈન ટેન્ડર મંગાવે છે. ટેન્ડર કોપી ''ટેન્ડર'' સેકસન હેઠળ NICના પોર્ટલ (https://mahatenders.gov.in) માંથી ડાઉનલોડ કરી શકાશે. તમામ ઈચ્છુક વેન્ડર્સ જેઓ BMCમાં રજીસ્ટર્ડ હોય કે રજીસ્ટર્ડ ન હોય ઈ-ટેન્ડરીંગ પ્રોસેસ માટે BMC સાથે રજીસ્ટર થવું ફરજીયાત છે. ઉપર દર્શાવેલ 'ઈ-પ્રોક્યોરમેન્ટ'' પોર્ટલ પર ઓનલાઈન બીડીંગ પ્રક્રિયામાં સહભાગી થવા ક્રેડેન્શીયલ્સ લોગ ઈન કરો.

રજીસ્ટ્રેશન માટે ડીજીટલ સીગ્નેચર સર્ટીફાઈડ અને યુઝર મેન્યુઅલના એનરોલમેન્ટ માટે કૃપયા ઈ-ટેન્ડરીંગ ટેબમાં આપેલ સંબંધીત લીંકસ રીફર કરો.

વેન્ડર્સ, સર્ટીફાઈંગ સત્તાઓ જેવી કે સેફ સ્ક્રીપ્ટ, IDRBT, નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર, TCS, કસ્ટમ્સ, MTNL, GNFC અને ઈ-મુદ્રા CAના કંટ્રોલર દ્વારા લાયસન્સ અપાયેલ સર્ટીફાઇંગ ઓથોરીટીઝ (CA's)ના કોઈપણ એક પાસેથી ડીજીટલ સીગ્નેચર મેળવી લે. BMCએ આ અંગે વેન્ડર્સને મદદરૂપ થવા CPD ઓફીસ ખાતે હેલ્પડેસ્ક પણ ખોલેલ છે. ટેકનીકલ અને કોમર્સીયલ બીડસ નીચે દર્શાવેલ પાકતી તારીખ અને સમય સુધી ઓનલાઈન સુપ્રત કરવા.

| અ. ક્ર | વર્ણન | બારડી (રૂા.) | ટેન્ડર સ્ક્રુટીની ફી (રૂા.) | બીડસના ડાઉનલોડીંગ માટે પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિ માટે પાકતી તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | મુંબઈ ફાયર બ્રિગેડના સ્પેસીફીકેશનો મુજબ ૪x૨, BS VI સ્ટેજ II-A (યુરો-૬) ચેસીસ પર માઉન્ટ કરવામાં આવનાર હાઈ પ્રેશર લાઈટીંગ વેનની ડીઝાઈન, ફેબ્રીકેશન અને સપ્લાય - ૪ નં. | રૂા.૧૪,૪૫,૦૦૦/- | ૧૬,૫૦૦/- +૨,૯૭૦/- (૧૮% GST) = રૂ. ૧૯,૪૭૦/- | ૧૦.૦૯.૨૦૨૪ ૧૧ ક. થી | ૦૩.૧૦.૨૦૨૪ ૧૬ ક. સુધી |

પ્રી-બીડ મિટિંગ ૨૦.૦૯.૨૦૨૪ના બ. ૩.૦૦ કલાકે યોજાશે જેનું સ્થળ D.M.C. (ફીન)ની ઓફિસ, ૪થો માળ, મ્યુનિસિપલ હેડ ઓફિસ એનેક્સ બિલ્ડિંગ, મ્યુનિસિપલ સભાગૃહ માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૧ ખાતે છે.

ટેન્ડરરે ઉપર દર્શાવ્યા મુજબના ટેન્ડર સ્ક્રુટીની ફી **પેકેટ A&Bના ખુલ્યા પછી અને પેકેટ Cના ખુલ્યા પહેલાં** ચૂકવવી જોઈશે તમામ ટેન્ડરરે BMC પ્રક્રિયા અનુસાર બારડી માત્ર ઓનલાઈન ચૂકવવી જરૂરી છે.

સહી/-
ચીફ ફાયર ઓફિસર
મુંબઈ ફાયર બ્રિગેડ

PRO/1223/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**AE/E/૧૧૨૪૫/SWM/તા. ૦૯.૦૯.૨૦૨૪**

બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કમિશનર લાયક બિડરો પાસેથી આઈટમ રેટ ધોરણે નીચેના કામો માટે ઓનલાઈન ઈ-ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય ટેન્ડર્સ સેક્શન હેઠળ MCGMની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં વર્ણવેલ છે.

**હિતની અભિવ્યક્તિ**

| | | |
|---|---|---|
| વિભાગ: | આસી. એન્જિ. (SWM) E વોર્ડ. | |
| વિષય: | 'E' વોર્ડમાં હાઉસ ગલ્લીની સફાઈ હેઠળ NGO સંસ્થાનું હાયરીંગ (EOI) | 'E' વોર્ડમાં SMPA વિસ્તારમાં સફાઈ હેઠળ NGO સંસ્થાનું હાયરીંગ (EOI) |
| સ્ક્રુટીની ફી | રૂ. ૩૩૦૦ + ૧૮% GST = (રૂ. ૩૮૯૪) | રૂ. ૫૫૦ + ૧૮% GST = (રૂ. ૬૪૯) |
| બીડ પ્રારંભ: | તારીખ: ૧૦/૦૯/૨૦૨૪, સમય - સ. ૧૦.૦૦ | |
| બીડ સમાપ્તિ: | તારીખ: ૨૦/૦૯/૨૦૨૪, સમય - બ. ૧૩.૦૦ | |
| MCGM પોર્ટલ: | http://portal.mcgm.gov.in | |
| સંપર્ક વ્યક્તિ: | A.E. (SWM) E વોર્ડ | |
| a) નામ: | શ્રી રંજન સી. બાગવે | |
| b) સંપર્ક નં. (ઓફિસ): | ૯૮૬૭૩૧૯૪૪૪ | |
| c) ટેલિફોન નં.: | - | |
| d) ઈ-મેલ સરનામું: | ae01e.swm@mcgm.gov.in | |

ટેન્ડરની વધુ વિગતો માટે ઈચ્છુક ટેન્ડર્સે મ્યુનિસિપલ વેબસાઈટ http://portal.mcgm.gov.inની મુલાકાત લેવી પડશે.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ/કુરિયર દ્વારા જારી કે પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
આસી. એન્જિ. (SEM) E વોર્ડ

PRO/1224/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નંબર | ૨૦૨૪_MCGM_૧૦૭૭૫૯૧ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | **B વોર્ડમાં યુસુફ મહેરાલી રોડ બીટ નં. ૨૨૪ ખાતે ફૂટપાથનું સમારકામ.** |
| સ્ક્રુટીની ફી | રૂા. ૬,૬૦૦/- +૧૮% GST |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | રૂા. ૩૯,૮૨,૩૨૬.૨૧/- |
| બિડ સુરક્ષા ડિપોઝિટ / બારડી | રૂા. ૮૦,૦૦૦/- |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૧૦/૦૯/૨૦૨૪ ૧૨:૦૦ ક. સુધી |
| ટેન્ડરની વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૧૯/૦૯/૨૦૨૪ ૧૨:૦૦ ક. સુધી |
| પેકેટ A, B & Cની સુપ્રતિ ઓનલાઈન & બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ | ૧૯/૦૯/૨૦૨૪ ૧૨:૦૦ ક. સુધી |
| પ્રી-બીડ મીટિંગની તારીખ | --- |
| પેકેટ A ખુલશે | ૨૦/૦૯/૨૦૨૪ ૧૨:૦૦ ક. સુધી |
| પેકેટ B ખુલશે | ૨૦/૦૯/૨૦૨૪ ૧૨:૧૦ ક. સુધી |
| પેકેટ C ખુલશે | ૨૩/૦૯/૨૦૨૪ ૧૨:૦૦ ક. સુધી |
| સંચાર માટેનું સરનામું | આસિસ્ટન્ટ કમિશનર "B" વોર્ડ, BMC "B" વોર્ડ, ૧૨૧, રામચંદ્ર ભટ્ટ માર્ગ, ડોંગરી, મુંબઈ-૪૦૦૦૦૯ની ઓફિસ. ફોન નં. ૦૨૨-૨૩૭૩૬૭૯૯ ફેક્સ નં. ૦૨૨-૨૩૭૧૪૬૬૪ ઈમેલ-ID: aemaint01.b@mcgm.gov.in |
| બીડ ખોલવા માટેનું સ્થળ | એક્ષીક્યુટીવ એન્જિનિયર "B" વોર્ડની ઓફિસમાં ઓનલાઈન |
| URL માટે વેબસાઈટ | https://mahatenders.gov.in/nicgep/app |

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરપાત્ર નથી.**

BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
આસિસ્ટન્ટ કમિશનર "B" વોર્ડ

PRO/1220/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**કાર્ડથી પેમેન્ટ કરો છો?**

# ૨,૦૦૦થી ઓછા મૂલ્યના વ્યવહાર પર ૧૮ ટકા જીએસટી વસૂલવાની વિચારણા

મુંબઈઃ ડેબિટ કે પછી ક્રેડિટ કાર્ડનો વપરાશ પેમેન્ટ ચૂકવવા માટે કરનારાઓએ હવે વધારાની ફી ભરવાની તૈયારી રાખવી પડશે. તેને આધારે બે હજાર સુધીના પેમેન્ટ પર ૧૮ ટકા જીએસટી લગાવવાની તૈયારી કેન્દ્ર સરકાર કરી રહી છે.

૨૦૧૬માં નોટબંધીનો નિર્ણય લીધા બાદ સરકારે પેમેન્ટ એગ્રીગેટર કંપનીઓને વેપારીઓ દ્વારા થતા ઓછા મૂલ્યના વ્યવહાર પર ટેક્સ લગાવવા પર રોક લગાવી હતી. આને કારણે બે હજાર રૂપિયાથી ઓછા મૂલ્યના વ્યવહાર પર કોઇ પણ ફી વસૂલવામાં આવતી નહોતી. આથી જ ડિજિટલાઈઝેશનને પ્રતિસાદ મળ્યો (જુઓ પાનું ૪) ▸▸

## ઓછા મૂલ્યવાળો વ્યવહાર ૮૦ ટકા છે

ભારતમાં ડિજિટલ પેમેન્ટનો વપરાશ મોટા પ્રમાણમાં થઇ રહ્યો છે. કુલ પેમેન્ટ પૈકી ૮૦ ટકાથી વધુ વ્યવહારનું મૂલ્ય બે હજાર રૂપિયાથી ઓછું થતું હોવાનું જાણવા મળ્યું છે. ૨૦૨૪માં યુપીઆઈ વ્યવહારનું પ્રમાણ ૫૭ ટકા વધીને ૧૩૧ અબજથી પણ વધી ગયું છે. દેશભરમાં થતા કુલ ડિજિટલ પેમેન્ટમાં યુપીઆઈનો શેર ૮૦ ટકાથી વધુ છે. ■

## હેલ્થ ઈન્સ્યુરન્સને જીએસટીમાંથી મુક્ત કરાય એવી શક્યતા

હેલ્થ ઈન્સ્યુરન્સ ભરતા ગ્રાહકો માટે રાહતના સમાચાર છે. જીએસટી કાઉન્સિલની બેઠકમાં હેલ્થ ઈન્સ્યુરન્સ યોજના પર વસૂલવામાં આવતી જીએસટીમાંથી બાદ કરવામાં આવશે. હેલ્થ ઈન્સ્યુરન્સનું વધતા જતા મહત્ત્વને ધ્યાનમાં લઈને ૧૮ ટકા વસૂલવામાં આવતી જીએસટી ઘણી વધારે હોવાનો મત તમામ રાજ્યોએ વ્યક્ત કર્યો હતો. આ ટેક્સ ઓછો કરવામાં આવે તો વીમા કંપનીઓ કે પછી સરકારની મહેસૂલમાં ઘટાડો ન થાય એ માટે અન્ય કોઇ ઉપાય સૂચવવામાં આવે એ માટે પણ વિચારવિનિમય ચાલી રહ્યો છે. જીએસટીના હાલમાં ચાર સ્તર છે. આ સ્તરની રચના વધુ તર્કસંગત કેવી રીતે કરવી તેની પણ વિચારણા ચાલી રહી છે. ■

# જાહેરમાં લૂગડાં ન ધુઓ

## અમિત શાહની ભાજપના નેતાઓને તાકીદ

મુંબઈઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે રવિવારે મહાયુતિના નેતાઓને જાહેર વિવાદો ટાળવા અને મહાયુતિના કૌભાંડો પ્રકાશમાં ન આવવા દેવાની સલાહ આપી હતી. અમિત શાહે રવિવારે રાત્રે ભાજપની વિધાનસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા પણ કરી હતી. સૂત્રોએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું હતું કે શાહે લોકસભાની ચૂંટણીમાં નિષ્ફળતા તરફ દોરી ગયેલી ભૂલોને ટાળવાની સૂચના ભાજપના પદાધિકારીઓને આપી હતી.

શાહ મુંબઈની બે દિવસની મુલાકાતે આવ્યા હતા અને રવિવારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર (જુઓ પાનું ૪) ▸▸

## સર્વેક્ષણે ઉડાવી ભાજપની ઊંઘ

### મહાયુતિને ૨૮૮માંથી ફક્ત ૧૨૩ બેઠક મળવાનો અંદાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપના ભૂતપૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ અને ચૂંટણીના ચાણક્ય ગણાતા અમિત શાહે પોતાની બે દિવસની મુંબઈ મુલાકાત વખતે ભાજપના પદાધિકારીઓને આગામી વિધાનસભાની ચૂંટણીને અત્યંત ગંભીરતાથી લેવાની સલાહ આપી હતી. આ અંગેનું કારણ શોધવાનો પ્રયાસ કરતાં એવું જાણવા મળ્યું હતું કે અમિત શાહ પાસે રાજ્ય વિધાનસભાની ચૂંટણીના સર્વેક્ષણનો ખાનગી અહેવાલ આવ્યો છે અને તેને કારણે ભાજપની ઊંઘ ઊડી ગઈ છે. અમિત શાહે રાજ્યના ભાજપના નેતાઓને આ સ્થિતિ બદલવા માટે કમર કસવાની તાકીદ કરી છે. તાજેતરમાં થયેલા એક સર્વેક્ષણ મુજબ રાજ્યની ૨૮૮ બેઠકમાંથી મહાયુતિને ફક્ત ૧૨૩ બેઠક મળવાની સંભાવના છે, જ્યારે મહાવિકાસ આઘાડીને ૧૫૦-૧૫૨ બેઠકો સાથે સ્પષ્ટ બહુમતી મળવાની શક્યતા વ્યક્ત થઈ છે.

રાજ્યના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, (જુઓ પાનું ૪) ▸▸




## ભાજપના પ્રદેશ અધ્યક્ષ બાવનકુળેના પુત્રની કારે અનેક વાહનોને ટક્કર મારીઃ બેની ધરપકડ

નાગપુરઃ ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેના પુત્ર સંકેતના માલિકીની ઑડી કારે રવિવારની મધરાતે નાગપુરના રામદાસપેઠ વિસ્તારમાં અનેક વાહનોને ટક્કર મારી હોવાની ઘટના બનતાં પોલીસે કારના ડ્રાઈવર સહિત બેની ધરપકડ કરી હતી.

સિતાબુલદી પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા મુજબ ઑડી કારે મધરાતે એક વાગ્યાની આસપાસ સૌપ્રથમ ફરિયાદી જિતેન્દ્ર સોનકાંબળેની કારને ટક્કર મારી હતી, જેમાં હાજર બે જણ ઘવાયા હતા. બાદમાં ઑડી કારે માનકાપુર વિસ્તાર તરફનાં અમુક વાહનોને ટક્કર મારી હતી. પછી ટી. પૉઈન્ટ પાસે ઑડીએ પોલો કારને અડફેટે લીધી હતી. પોલો કારના ડ્રાઈવરે પીછો કરી ઑડી કારને માનકાપુર બ્રિજ નજીક રોકી હતી.

ઘટના બાદ કારમાં હાજર સંકેત બાવનકુળે સહિત ત્રણ જણ ત્યાંથી પસાર થઈ ગયા હતા. ઘટના સમયે કાર ચલાવી રહેલા અર્જુન હાવરે અને રોનિત ચિત્તમવારને પોલો કારમાં હાજર લોકોએ રોકી લીધા હતા અને પછી (જુઓ પાનું ૪) ▸▸




## 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ' કુટુંબ મુલાકાત ઝુંબેશ આજથી શરૂ

### એકનાથ શિંદે પોતે ૧૫ પરિવારોને મળશે અને વાતચીત કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સરકારની ૧૦ મહત્ત્વની યોજનાઓની માહિતી આપવા માટે રાજ્યમાં ૧૦મી સપ્ટેમ્બર ૨૦૨૪થી મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ કુટુમ્બ મુલાકાત ઝુંબેશ શરૂ કરવામાં આવશે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ૧૫ પરિવારોને મળીને ઝુંબેશની શરૂઆત કરશે. (જુઓ પાનું ૪) ▸▸

## પુણેને સમૃદ્ધિ મહામાર્ગ સાથે જોડવામાં આવશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે પુણેના રહેવાસીઓ માટે મહત્વની જાહેરાત કરી છે. શિંદે સરકારે કેબિનેટની બેઠકમાં નિર્ણય લીધો છે કે સમૃદ્ધિ મહામાર્ગને પુણે સાથે જોડવામાં આવશે. આ યોજના હેઠળ, પુણે અને શિરુર વચ્ચે ૫૩ કિલોમીટર લાંબો છ-લેનનો ફ્લાયઓવર પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે જે અહેમદનગર અને છત્રપતિ સંભાજીનગર થઈને સમૃદ્ધિ હાઈવે સાથે જોડાશે. આ નવો (જુઓ પાનું ૪) ▸▸







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**